MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૧૭-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતનું મહત્વપૂર્ણ નિવેદન

‘આતંકવાદને પ્રોત્સાહન આપી રહેલ દેશને પણ સબક શીખવાડવાની જરૂર’

૯/૧૧ હુમલા બાદ અમેરિકાએ જે રીતે પગલા ભર્યા તે હવે આપણે ઉપાડવાની જરૂર

ન્યુ દિલ્હી

દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે ભારતમાંથી આતંકવાદને નાબૂદ કરવા અમેરિકાની નીતિઓ અપનાવવા હિમાયત કરી છે. તેમનું માનવુ છે કે ૯/૧૧ના આતંકી હુમલા બાદ અમેરિકાએ જે નીતિઓ અપનાવીને અમેરિકાને સુરક્ષિત બનાવ્યું એવું જ ભારતે પણ આંતકવાદના મામલે કરવુ પડશે. તેઓ અત્રે આયોજિત રાયસીના ડાયલોગ કાર્યક્રમમાં બોલી રહ્યાં હતા.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ રાવતે દેશને યાદ અપાવ્યું કે કહ્યું કે આતંકવાદની વિરુદ્ધનું યુદ્ધ હજી પુરુ થયું નથી. જ્યાં સુધી તેના જડ સુધી પહોંચવામાં ન આવે ત્યાં સુધી આપણે તેને ત્યાં સુધી ચાલુ રાખવું પડશે. આપણે આતંકવાદને ખત્મ કરવા માટે એ રીતે પ્રયત્ન કરવા પડશે, જે રીતે અમેરિકાએ ૯/૧૧ની ઘટના બાદ કર્યા હતા. આપણે બધાએ તેની વિરુદ્ધ વૈશ્વિક યુદ્ધ શરૂ કરવું પડશે. આતંકવાદીઓને અલગ કરવા પડશે. જે દેશ તેને પ્રોત્સાહન આપી રહ્યાં છે, તેને પણ સબક શીખવાડવો પડશે. આતંકવાદના ખાત્માની સાથે જ આતંકવાદીઓની સાથે એવા લોકોને પણ અલગ કરવાની જરૂર છે જે આતંકવાદને ફન્ડિગ કરે છે અથવા તેમનો બચાવ કરે છે. તેમને પણ સજા આપવી પડશે.

પાકિસ્તાનનું નામ લીધા વગર રાવતે કહ્યું આતંકી પ્રવૃતિઓ લાંબા સમયથી ચલાવવામાં આવી રહી છે અને કોઈ ખાસ દેશ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

કેટલાક દેશ આતંકવાદીઓને ધન-હથિયાર આપી રહ્યાં છે, જેથી આતંકવાદ ખત્મ થઈ રહ્યો નથી



તે આતંકીઓનો યુદ્ધ માટે ઉપયોગ કરી રહ્યાં છે. તેઓ હથિયાર અને ધન ઉપલબ્ધ કરાવી રહ્યાં છે. આ કારણે ભારત આતંકવાદ પર કાબુ મેળવવામાં સફળ થઈ રહ્યું નથી, આપણે તેની વિરુદ્ધ કાર્યવાહી કરવી પડશે.

તેમણે એ પણ કહ્યું કે મને લાગે છે કે એવા દેશને ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવે તે એક મહત્વપૂર્ણ પગલું હોઈ શકે છે અને સાથે જ તેમને સ્ટ્રેટેજીથી વેરવેખર કરવા પણ જરૂરી છે. એફએટીએફએ પાકિસ્તાનને ગત વર્ષે આતંકીઓ પર ઉચિત કાર્યવાહી ન કરવાના કારણે ગ્રે લિસ્ટમાં મૂક્યું હતું. જો પાકિસ્તાનને બ્લેકલિસ્ટ કરવામાં આવશે તો તેને વિશ્વ બેંક સહિત અન્ય દેશોમાંથી પણ નાણાંકીય મદદ મળી પણ શકશે નહિ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપવા માટે કરારની જરૂર છે, પરંતુ જો તમે કરાર કરવા માગો છો તો તમારે શાંત સુનિશ્ચિત કરવી પડશે. કાર્યક્રમમાં એક સવાલના જવાબમાં સીડીએસે જણાવ્યું હતું કે, તેવા લોકોની ઓળખ કરીને કાર્યવાહી કરવાની જરૂર છે જે લોકોને કટ્ટર બનાવે છે. સ્કૂલ, યુનિવર્સિટીથી લઈને ધાર્મિક સ્થળો સુધીમાં કટ્ટરપંથીના પાઠ ભણવવામાં આવે છે તેને રોકવાની જરૂર છે.

અત્રે જણાવીએ કે અલ-કાયદા નામના ઈસ્લામિક આતંકી સંગઠને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર નામના બે ટાવર પર વિમાન દ્વારા હુમલો કરીને અંદાજે ૩ હજાર કરતાં વધુ નિર્દોશ લોકોને મારી નાંખ્યા હતા. આ ઘટના ૯-૧૧ તરીકે ઓળખાય છે. તે પછી અમેરિકાએ અલકાયદાનો

અનુસંધાન પાના નં. ૮

પીએમ મોદીએ કોઝિકોડમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ કર્યું

આતંકવાદ મુક્ત દુનિયા માટે ભારત આશાનું કિરણ : પીએમ મોદી



પીએમ મોદીએ આઈ. આઈ. એમમાં ગ્લોબલાઈઝિંગ ઈન્ડિયન થોટ કાર્યક્રમને પણ સંબોધ્યો

તિરૂવનંથપુરમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા આ ઈ આ ઈ એમ કોઝિકોડ(કેરળ)માં એમડીસી સંકુલ સામે સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ કર્યું છે. અહીંયા તેમણે ‘ગ્લોબલાઈઝિંગ ઈન્ડિયન થોટ’ વિષય પર સંબોધન આપતા કહ્યું કે, સદીઓથી ભારતની ધરાએ દુનિયાનું સ્વાગત કર્યું છે. જ્યાં તમામ સભ્યતાઓ સમુદ્ધ થઈ શકી નથી, તેની સામે આપણી સભ્યતા ફુલી ફાલી રહી છે કારણ કે અહીંયા શાંતિ અને સમૃદ્ધિ મળે છે. ઘૃણા, હિંસા, સંઘર્ષ અને આતંકવાદ સામે મુક્તિ મેળવવા માટે રાહ જોઈ રહેલી દુનિયાને ભારતની જીવનશૈલી આશાનું કિરણ છે. સંઘર્ષોને હિંસાની જગ્યાએ સંવાદની શક્તિથી ટાળવું એ

અનુસંધાન પાના નં. ૮

ભુવનેશ્વર-લોકમાન્ય તિલક એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ખડી પડી, ૪૦ ઘાયલ

કટક

ઓરિસાના કટક વિસ્તારમાં ગુરૂવારે સવારે ગાઢ ધૂમ્મસના પગલે મુંબઈ-ભુવનેશ્વર ટ્રેન આગળ ઊભેલી એક માલગાડી સાથે ટકરાઇ જતાં ગંભીર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૪૦ ઉતારુને નાનીમોટી ઈજા થઇ હતી.

ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. કટક પાસે આવેલા નરગુંડી રેલવે સ્ટેશને મુંબઈ-ભુવનેસ્વર લોકમાન્ય ટિળક ટ્રેને એજ ટ્રેક પર આગળ ઊભેલી એક માલગાડીને જોરદાર ટક્કર મારી દીધી હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે મુંબઈ ભુવનેશ્વર



ટ્રેનના સાત ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. સાતમાંના પાંચ ડબ્બા પૂરેપૂરા ટ્રેક પરથી ઊતરી ગયા હતા જયારે બીજા બે અર્ધાપર્ધા ઊતરી ગયા હતા.

અકસ્માતને જોવા નવરા લોકોની ભીડ ન થાય અને રાહત કાર્યમાં અડચણ ન પડે એવા હેતુથી રેલવે અધિકારીઓએ આખાય વિસ્તારને ચારે તરફથી બંધ કરી દીધા હતા.

ટ્રેન અકસ્માતને પગલે અન્ય ટ્રેનોને પણ અસર થઈ છે. કેટલીક ટ્રેનોનું શિડ્યુલ ખોરવાયું છે. લોકમાન્ય તિલક એક્સપ્રેસને હાલ પાટા પરથી ઉતારવાનું કામ ચાલી રહ્યું છે, જેને પગલે કેટલીક ટ્રેનોનો રુટ ડાયવર્ટ કરાયો છે. જેમાં ૧૨૮૮૦ એક્સપ્રેસ (ભુવનેશ્વર-એલટીટી), ૫૮૧૩૨ (પુરી-રાઉરકેલા) પેસેન્જર ટ્રેન, ૧૮૪૨૬ એક્સપ્રેસ (દુર્ગ-પૂરી), ૧૨૮૩૧ ધનબાદ-ભુવનેશ્વર રાજધાની એક્સપ્રેસ, ૬૮૪૧૩ (તાલચેર-પુરી)ને નરજથી ડાયવર્ટ કરીને આગળ મોકલવામાં આવી છે.

અમિત શાહનુ એલાનઃ બિહારમાં નીતિશકુમારના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડીશું

પટના



બિહારના વૈશાલીમાં એનઆરસી અને સીએએના સમર્થનમાં યોજાયેલા એક કાર્યક્રમાં હાજર રહેલા અમિત શાહે એક જનસભાને સંબોધન કરતા કહ્યુ હતુ કે, કોંગ્રેસે ધર્મના આધારે દેશનુ વિભાજન કર્યુ છે.સીએએને લઈને જે પણ ગેરસમજ છે તે દુર કરાશે.આ માટે ભાજપે શરુ કરેલા અભિયાનને બિહારમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, ઘુમન રાઈટના રખેવાળોને મારે કહેવુ છે કે, જે હજારો લોકોની સાથે રેપ થયા, તેમના ઘર છીનવાયા તેમની ચિંતા તમને નથી.આ સરકારના કાયદાથી તેમને ઘુમ રાઈટસ મળ્યા છે.મારે મમતા બેનરજી અને લાલુ પ્રસાદ યાદવને પૂછવુ છે કે, પછાત સમાજ અને ગરીબોએ તમારુ શું બગાડ્યુ છે. કોંગ્રેસ અને મમતા બેનરજીએ તો તોફાનો પણ કરાવ્યા છે. અમિત શાહે મોટુ નિવેદન આપતા કહ્યુ હતુ કે, બિહારમાં એનડીએ નીતિશકુમારના નેતૃત્વમાં ચૂંટણી લડશે.ભાજપ અને જેડીયુ સાથે જ છે.જેલમાં બંધ લાલુ પ્રસાદ યાદવને ભલે સીએમ બનવાના સપના આવતા હોય પણ હું કેવા માંગુ છું કે, ભાજપ અને જેડીયુનુ ગઠબંધન અતૂટ છે.

સંજય નિરૂપમ અને મિલિન્દ દેવડાની નિવેદન પાછું ખેંચવા માંગ

ઈન્દિરા ગાંધીના નિવેદન પર રાઉતનો યૂ-ટર્ન, ‘લાલાને તો તમામ નેતાઓ મળતા હતા’

ન્યુ દિલ્હી

અંડરવર્લ્ડ ડોન કરીમ લાલા અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને લઈ આપેલા નિવેદન પર રાજકારણમાં હોબાળો મચી જતા શિવસેનાના નેતા સંજય રાઉતે સ્પષ્ટતા આપવી પડી છે. તેમના નિવેદન પર કોંગ્રેસ બરાબરની ભડકતા સંજય રાઉત ઢીલ ઢફ્ફ થઈ ગયા. હવે રાઉતે નિવેદન પર સ્પષ્ટતા કરતાં કહ્યું કે તેઓ ઈન્દિરા ગાંધી અને નહેરૂની હંમેશાથી ઈજ્જત કરે છે. મુંબઈ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સંજય નિરૂપમ અને મિલિન્દ દેવડાએ રાઉતના નિવેદનને પાછું



લેવાની માંગણી કરી હતી.

સંજય રાઉતે પોતાના નિવેદન પર સ્પષ્ટતા કરતાં કહ્યું કે નહેરૂ અને ઈન્દિરા ગાંધી માટે હંમેશાથી સમ્માન છે. તેમણે આગળ કહ્યું કે કરીમ લાલા સાથે કેટલાંય નેતાઓની મુલાકાત થતી હતી. સંજય રાઉતે પોતાના નિવેદનમાં કહ્યું, અફઘાનિસ્તાનના પઠાણોના નેતા તરીકે નેતાઓની તેમની સાથે મુલાકાત થતી હતી. કરીમ લાલાની ઓફિસમાં કેટલાંય નેતાઓની તસવીરો પણ હતી. સમસ્યા જાણવા માટે કરીમ લાલાને બધા નેતા મળતા હતા.

સંજય રાઉતે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અંડરવર્લ્ડ ડોન કરીમ લાલાને મળવા જતા હતા. શિવસેના સાંસદના નિવેદનથી રાજકારણમાં હલચલ તેજ થઈ ગઈ. રાઉતના આ નિવેદનથી શિવસેના અને કોંગ્રેસની વચ્ચે તિરાડ વધતી

અનુસંધાન પાના નં. ૮

‘પોતાનું નિવેદન પાછું લે રાઉત’ : સંજય નિરૂપમ

રાઉતના નિવેદન પર સંજય નિરૂપમે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી પ્રતિક્રિયા આપતા કહ્યું કે શ્રેષ્ઠ એ રહેશે કે શિવસેનાના મિસ્ટર શાયર બીજાની હલકી-ફૂલકી શાયરી સાંભળીને મહારાષ્ટ્રનું મનોરંજન કરતા રહે. ઉલ્લેખનીય છે કે મિસ્ટર શાયર શબ્દનો ઉપયોગ સંજય રાઉત માટે કર્યો.

સંજય નિરૂપમે આગળ લખ્યું કે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીજીની વિરૂદ્ધ દુષ્પ્રચાર કરશે તો તેમને પસ્તાવું પડશે. તેમણે ઈન્દિરાજી અંગે જે નિવેદન આપ્યું છે તે પાછું લઇ લે. મુંબઈ કોંગ્રેસને બીજા પૂર્વ અધ્યક્ષ મિલિન્દ દેવડાએ પણ રાઉતને નિવેદન પાછું લેવાની માંગણી કરી. મિલિન્દ દેવડાએ ટ્વીટ કરી કે ઈન્દિરાજી સાચા દેશભક્ત હતા જેમણે દેશની સુરક્ષા સાથે કયારેય સમજૂતી કરી નથી. મુંબઈ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ તરીકે હું સંજય રાઉતને તેમની ખોટી માહિતીવાળા નિવેદનને પાછું લેવાની માંગણી કરું છું.

કાશ્મીર માટે હવે નવી પહેલ...

"આપકી સરકાર આપકે દ્વાર" હેઠળ ૩૬ મંત્રીઓ કાશ્મિર ખીણ પ્રદેશની મુલાકાત લેશે

તમામ મંત્રી ૧૮ જાન્યુઆરીથી એક સપ્તાહ માટે કાશ્મીર અને જમ્મુના અલગ અલગ સ્થળોની મુલાકાત લેશે, સ્મૃતિ ઈરાની કટરા અને રિયાસી જિલ્લામા બેઠક યોજશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે, જમ્મુ-કાશ્મિરમાં પાંચ મહિના પહેલા કલમ ૩૭૦ હટાવ્યાં બાદ અને હવે એ રાજયમાં ઈન્ટરનેટ સહિતની અન્ય સુવિધાઓ પણ ધીમે ધીમે કાર્યરત થઈ ગઇ છે ત્યારે "આપકી સરકાર આપકે દ્વાર"...ની નીતિ અપનાવીને કાશ્મિરીઓ સાથે સીધો સંપર્ક કરવાનું આયોજન કર્યું છે. જે હેઠળ અંદાજે ૩૬ મંત્રીઓ કાશ્મિરનો પ્રવાસ ખેડશે અને સરકાર તેમના પ્રત્યે સંવેદના ધરાવે છે તેવો સંદેશો અને લાગણી વ્યક્ત કરશે. અને તેમનો વિશ્વાસ મેળવવાનો પ્રયાસ કરશે.

સૂત્રોએ આ અંગે જણાવ્યું કે, જમ્મુ -કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ પહેલી વખત સ્થિતિની સમીક્ષા કરવા અને લોકો સાથે સંપર્ક વધારવા માટે મોદી સરકાર ૩૬ મંત્રીઓને આ સપ્તાહે ખીણ પ્રદેશમાં મોકલી રહી છે. મંત્રીઓનો આ પ્રવાસ ૧૮મી જાન્યુઆરી એ શરૂ થશે.

કાશ્મીર ખીણ પ્રદેશમાં માત્ર પાંચ મંત્રી જી. કિશન રેડ્ડી, રવિશંકર પ્રસાદ, શ્રીપદ નાઈક, નિરંજન જયોતિ અને રમેશ પોખરિયાલ સ્થાનિક લોકોને સંબોધિત કરશે, સાથે જ અન્ય મંત્રીઓ જમ્મુના વિવિધ જિલ્લાઓની મુલાકાત લેશે. ગત વર્ષે ૫ ઓગસ્ટે વિશેષ દરજ્જો ખતમ કર્યા બાદથી સરકાર કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય કરવામાં લાગી ગઈ છે. ૧૫ જાન્યુઆરીથી અહીંયા ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સર્વિસ શરૂ કરી દેવાઈ હતી.

જમ્મુ- કાશ્મીરના મુખ્ય સચિવ બીવીઆર સુબ્રમણ્યમે ૧૪ જાન્યુઆરીએ ગૃહ રાજ્ય મંત્રી જી. કિશન રેડ્ડીને પત્રમાં કહ્યું કે, ગૃહમંત્રી અમિત શાહની ઈચ્છા છે કેન્દ્રીય મંત્રીપરિષદના તમામ સભ્યો આ યાત્રા માટે આગળ આવે. અને પ્રવાસ કરે. આ પ્રવાસનો હેતું રાજયના લોકોને અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા કાર્યક્રમો અંગે જણાવવાનું છે. રેડ્ડી ૨૨ જાન્યુઆરીના રોડ ગાંદરબલની યાત્રા કરશે અને બીજા દિવસે મણિગમ જશે. કેન્દ્રી કાયદા મંત્રી રવિશકંર પ્રસાદ ૨૪ જાન્યુઆરીએ બારામૂલા જશે. પોખરિયાલ, નાઈક અને નિરંજન જયોતિ શ્રીનગરમાં લોકો સાથે વાતચીત કરશે.

મહિલા તથા બાલ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની ૧૯ જાન્યુઆરીએ કટરા અને રિયાસી જિલ્લા પંથલ વિસ્તારની મુલાકાત લેશે. જનરલ વીકે સિંહ ૨૦ જાન્યુઆરીએ ઉધમપુરના ટિકરી જશે. સ્પોર્ટ્સ મંત્રી કિરણ રિજિજૂ જમ્મુના સુચેતગઢ જશે.તમામ મંત્રીઓને મેઈલ કરીને વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરાયા છે અને તેમણે રાજ્યના મુખ્ય સચિવને તેમના કાર્યક્રમ વિશે સૂચિત કરવાનું કહેવાયું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ લોકો સાથે સીધી વાત કરવા માટે સરકારના આઉટરીચ કાર્યક્રમનો જ એક ભાગ છે.



અમિતાભ બચ્ચનના વેવાણ રીતુ નંદાના અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરવામાં આવ્યું.

૩૧ જાન્યુ.- ૧ ફેબ્રુઆરી દેશનાં તમામ બેંકકર્મીઓ હડતાળ પર ઉતરશે

ન્યુ દિલ્હી

ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણ માટે હાલ બજેટ સહિત અનેક બાબતોના સ્ટ્રેસની વચ્ચે આ વખતે બેંક કર્મચારીઓના વિરોધનું પણ ચેલેન્જ હશે. ૧ ફેબ્રુઆરીના રોજ જ્યારે ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં બજેટ રજૂ કરી રહ્યાં હશે, તે સમયે દેશની તમામ બેંકોના કર્મચારીઓ કામકાજ છોડીને વિરોધ પ્રદર્શન કરી રહ્યાં હશે. બેંક યુનિયનોએ એકવાર ફરીથી ૩૧ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી સુધી હડતાળ કરવાનો નિર્ણય લઈ લીધો છે.

બેંક યુનિયનના મહાસચિવ સીએચ વેંકટચેલમે જણાવ્યું કે, અમે ૩૧ જાન્યુઆરી, ૧ ફેબ્રુઆરી, ૧૨-૧૩ અને ૧૪ માર્ચના રોજ હડતાળનું આહવાન કર્યું છે અને ૧ એપ્રિલથી અનિશ્ચિતકાળની હડતાળનું આહવાન કર્યું છે. અમે અઢી વર્ષથી ઈન્ડિયન બેંક એસોસિયેશન સાથે વાતચીત કરી રહ્યાં છે. ગત સમયે તેઓએ કહ્યું હતું કે, વધારો ૧૦ ટકા થઈ શકે છે અને હવે પગારમાં ૧૨.૨૫ ટકાના વધારાની વાત કરી રહ્યાં છે, જ્યારે કે અમારી માંગ ૨૦ ટકાના વધારાની છે. તેઓએ જોવુ જોઈએ કે, મોંઘવારી વધી છે અને બેંક કર્મચારીઓના માથા પર કામનો બોજો પણ વધ્યો છે. એનપીએની વસૂલાત થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, પોતાની માંગને લઈને ૮ જાન્યુઆરીના રોજ તમામ બેંક યુનિયનોએ દેશવ્યાપી હડતાળ કરી હતી. બેંક યુનિયનો સહિત દેશના લગભગ ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ ભારત બંધ કર્યું હતું. ૨૪ કલાકની અખિલ ભારતીય હડતાળમાં ૨૫ કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો. તેને કારણે મોટાભાગની સરકારી બેંકોમાં કામકાજ પર અસર પડી હતી.

વીડિયો ઉતારનારા યુવકની ધરપકડ કરાઈ

ઈરાને યુક્રેનિયન વિમાન ઉડાવ્યાની વીડિયો ક્લિપ જાહેર થઈ

તહેરાન

અમેરિકા સાથેના તનાવ દરમિયાન ઈરાને કહેવાતી ભૂલથી ૧૭૬ ઉતારુ સાથેના યુક્રેનિયન વિમાનને ઊડાવી દીધું એની એક ઠીક ઠીક ધૂંધળી વિડિયો ક્લીપ પ્રકાશમાં આવી હતી.

એક મકાનના ધાબા પરથી કોઈ ઈરાની યુવાને લીધેલી આ વિડિયો ક્લીપમાં સ્પષ્ટ દેખાય છે કે ત્રીસ સેકંડના સમયગાળામાં ઈરાને બે મિસાઈલ છોડીને યુક્રેનના વિમાનને ઊડાવી દીધું હતું. આ વિડિયો ક્લીપ ઉતારનારા મનાતા યુવાનની ઈરાની પોલીસે ધરપકડ કરી હતી. ઈરાનની વિનંતિ સ્વીકારીને યુનોના એવિયેશન ડાયરેક્ટર આ કિસ્સાની તપાસમાં સહભાગી થઈ રહ્યા હતા.

દરમિયાન, ઈરાને જેમની ધરપકડ કરવા ધારી હતી એ બ્રિટિશ રાજદૂત રોબર્ટ મેક્કેયર ઈરાનથી રવાના થઈ ગયા હતા. ગયા શનિવારે ઈરાને યુક્રેનિયન વિમાન તોડી પાડ્યું એની વિરુદ્ધ થયેલા દેખાવોમાં મેક્કેયર જોડાયા ત્યારબાદ ઈરાને તેમને અટકાયતમાં લેવાની જાહેરાત કરી હતી.

પરંતુ ઈરાન એમને પકડે એ પહેલાં મેક્કેયરે ઈરાન છોડી દીધું હતું. એ સ્વદેશ જવા રવાના થઈ ગયા હોવાની જાણકારી મળી હતી.



કોલકાતામાં ગંગાસાગર જતા ટ્રાંઝિટ કેમ્પમાં યાત્રાળુઓને સાંજનું ભોજન પીરસવામાં આવે છે.

મોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને હથિયાર મળી આવ્યા

ગણતંત્ર દિન પર હુમલો કરવાનું જૈશનું ષડ્યંત્ર નિષ્ફળ, ૫ આતંકીઓની ધરપકડ



કાશ્મીરમાં ૨ ગ્રેનેડ હુમલામાં સામેલ હતા આતંકવાદીઓ

શ્રીનગર

૨૬ જાન્યુઆરીનાં જમ્મુ-કાશ્મીરમાં એક મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાનું ષડયંત્ર રચી રહેલા જૈશ-એ-મોહમ્મદનાં ૫ આતંકવાદીઓની ગુરૂવારની સાંજે ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરની મોટી કાર્યવાહીમાં આ આતંકવાદી શ્રીનગરનાં હજરતબલ વિસ્તારમાંથી અરેસ્ટ કરવામાં આવ્યા છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક અને અન્ય સામાન પણ મળી આવ્યો છે.

મળતી જાણકારી પ્રમાણે, આતંકવાદીઓનાં એક મોટા મોડ્યૂલનો ભાંડો ફોડતા પોલીસે ગુરૂવારની સાંજે હજરતબલની પાસે આ આતંકવાદીઓની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પકડાયેલા આતંકવાદીઓ શ્રીનગરમાં ૨૬ જાન્યુઆરીની આસપાસ ફિદાયીન અથવા આઈઈડી હુમલાનું ષડયંત્ર રચી રહ્યા હતા. આ આતંકવાદીઓ પાસેથી પોલીસે ભારે પ્રમાણમાં વિસ્ફોટકો અન્ય સામાન્ય જબ્ત કર્યો છે.

પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, આ તમામ લોકો ખીણમાં જૈશ-એ-મોહમ્મદ માટે કામ કરી રહ્યા હતા. પકડાયેલા આતંકવાદીઓ ખીણમાં થયેલા ૨ ગ્રેનેડ અટેકમાં પણ સામેલ હોવાની વાત સામે આવી રહી છે. એજન્સીઓનાં અધિકારીએ આ તમામ સાથે સઘન પુછપરછ કરી છે. માનવામાં આવી રહ્યું છે કે આ આતંકવાદીઓ પાસે ખીણમાં થઈ રહેલી આતંકવાદી પ્રવૃતિઓ અને ષડયંત્રો વિશે કેટલીક મહત્વની જાણકારીઓ મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કાશ્મીરનાં કુલગામથી પણ બે આતંકવાદીઓને સેનાએ ઝડપ્યા હતા. આતંકવાદીઓની સાથે કુલગામમાં જમ્મુ-કાશ્મીર પોલીસનાં ડીએસપી દેવિંદર સિંહને પણ અધિકારીઓએ ઝડપ્યા હતા. દેવિંદર સિંહને આતંકવાદીઓની મદદ કરવાનાં આરોપમાં ધરપકડ કરવામાં આવ્યા છે અને તેમને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે.

ઉપગ્રહથી દેખરેખ છતાં જંગલમાં આગની ઘટના ત્રણ ગણી વધી

ન્યુ દિલ્હી

દેશના વન્ય ક્ષેત્રોમાં આગ લાગવાની ઘટનાઓના કારણે વન-સંપત્તિથી થતું નુકસાન રોકવા માટે ઉપગ્રહોથી સતત દેખરેખ રાખવાની ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, છતાં છેલ્લા ત્રણ વર્ષમાં જંગલોમાં આગ લાગવાની ઘટનામાં ત્રણ ઘણો વધારો થયો છે. જંગલોમાં આગ લાગવાની ઘટના પર દેખરેખ સંલગ્ન પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના આંકડા અનુસાર, ૨૦૧૬માં દેશભરમાં જંગલોમાં આગ લાગવાથી ૩૭૬૩૬ ઘટના નોંધાઈ હતી, જે ૨૦૧૮માં ૧.૧૭ લાખ થઈ ગઈ હતી.

વન ક્ષેત્ર અને વન સંપત્તિની સમીક્ષા સંદર્ભમાં મંત્રાલયે સંસદમાં ગત સપ્તાહે રજૂ કરેલા રિપોર્ટ અનુસાર, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન જંગલમાં આગ લાગવાની ઘટનામાં સૌથી વધુ વધારો ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં થયો છે. જંગલમાં આગ લાગવાી ઘટનાઓના રાજ્યવાર આંકડા જોઈએ તો ઓરિસ્સામાં ૨૦૧૬માં ૨૫૭૨ ઘટના નોંધાઈ હતી. જેની સંખ્યા ૨૦૧૭માં વધીને ૩૬૮૨૭ થઈ ગઈ હતી, જયારે ૨૦૧૮માં થોડાક ઘટાડા સાથે ૩૧૬૮૦ ઘટના બની હતી. જયારે આંધ્રપ્રદેશના જંગલોમાં ૨૦૧૬માં આગની ઘટના ૮,૮૮૫ નોંધાઈ હતી. જ્યારે આ સંખ્યા ૨૦૧૭માં ૨૦૧૭ વધીને ૮,૨૭૪ થઈ ગઈ હતી અને ૨૦૧૮માં ૧૬,૧૭૧ પર પહોંચી હતી. જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં ભારે વૃદ્ધ થઈ હોય તેવા રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મણિપુર સામેલ છે. રિપોર્ટ અનુસાર, પર્યાવરણ મંત્રાલય વન ક્ષેત્રોમાં આગની ઘટનાઓ રોકવા માટે ઉપગ્રહ આધારીત જીઆઈએસ ટેકનોલોજીની મદદ લઈ રહ્યું છે. જે અંતર્ગત ૨૦૦૪માં ભારતીય વન સર્વેક્ષણે અમેરિકાની એજન્સી નાસાના ઉપગ્રહની મદદથી રાજ્ય સરકારોને જંગલમાં આગ લાગવાની ઘટનાઓની ચેતવણી આપવાનું શરું કર્યું હતું.

સરકારી તેલ કંપનીઓ હવે રાહતદરના રાંધણ ગેસના ભાવ પ્રકાશિત કરતી નથી તેથી લોકોને તુરત જાણ થતી નથી

મોંઘવારીનો માર: સબસીડીવાળા રાંધણ ગેસમાં ૬ જ મહિનામાં ૬૨ રૂપિયા વધી ગયા..!

ન્યુ દિલ્હી

સામાન્ય લોકોના ઘર વપરાશવાળા સબસિડી હેઠળના રાંધણ ગેસ(એલપીજી)ના ભાવમાં છેલ્લા ટુકડે ટુકડે કરીને છ મહિનામાં રૂ. ૬૨નો જંગી વધારો થઇ ગયો છે. ટકાવારી રીતે જોઈએ તો તે ૧૩ટકાનો વધારો સુચવે છે. આ બાબત પર બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. કારણ કે ઈંધણ સબસિડી ઘટાડવાની સરકારની યોજના પછી ઓઈલ કંપનીઓએ તેમની વેબસાઈટ પર ભાવ પ્રકાશિત કરવાનું બંધ કરી દેતા સામાન્ય લોકોને તેની તુરત જાણ થતી નથી કે થઇ નથી. પરંતુ એ સત્ય હકીકત છે કે વર્તમાન મોંઘવારીમાં છૂટક શાકભાજીના ભાવની સાથે રાંધણ ગેસનો બાટલો પણ મોંઘો થઈ ગયો છે.

એલપીજીના વધતા ભાવો પર નજર રાખનાર સૂત્રોએ જો કે જણાવ્યું કે ગેસ સબસીડીમાં કાપ મુકવાના કારણે એટલે કે ભાવ વધાર્યા પછી સરકારને જે વધારાની આવક મળી કે મળી રહી છે તેનો ઉપયોગ બીજી જગ્યાએ ખર્ચ કરવા માટે થતાં વધુ નાણાં બચશે. ચાલુ વર્ષમાં રેવન્યુ કલેકશનનો ટાર્ગેટ ઘટયો છે તેથી સરકારને આવકની જરૂર છે પરંતુ રાંધણ ગેસનો ઉપયોગ કરતા પરિવારોને ફટકો પડશે કારણ કે ફુગાવો પાંચ વર્ષની ટોચ પર છે.

સૂત્રોએ કહ્યું કે, સરકારી ઓઈલ કંપનીઓને સબસિડી હેઠળના રાંધણ ગેસના બાટલાના ભાવમાં ઓગસ્ટમાં સિલિન્ડર દીઠ રૂ. ૩૦ નો વધારો કર્યો હતો. ત્યાર પછી પાંચ મહિનામાં ટુકડે ટુકડે રૂ. ૩૨ નો વધારો કરવામાં આવ્યો છે. ૨૦૧૯ના મધ્ય પહેલાં પાંચ વર્ષના ગાળામાં સિલિડરના ભાવમાં કુલ રૂ. ૮૨ નો વધારો થયો હતો જયારે ત્યાર પછી ફકત છ મહિનામાં ગેસ સીલીન્ડર રૂ. ૬૨ મોંઘો થયો છે. સરકારે ઓગસ્ટમાં રાંધણ ગેસના સિલીન્ડરના ભાવમાં તીવ્ર વધારાનો આદેશ આપ્યો હતો અને પછી દર મહિને ચાર રૂપિયાનો વધારો કરવા કહયું હતું પરંતુ વાસ્તવમાં ભાવ વધારો ઘણો મોટો છે.

એલપીજીના ગ્રાહક ભાવમાં તાજેતરના વધારાની કોઈએ નોંધ લીધી નથી કારણ કે ઓઈલ કંપનીઓ હવે તેમની વેબસાઈટ પર સબસિડીવાળા ગેસના ભાવ પ્રકાશિત કરતી નથી. ગ્રાહકો બજાર દરે ગેસ ખરીદે છે અને થોડા દિવસ પછી સબસિડીની રકમ સીધી તેમના બેંક ખાતામાં જાય છે. સબસિડી અને બજાર દર દર મહિને બદલાય છે. આનાથી ગ્રાહકોએ તે સમજવું મુશ્કેલ બનાવ્યું છે કે તેઓએ ખરેખર રાહત દરવાળા રાંધણ ગેસ માટે કેટલું ચુકવ્યું છે.

એલપીજીના એક વિતરકે કહ્યું કે, 'તે શોધવા માટે તમારે બેંકની પાસબુકમાં સ્ટેટમેન્ટમાં જોવુ પડશે કે ખરેખર કેટલી સબસીડીની રકમ તેમના ખાતામાં જમા થઈ છે. કમનશીબે, ખૂબ જ ઓછા લોકો આ માટે ખૂબ મહેનત કરતા હોય છે.

સરકારી તેલ કંપનીઓ ભારતીય તેલ, એચપીસીએલ અને બીપીસીએલના મંત્રાલયે સમાચાર સાથે સંબંધિત કોઈ પ્રતિક્રિયા આપી નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ, સરકારે સબસિડી આપનારા ગ્રાહકોને બે કેટેગરીમાં વર્ગીકૃત કર્યું છે. એક કેટેગરીમાં તે છે કે જેમણે ઉજ્જ્વલા યોજના હેઠળ ગેસ કનેક્શન લીધું છે. આ ગ્રાહકોને બીજી કેટેગરી કરતા ૨૦ રૂપિયા વધુ સબસિડી મળે છે. દિલ્હીમાં ૧૪.૨ કિલો સિલિન્ડરનો બજાર દર ૭૧૪ રૂપિયા છે, જેના આધારે ઉજ્જ્વલાના લાભાર્થીઓને ૧૭૯ રૂપિયા અને બાકીનાને ૧૫૮ રૂપિયા સબસિડી આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ઉજ્જ્વલા ગ્રાહકો માટે ગ્રાહક કિંમત ૫૩૫ રૂપિયા અને અન્ય લોકો માટે ૫૫૬ રૂપિયા હતી.

એલપીજીના કુલ ૨૭.૬ કરોડ ગ્રાહકો છે. તેમાંથી લગભગ બે કરોડને સબસિડી મળતી નથી. સબસિડીવાળા ગ્રાહકોમાંથી આઠ કરોડ એટલે કે લગભગ એક તૃતીયાંશ ઉજ્જ્વલા લાભાર્થીઓ છે. ઓઈલ કંપનીના એક એક્ઝિક્યુટિવે કહ્યું કે, સબસિડીને બે કેટેગરીમાં વિભાજિત કરવાથી ગરીબ ગ્રાહકોને નુકસાન થશે કે જેમણે ઉજ્જ્વલા યોજનાની રજૂઆત પહેલા ગેસ કનેક્શન ખરીદ્યું હતું.

મોદી સરકારે નોટ પર લક્ષ્મીજીનો ફોટો છાપવો જોઈએ : સુબ્રમણ્યમ સ્વામી

ખંડવા

ભાજપના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ડોલરની સરખામણીમાં રૂપિયો સતત તૂટતા અજીબોગરીબ નિવેદન આપ્યું છે. તેમણે ભારતીય કરન્સીની સ્થિતિને સુધારવા માટે બેંકની નોટમાં ધનની દેવી લક્ષ્મીની તસવીર છાપવાની વકાલત કરી છે.

મધ્યપ્રદેશના ખંડવામાં 'સ્વામી વિવેકાનંદ વ્યાખ્યાનમાલા' વિષય પર ભાષણ આપ્યા બાદ મીડિયા સાથે વાતચીત કરતાં સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે તેઓ નોટમાં ધનની દેવી લક્ષ્મીની તસવીર છાપવાના પક્ષમાં છે.

ઈન્ડોનેશિયાની કરન્સી પર ભગવાન ગણેશની તસવીર છાપવાના પ્રશ્ન પર સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે આ પ્રશ્ન પર તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી જવાબ આપી શકે છે. જો કે જ્યાં સુધી મારી વાત છે તો હું આના પક્ષમાં છું. ભગવાન ગણેશ અડચણોને દૂર કરે છે. મારું તો એ કહેવું છે કે ધનની દેવી લક્ષ્મીની તસવીર બેંક નોટમાં છાપવાથી ભારતીય કરન્સીની સ્થિતિમાં સુધારો થઈ શકે છે. તેના પર કોઈએ ખરાબ માનવાની જરૂર નથી.

આ દરમ્યાન ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ સીએએ પર પણ પોતાનો પક્ષ મૂકયો. તેમણે કહ્યું ક નાગરિકતા સંશોધન અધિનિયમમાં આપત્તિજનક કંઈ જ નથી. તેના માટે કોંગ્રેસ અને મહાત્મા ગાંધીએ ખુદ નાગરિકતા સંશોધન કાયદા માટે અપીલ કરી છે.

સ્વામીએ કહ્યું કે ૨૦૦૩ની સાલમાં સંસદમાં કોંગ્રેસ નેતા અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે પાકિસ્તાનના અલ્પસંખ્યકોને નાહરિકતા આપવાની વકાલત કરી હતી. અમે તો તેને લઈને આવ્યા છીએ. હવે કોંગ્રેસ તેનો સ્વીકાર કરી શકતી નથી અને કહી રહ્યું છે કે આપણે પાકિસ્તાનના મુસલમાનોની સાથે અન્યાય કર્યો છે. મારો પ્રશ્ન છે કે તેમાં શું અન્યાય થયો? પાકિસ્તાનના મુસલમાન અહીં આવવા જોઈએ નહીં. આપણે તેમને અહીં વસાવા માટે મજબૂર કરી શકીએ નહીં.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

નાના શહેર, મોટી આશા

ભારતના ત્રણ શહેરો દુનિયામાં સૌથી ઝડપથી વિકાસ કરતા શહેરોની યાદીમાં સામેલ છે. ટોપ-૧૦ શહેરોની યાદીની વાત કરવામાં આવે તો ચોંકાવનારી વિગત જે સપાટી પર આવે છે તે એ છે કે તેમાં મોટા શહેરો સામેલ નથી. દિલ્હી, મુંબઇ, બેંગલોર અને અન્ય કોઇ મોટા શહેરો નથી. બલ્કે કેરળના ખુબ નાના શહેરો છે. જે ચર્ચામાં પણ આવતા નથી. આ નાના શહેરો છે મલપ્પુરમ, કોઝિકોડે અને કોલ્લામ. બ્રિટીશ મલ્ટીનેશનલ મિડિયા કંપની દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આ શહેરો દુનિયાના સૌથી ઝડપથી વિકાસ કરી રહેલા શહેરોની યાદીમાં સામેલ છે. તેજી સાથે વિકાસ કરનાર શહેરોમાં મલપ્પુરમ દુનિયામાં પ્રથમ સ્થાને છે. અહીં ૨૦૧૫થી ૨૦૨૦ વચ્ચે ૪૪.૧ ટકા ફેરફાર થયા છે. કોઝિકોડે ૩૪.૫ ટકા ફેરફારની સાથે ચોથા અને કોલ્લામ ૩૧.૧ ટકા ફેરફાર સાથે ૧૦માં સ્થાને છે. કેરળના જ ત્રિશુર શહેર હાલમાં ૧૩માં સ્થાને છે. ગુજરાતના સુરતને ૨૬મુ સ્થાન મળ્યુ છે. તમિળનાડુના તિરુપુરને ૩૦મુ સ્થાન મળ્યુ છે. ટોપ ૧૦માં સ્થાન મેળવી ચુકેલા અન્ય શહેરોમાં ચીનના ત્રણ, નાઇઝિરાયા,ઓમાન અને યુએઇના શહેર પણ સામેલ છે. આ દેશોના એક એક શહેર છે. આ સર્વે પર અનેક ઉદ્યોગપતિઓ, કારોબારીઓ અને નાના સંગઠનોની બાબતોની નોંધ લેવામાં આવી હતી. નાના શહેરો ઝડપથી વિકાસની કુચ કરી રહ્યા છે. આના માટે અનેક કારોણો જવાબદાર રહેલા છે. આમાં વિકાસની પ્રક્રિયા ખુબ ઝડપથી વધી રહી છે. આ બાબત સુચક રહી છે કે વિકાસની જાળ ફેલાઇ રહી છે. ઇન્ફ્રાસ્ચકચરની કામગીરી ઝડપથી ચાલી રહી છે. વેપાર અને રોજગારીની નવી નવી તક ઉભી થઇ રહી છે. વાસ્તવિકતા તો એ છે કે આજે દેશના અનેક નાના શહેરોમાં આધુનિક જીવના તમામ લક્ષણ રહેલા છે. જેમ કે રોજગાર, કારોબારના અવસર, સારા વહીવટીતંત્ર જેવી બાબતોનો સમાવેશ થાય છે. સારી લાઇફસ્ટાઇલને પણ આના માટે જવાબદાર ગણવામાં આવે છે. ઓછી મોંઘવારી પણ આના માટે કારણરૂપ હોય છે. વિકાસ પ્રક્રિયાનુ વિકેન્દ્રિકરણ હાલના સમયમાં થઇ રહ્યુ છે. ઉદારીકરણની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. સુચના ક્રાન્તિના કારણે નાના શહેરોમાં સારી અસર થઇ રહી છે. કારણ કે સુચના ક્રાન્તિના કારણે ફેરફારો થઇ રહ્યા છે. હવે સમાજ સમગ્ર દેશ અને દુનિયા સાથે જોડાવવા માટે તૈયાર છે. દેશના કેટલાક શહેરો હજુ પણ પ્રાથમિક સુવિધાથી વંચિત દેખાઇ રહ્યા છે. ઇન્ફ્રાની કમી દેખાઇ રહી છે. શિક્ષણ અને આરોગ્યની સુવિધા આવા શહેરોમાં દેખાઇ રહી નથી. આ તમામ સુવિધા ઉપરાંત નાના શહેરોમાં જરૂર કરતા ઓછા પ્રમાણમાં કનેક્ટિવિટી રહેલી છે. યુવા હાલના સમયમાં માર્કેટની દ્રષ્ટિએ શિક્ષણ મેળવી રહ્યા છે. શિક્ષણની સાથે સાથે કુશળતા વધારી રહ્યા છે. નાના શહેરોમાં નવા બજાર, તેમજ ટેકનિકની સ્થિતી સર્જાઇ રહી છે. દુનિયાના ટોપ દેશોમાં ભારતના શહેરોને સ્થાન મળતા તમામ માટે ગર્વ લેવા જેવી બાબત દેખાઇ રહી છે.

ભારતના ત્રણ શહેર એવા છે જે દુનિયામાં સૌથી ઝડપની સાથે વિકાસ કરતા શહેરોમાં

જેફ બેજોસની જાહેરાત પાછળ તેમના હિતોની નીતિ વધારે છે...

બાજ નજર-નિયંત્રણ અતિ જરૂરી

ભારતના પ્રવાસે આવેલા ઇ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેજોસે મંગળવારના દિવસે બે મોટી જાહેરાત કરી હતી. પહેલી જાહેરાત એ હતી કે તેમની કંપની ૧૦ અબજ ડોલરના મેક ઇન ઇન્ડિયા પેદાશોની નિકાસ કરનાર છે. બીજી જાહેરાત એ હતી કે કંપની ભારતમાં નાના અને મધ્યમ ઉદ્યોગોના ડિજિટલીકરણ પર એક અબજ ડોલર આશરે ૭૦૦૦ કરોડ રૂપિયાનુ રોકાણ કરનાર છે. લાંબા સમયથી આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહેલા ભારતના ઉદ્યોગો અને બજાર માટે આ જાહેરાતોથી કેટલીક સારી શક્યતા દેખાઇ રહી છે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને ફાયદો થઇ શકે છે. જો જે જોફ બેજોસની જાહેરાત પાછળ તેમની પોતાની હિતોની રણનિતી વધારે ઉપયોગી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી રહેવા માટેની બાબત ઉપયોગી રહી શકે છે. મેખ ઇન ઇન્ડિયા માટે નવા દરવાજા ખુલી જવાથી અમારી પેદાશોની નિકાસ વધે છે તો તે દેશની અર્થવ્યવસ્થા માટે સારી બાબત રહી શકે છે. દિલ્હીમાં લઘુ અને મધ્યમ ઉપક્રમ પર અમેઝોન કાર્યક્રમમાં બેજોસે કેટલીક નવી બાબત પણ રજૂ કરી હતી. અમેરિકા અને ચીન વચ્ચે જારી વેપાર યુદ્ધની સ્થિતી વચ્ચે અમેરિકાએ હવે ધ્યાન ભારત પર કેન્દ્રિત કરી દીધુ છે. સંયુક્ત રાષ્ટ્રની ગયા વર્ષે જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે અમેરિકા અને ચીનના વેપાર યુદ્ધના કારણે ભારતીય અર્થવ્યવસ્થાને લાભ થનાર છે. ભારતની નિકાસમાં આશરે ૩.૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે. દુનિયાની સૌથી અમીર હસ્તી તરીકે રહેલી જેફ બેજોસની જાહેરાતના કારણે દુનિયાના દેશોમાં ભારે ચર્ચા છે. તેમની જાહેરાત પાછળ ભારતીય ઉદ્યોગ બજાર પ્રત્યે હમદર્દી ઓછી અને એવી વિસ્તારવાદી નીતિઓ પર ભાર વધારે છે. જે એમેઝોનના હિતમાં છે. જેથી અહીં અમે સાથે



ભારતીય ઉદ્યોગ જગત અને બજાર પ્રત્યે તેમની હમદર્દી ઓછી છે તે બાબતની નોંધ લઇને હાલમાં સાવધાની પણ ખુબ જરૂરી બની છે

ચાલીએ છીએના ભાવ કરતા તેઓ ખુબ આગળ જવા માટે ઇચ્છુક છે જેથી તમે પણ સાથે ચાલોના ભાવ વધારે છે. રિટેલ વેપારીના સંગઠન કેટના નેતૃત્વમાં વેપારીઓ ભારે દેખાવ કરી રહ્યા છે. તેમનો આરોપ છે કે વેપારી દેશમાં એમેઝોનના ફેલાવાને લઇને નાખુશ છે. તેમનો આરોપ છે કે અમેઝોન પ્રત્યક્ષ વિદેશી રોકાણની નીતિઓનો ભંગ કરે છે અને વર્ષભર ડિસ્કાઉન્ટની નીતિ ચલાવીને બજારની કમર તોડી નાંખે છે. સવાલ એ છે કે ભારતીય અર્થવ્યવસ્થા ખરાબ સ્થિતીમાં છે ત્યારે ભારતમાં અમેઝોનની કમાણીનો ગ્રાફ ઉંચે કેમ જઇ રહ્યો છે. સરકારની જવાબદારી છે કે તે દેશના રીટેલ કારોબારીઓના હિતોની સુરક્ષા કરે અને આગળ વધે. અમેઝોનની વિસ્તારવાદી નિતીના કારણે જો રીટેલ અને સ્થાનિક કારોબારીઓને નુકસાન થાય છે તો તેમના પર નજર રાખવાની જરૂર છે. સાથે સાથે નિયંત્રણ કરવાની પણ જરૂર છે.અમેરિકાની બહાર એમેઝોનના સૌથી મોટા બજાર તરીકે ભારતને ગણવામાં આવે છે. સાથે સાથે ચાવીરુપ ગ્રોથ ડ્રાઇવર તરીકે પણ છે. જેફ બેજોસે કહ્યું છે કે, ભારતના લાંબા ગાળાના પાર્ટનર તરીકે તેઓ જુએ છે. જૈફ બેજોસે કહ્યું છે કે આગામી પાંચ વર્ષના ગાળા દરમિયાન એમેઝોન નાના અને મધ્યમ કારોબારને ધ્યાનમાં રાખીને એક અબજ ડોલરનું રોકાણ કરશે. આનાથી પહેલા કરતા પણ ખુબ વધારે કસ્ટમરો સુધી પહોંચવામાં મદદ મળશે. આ હિલચાલથી અમેઝોનના વૈશ્વિક ફુટપ્રિન્ટનો ઉપયોગ કરવામાં મદદ મળશે. ૨૦૨૫ સુધી ભારતમાં નિકાસના આંકડાને ૧૦ અબજ ડોલર સુધી વધારવામાં આવશે. જૈફ બેજોસના કહેવા મુજબ આવનાર દિવસોમાં ભારત વધુ મોટા કારોબાર તરીકે ઉભરશે. બેજોસ હાલમાં ત્રણ દિવસની ભારત યાત્રા ઉપર છે. અમેઝોનના સ્થાપકે કહ્યું હતું કે, ૨૧મી સદી ભારતની સદી રહેશે. ભારત અન્ય કરતા અલગ દેશ તરીકે છે.૨૧મી સદીમાં સૌથી મહત્વપૂર્ણ સાથી તરીકે રહેશે. બેજોસે આશા વ્યક્ત કરી હતી કે, તેમની યાત્રા દરમિયાન તેઓ તમામને મળવા ઇચ્છુક છે. ગયા વર્ષે સરકારે વિદેશી રોકાણ સાથે ઇ-કોમર્સ માર્કેટ સ્થળો માટે નિયમોને કઠોર કર્યા હતા. બેજોસ સરકારી અધિકારીઓ સાથે વાતચીત દરમિયાન આ મુદ્દાને ઉઠાવે તેવી શક્યતા છે. જંગી નુકસાન થયું હોવા છતાં એમેઝોન માર્કેટ પ્લેસ, પેમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટમાં જંગી નાણા ઠાલવવામાં વ્યસ્ત છે. ગયા મહિને ડિસેમ્બર મહિનામાં એમેઝોને પેમેન્ટ અને હોલસેલ બિઝનેસ યુનિટમાં ૧૭૦૦ કરોડ કરૂપિયાનું જંગી રોકાણ કર્યું હતું. ઓક્ટોબર મહિનામાં ભારતમાં જુદા જુદા યુનિટમાં ૪૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાયું હતુ ..

સીપીઆઇમાં ઉછાળો રહેતા ચિંતામાં ઉલ્લેખનીયરીતે વધારો

મોંઘવારી હાલ આસમાન પર

ખાદ્યવસ્તુઓની કિંમતોમાં ઉલ્લેખનીય રીતે વધારો થઇ રહ્યો છે. ખાદ્ય ચીજોની કિંમતોમાં વધારો થયા બાદ સીપીઆઇમાં પણ ઉછાળો રહ્યો છે. પહેલાથી જ અર્થતંત્રની સામે આર્થિક સુસ્તી રહેલી છે. જેથી રીટેલ ફુગાવામાં વધારો થતા ચિંતા વધી ગઇ છે. સરકાર દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા બાદ મોદી સરકાર-૨ની પણ ચિંતા વધી ગઇ છે. તેની સામે કેટલાક નવા પડકારો પણ આવી ગયા છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં દર્શાવવામાં આવ્યુ છે કે રીટેલ મોંઘવારીનો દર ડિસેમ્બર મહિનામાં ૭.૩૫ ટકા સુધી પહોંચી ગયો છે. જે છેલ્લા છ વર્ષના ગાળામાં સૌથી વધારે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગાળામાં રિટેલ ફુગાવો વિક્રમી સપાટી પર પહોંચી ગયો છે. મોદીની સરકાર સામે પડકારો અનેક વધી ગયા છે. રીટેલ ફુગાવાના હિસ્સામાં સૌથી વધારે મોંઘવારી ખાવાપીવાની ચીજ વસ્તુઓમાં નોંધાઇ છે. જે ડિસેમ્બરમાં ૧૪.૨ ટકા વધી ગઇ છે. નવેમ્બરમાં આ દર ૧૦.૦૧ ટકા હતો. રીટેલ ફુગાવામાં તેજી સુસ્ત પડી રહેલી અર્થવ્યવસ્થા માટે કેટલાક પ્રકારની સમસ્યા ઉભી કરી શકે છે. રિઝર્વ બેંકના હાથ બાંધી દેવામાં તેની મોટી ભૂમિકા હોઇ શકે છે. વધતી જતી મોંઘવારીની વચ્ચે મુખ્ય વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે. જેથી વાસ્તવિક દરોને લોનની હદમાં લાવવા માટેના જોખમ કોઇ પણ બેંક લઇ શકે તેમ નથી. વર્તમાન હાલતને લઇને નિષ્ણાંતો માને છે કે આ અસ્થાયી વ્યવસ્થા છે. જાન્યુઆરી બાદ ફુગાવો નીચે સપાટી પર પહોંચી શકે છે. રેટિંગ એજન્સી ક્રિસિલના કહેવા મુજબ નજીકના અંતરથી અભ્યાસ કરવામાં આવે તો કહી શકાય છે કે ફુગાવામાં ઉછાળો અસ્થાયી કુદરતી અથવા તો અન્ય કોઇ કારણસર છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ તો માની રહ્યા છે કે ભારતની અર્થવ્યવસ્થા હાલમાં સ્ટેગ્ફલેશન તબક્કામાં છે. આ શબ્દ સ્ટેગ્નેશન અને ઇન્ફ્લેશન સાથે મળીને બને છે. જ્યારે



રીટેલ મોંઘવારીનો દર ડિસેમ્બર મહિનામાં વધીને ૭.૩૫ ટકા થઇ ગયો છે : છ વર્ષોમાં સૌથી ઉંચી સપાટી પર દર પહોંચ્યો છે

વિકાસ દર ધીમો હોય છે ત્યારે માંગમાં ઘટાડો થાય છે. બેરોજગારી વધવા લાગી જાય છે. તેના સમાંતર મોંઘવારી ઘટવાના બદલે વધતી જાય છે. જેને સ્ટેગ્ફલેશન કહેવામાં આવે છે. વર્તમાન સંકટને લઇને અર્થશાસ્ત્રીઓ કહે છે કે આની સ્થિતી કેટલાક વર્ષોમાં બની રહી છે. લોકો ખર્ચમાં ઘટાડો કરી રહ્યા છે. કારણ કે કેટલાક સેક્ટરોમાં તો હાલમાં છટણી ચાલી રહી છે. કેટલીક કારોબારી સંસ્થાઓએ તેમના રોકાણના પ્રમાણમાં ઘટાડી દીધા છે. માંગમાં ઘટાડો નીચે જતા જોરદાર અસર જોવા મળી રહી છે. તેલ, દુધ, શાકભાજી અને અન્ય ચીજોના ભાવ આસમાને પહોંચી ગયા છે. રિઝર્વ બેંક દ્વારા છેલ્લા પાચ વર્ષમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. સાથે સાથે નાણાંકીય બજારોમાં હજારો કરોડોનુ રોકાણ કરવામાં આવ્યુ હોવા છતાં સરકારી પ્રવાહની કોઇ અસર દેખાઇ રહી નથી. કારણ કે બેંકો તેમના દેવા ડુબી જવાના કારણે દબાણમાં છે. કોર્પોરેટ સેક્ટરને ટેક્સમાં કાપનો લાભ મળે છે પરંતુ તે રોકાણ માટે આગળ આવી રહ્યા નથી. કારોબારને વધારી દેવા માટે જો વ્યાજદરને વધારી ઘટાડી દેવામાં આવે તો બજારમાં પૈસા વધી જવાથી મોંઘવારી વધી શકે છે. આ રીતે અર્થતંત્ર એક કુચક્રમાં ફસાઇ શકે છે. જેને તોડવાની બાબત મુશ્કેલરૂપ બની શકે છે. મોટા ભાગના નિષ્ણાંતો માને છે કે સ્ટેગ્ફલેશન જેવા મોટા પરિણામ એક બે મહિનાના આધાર પર કાઢી શકાય નહીં. આંકડા પર વધારે રાહ જોવાની જરૂર દેખાઇ રહી છે. વિદેશી મૂડીરોકાણકારોએ પ્રોફિટ બુકિંગ સાથે નવા વર્ષની શરૂઆત કરી છે. જાન્યુઆરીના પ્રથમ ત્રણ કારોબારી સેશનમાં ભારતીય મૂડી માર્કેટમાંથી વિદેશી મૂડીરોકાણકારોએ ૨૪૧૮ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. ઇક્વિટીમાંથી ૫૨૪.૯૧ કરોડ અને ડેબ્ટ માર્કેટમાંથી ૧૮૯૩ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. આની સાથે જ ૨૪૧૮.૫૭ કરોડ રૂપિયાની રકમ પાછી ખેંચી લેવામાં આવી છે. ૨૦૧૯માં એફપીઆઇ દ્વારા ઇક્વિટી અને ડેબ્ટ બંનેમાં ૭૩૨૭૬.૬૩ કરોડ રૂપિયા ઠાલવી દીધા છે. જાન્યુઆરી, જુલાઇ, ઓગસ્ટને બાદ કરતા એફપીઆઇએ સમગ્ર વર્ષ દરમિયાન બાકીના મહિનાઓમાં નાણા ઠાલવ્યા હતા. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં એફપીઆઇ દ્વારા ૨૨૮૭૧.૮ આઠ કરોડ રહ્યો હતો. એફપીઆઇ દ્વારા સપ્ટેમ્બર મહિનામાં ૬૫૫૭.૮ કરોડ અને ઓક્ટોબરમાં પણ રોકાણ કર્યું હતું. એફપીઆઇ દ્વારા અગાઉના બે મહિનામાં પણ લેવાલી હાથ ધરવામાં આવી હતી. આ પહેલા ઓક્ટોબર મહિનામાં એફપીઆઇ દ્વારા ૧૬૪૬૪.૬ કરોડ રૂપિયા રોકવામાં આવ્યા હતા જ્યારે સપ્ટેમ્બર મહિનામાં તેઓએ ૬૫૫૭.૮ કરોડ રૂપિયા ઠાલવ્યા હતા.

બ્લડપ્રેશર ઘટાડી દેનાર દવા લેનારમાં ખતરો ઓછો

તો સ્ટ્રોક હુમલાનો ખતરો ઓછો

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અગાઉ હાઇપરટેન્સનની તકલીફ ધરાવનાર જે દર્દીઓ બ્લડપ્રેશરને ઘટાડવાની દવા લઇ રહ્યા છે તે દર્દીઓમાં સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો ૨૨ ટકા સુધી ઘટી જાય છે. જર્નલ સ્ટ્રોકના અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ૭૦૬૪૪ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ખુલાસો કરવામાં આવ્યો છે. આ અભ્યાસના ભાગરૂપે બ્લડપ્રેશરને ઘટાડવાની દવા લેતા અને અગાઉ હાઇપરટેન્શનની તકલીફનો સામનો કરી ચૂકેલા દર્દીઓ અંગે અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. વર્તમાન તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે આમા જણાવવામાં આવ્યું છે કે પ્રિ હાઇપરટેન્શન માટે મેડીકેશનની શરૂઆત કરતા પહેલાં યોગ્ય તબીબી સલાહ લેવાની બાબત ખૂબ જ મહત્વપૂર્ણ છે. હાઇ રિસ્ક દર્દીઓમાં સાવધાની ખૂબ જ જરૂરી બની ગઇ છે. ધૂમ્રપાન, ડાયાબિટીશ, મીની સ્ટ્રોક અથવા તો પારિવારિક ઇતિહાસ ધરાવનાર જોખમી દર્દીઓને સાવધાનીપૂર્વક દવાઓનો ઉપયોગ કરવો જોઇએ. અભ્યાસના ભાગરૂપે એક વાત સ્પષ્ટ રીતે જાણવા મળી છે કે પ્રિ હાઇપરટેન્શનના દર્દીઓ જે બ્લડપ્રેશરને ઘટાડવાની દવા લઇ રહ્યા છે તેમાં સ્ટ્રોકનો ખતરો ઘટી જાય છે.



પોલ્કાનુ નામ આવતા જુના દશકની યાદ તાજી

કિયારાની હિટ પોલ્કા સ્ટાઇલ

જેમ જ પોલ્કા ડોટ્સનુ નામ આવે છે તેમ જ આપના દિમાગમાં ૮૦ અને ૯૦ના દશકની અભિનેત્રીની સ્ટાઇલોની યાદ તાજા થઇ જાય છે. પરંતુ જેમ કે તમામ સ્ટાઇલ ફરીવાર ફરીને આવે છે. આવી જ રીતે પોલ્કા ડોટ્સ ડ્રેસની પણ વાપસી થઇ ચુકી છે. હાલમાં આવા વસ્ત્રોમાં અનેક ટોપની અભિનેત્રી નજરે પડી ચુકી છે. કરીનાથી લઇને કંગના અને કિયારા અડવાણીની સ્ટાઇલમાં આ પોલ્કા ડોટ્સ ડ્રેસ જોવા મળ્યા છે. જો તમે પણ કોઇ પોલ્કા ડ્રેસને ટ્રાય કરી નથી તો આ અભિનેત્રીઓને પગલે ચાલીને આવા ડ્રેસને ટ્રાય કરી શકો છો. સાથે સાથે ખરીદી કરી શકો છો. હાલના દિવસોમાં જ એક મેગેઝીનમાં કિયારા અડવાણીએ તમામનુ ધ્યાન ખેંચ્યુ હતુ. જેમાં તે રેડ કલરના આવા ડ્રેસમાં નજરે પડી હતી. જેમાં તે ખુબ ખુબસુરત દેખાઇ હતી. ફેશન ડિઝાઇનર ગૌરી નૈનિકા દ્વારા ડિઝાઇન કરવામાં આવેલી આ ડ્રેસમાં કિયારા ખુબ શાનદાર દેખાઇ હતી. કિયારાની આ રેડ કલરની ડ્રેસમાં બ્લેક કલરના પોલ્કા ડોટ્સ બનેલા હતા. ડ્રેસની વિશેષતા એ હતી કે શોલ્ડર્સની પાસે ડ્રમેટિક ફિલ્સ અને હેમની પાસે ફિલ્સ હતા. કિયારા બોલિવુડમાં એન્ટ્રી કર્યાને કેટલોક સમય થયો છે જો તે શાહિદ કપુર સાથે કબીર ફિલ્મ મારફતે રાતોરાત સુપરસ્ટાર બની હતી. ત્યારબાદ તેની તમામ ફિલ્મોની નોંધ લેવામાં આવી રહી છે. તેની પાસે અનેક ફિલ્મો હાથમાં છે. તે હાલમાં છેલ્લે ગુડ ન્યુઝ નામની ફિલ્મમાં દેખાઇ હતી. જેમાં તેની સાથે અક્ષય કુમાર, કરીના કપુર અને દિલજીત દિસાંજની ભૂમિકા હતી. તેની પાસે અક્ષય કુમારની સાથે જ અન્ય ફિલ્મ લક્ષ્મી બોંબ પણ છે. દબંગ ગર્લ સોનાક્ષી સિંહા પણ કેટલીક વખત પોલ્કા ડોટ્સ ડ્રેસમનાં નજરે પડી ચુકી છે. કંગના રાણાવત પણ આવા ડ્રેસમાં નજરે પડી ચુકી છે. તે હાલમાં લાઇટ પિંક કલરના પોલ્કા ડ્રેસમાં નજરે પડી હતી. તે લાઇટ પિંક કલરની ફ્રાક સ્ટાઇલની મિડી ડ્રેસમાં હાલમાં દેખાઇ હતી. કરીના કપુર પણ કેટલીક આવી ડ્રેસમાં દેખાઇ ચુકી છે.

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીને લઈ આર્ટીસ્ટે ૧૫ માળની બિલ્ડીંગમાં વોલ પેઈન્ટીંગ બનાવ્યું

ગોંડલ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીને લઈને ગોંડલના કલાકાર મુનીર બુખારીએ નોઈડામાં ૧૫ માળની બિલ્ડીંગમાં બાપુનું વોલ પેઈન્ટીંગ બનાવ્યું છે. આ પેઈન્ટીંગ બનાવી મુનીર બુખારીએ ગોંડલ સહિત ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મુનીર બુખારીને ચિત્રકલામાં બાળપણથી જ રુચિ હતી પરંતુ પરિવારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૯ ધોરણ સુધી જ અભ્યાસ થઈ શક્યો હતો અને પિતા સાથે તૈયાર કપડાં વેચવાનો લારી ઉપરનો વ્યવસાય સંભાળવો પડ્યો. કોઈપણ પ્રકારના માર્ગદર્શન વિના ચિત્રકામમાં પોતાની ધગશથી આગળ આવેલા મુનીર બુખારી આપણા ગુજરાતનું ગૌરવ છે. અનોખી માટીમાંથી બનેલા આ કલાકારે ખુબ સંઘર્ષ કરીને કલાને દેશ વિદેશમાં ફેલાવી છે. શરૂઆતમાં ઓટોરીક્ષાની પાછળ લખાતા લખાણો,



સાઇકલના લટકણિયાં ઉપર પેઇન્ટિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ વિધિના લેખ તો કંઈક જુદા જ લખાયેલા હતા. બાદમાં મુનીર બુખારી ચિત્રકાર પ્રતાપસિંહ જાડેજા અને

મુંબઈ ખાતે ભારતનું સૌથી મોટું વોલ પેઇન્ટિંગ બનાવવા માટે તક ૧૨૩ બાય ૧૫૨ ફૂટ ૧૯૦૦ સ્કવેર ફૂટનું વોલ પેઇન્ટિંગ દાદાસાહેબ ફાળકેની શ્રદ્ધાંજલિરૂપે તૈયાર કર્યું અને લોકાર્પણ અમિતાભ બચ્ચનના હસ્તે થયું હતું. તાજેતરમાં ઓસ્ટ્રેલિયા ખાતે ઇન્ડિયન આર્ટ ફેસ્ટિવલ મેલબોર્નમાં યોજાયો ત્યારે વિદેશના કલાકારો વચ્ચે ભારતમાંથી મુનીર બુખારીની કલા પ્રસ્તુત થઈ હતી.

મૃતકની પત્નીનું આક્રંદઃ 'મારા પેટમાં ઉછરી રહેલા બાળકનું શું થશે'

રાજકોટ ફાયરિંગ કેસ : પીએસઆઈ સાપરાધ મનુષ્ય વધના ગુના સાથે સસ્પેન્ડ કરાયાં

યોગ્ય ન્યાયની ખાતરી મળતા પરિવારે મૃતદેહ સ્વીકાર્યો

રાજકોટ

રાજકોટ શહેરના એસ.ટી.બસ સ્ટેશનમાં આવેલી પોલીસ ચોકીમાં પીએસઆઈ પી. પી. ચાવડાની રિવોલ્વરમાંથી ફાયરિંગ થતાં તેને મળવા આવેલા સ્પા સંચાલક હિમાંશુ ગોહેલ નામના યુવકનું મોત નીપજ્યું હતું. ક્રિકેટ મેચની ટિકિટ ખરીદવા માટે સ્પા સંચાલકને બોલાવ્યાનું અને સર્વિસ રિવોલ્વર નવા કવરમાં નાખતી વખતે ફાયર થઈ ગયાનું ફોજદારે રટણ રટ્યું હતું. સ્પાના ધંધામાં ભાગીદારી મુદ્દે હત્યા થયાનો પરિવારજનોએ આક્ષેપ કરી લાશ સ્વીકારવા ઈકાર કર્યો હતો. પીએસઆઈ ચાવડા



વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો દાખલ કરાયો છે. હિમાંશુના પિતા દિનેશભાઈએ જણાવ્યું હતું કે, લાશ તો નહીં જ લઈએ, મારા દીકરાની હત્યા કરવામાં આવી છે. પરિવીરજનોએ પોલીસ સાથે સિવિલ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. જો કે યોગ્ય ન્યાયની ખાતરી મળતી પરિવારે હિમાંશુનો મૃતદેહ સ્વીકારી લીધો છે તેવું એસપી એસ.આર. ટંડેલે જણાવ્યું હતું. પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે પીએસઆઈ ચાવડાને સસ્પેન્ડ કર્યા છે.

હિમાંશુના પરિવારજનો સિવિલ હોસ્પિટલમાં લાશ નહીં લેવા માટે અડગ બન્યા હતા. પોલીસ પણ સમજાવી રહી હતી પરંતુ લાશ સ્વીકારવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. મહિલાઓ ચોધાર આંસુએ રડતા રડતા પીએસઆઈ વિરૂદ્ધ રોષ વ્યક્ત કરી મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, અમારા દીકરા, ભાઈને મારી નાંખ્યો છે.

મૃતક હિમાંશુના પરિવારે જ્યાં સુધી પીએસઆઈ ચાવડા વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કરવામાં નહીં આવે ત્યાં સુધી લાશ નહીં સ્વીકારીએ તેવી માંગ કરી હતી. પીએસઆઈની બેદરકારીને કારણે યુવાનનો ભોગ લેવાયો હોય પોલીસે તે અંગેની પણ કલમનો ઉમેરો કરી ગુનો નોંધ્યો છે. તેમજ હિમાંશુના પરિવાર દ્વારા પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી ધરણા કરવાની તૈયારી દર્શાવી હતી.

પીએસઆઈ ચાવડાને સકંજામાં લઈ પૂછપરછ કરતાં તેણે કેફિયત આપી હતી કે, હિમાંશુ ગોહેલ માલવિયા ચોકમાં આવેલા પ્રમુખસ્વામી આર્કેડના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્પા ચલાવતો હોય તેના પરિચયમાં હતો, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનાર વન-ડે ક્રિકેટ મેચની પાંચ જેટલી ટિકિટ પોતાને ખરીદ કરવી હોવાથી હિમાંશુને ફોન કરીને પોલીસ ચોકીએ બોલાવ્યો હતો. સાંજે ચારેક વાગ્યે રૈયારોડ પરથી પોતે સર્વિસ રિવોલ્વર રાખવાનું નવું પાકીટ (વોલેટ) ખરીદ કર્યું હતું અને જૂના વોલેટમાંથી રિવોલ્વર કાઢી નવા પાકીટમાં નાખી રહ્યા હતા તે વખતે ભૂલથી ફાયરિંગ થઈ ગયું હતું. રિવોલ્વરમાંથી ફાયર થયું એ સમયે જ હિમાંશુએ ચોકીનો દરવાજો ખોલ્યો હતો અને તેના કપાળમાં ગોળી ઘૂસી ગઈ હતી. ફોજદારની રિવોલ્વર પાંચ કાર્ટિસથી લોડેડ હોવાનું ખુલ્યું હતું.

કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં પખવાડિયું ૧૨ વર્ષ સુધીનાં બાળકો માટે ફ્રી

અમદાવાદ

અમદાવાદ શહેરનાં પ્રખ્યાત કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં ૩૦મી જાન્યુઆરી સુધી એનિમલ વેલ્ફેર પખવાડિયાની ઉજવણીનાં ભાગરૂપે ૧૨ વર્ષ સુધીના બાળકો માટે વિનામૂલ્યે પ્રવેશ આપવાની જાહેરાત કરાઇ છે. મ્યુનિ. રિક્રિએશનલ, કલ્ચરલ એન્ડ હેરિટેજ કમિટિએ કરેલા નિર્ણય પ્રમાણે પ્રાણી સંગ્રહાલયમાં ૩૦મી જાન્યુઆરી સુધી એનિમલ વેલ્ફેર પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે. સોમવાર સિવાયનાં સમય માટે આ નિર્ણય અમલી બનાવવામાં આવ્યો છે. તે ઉપરાંત સંગ્રહાલયમાં બાળકોમાં વન્ય જીવો પ્રત્યે જ્ઞાન વધે તે માટે ટચ ટેબલ શો તથા પપેટ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મહત્વનું છે કે, ગુજરાતનાં પશુપાલન વિભાગ દ્વારા દર વર્ષે જાન્યુઆરીનાં બીજા પખવાડિયામાં તા.૧૪થી ૩૧મી જાન્યુઆરી દરમિયાન પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ પખવાડિયા દરમિયાન અબોલ પશુધન પ્રત્યે પ્રેમભર્યું માયાળુ વર્તન રાખવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

જનતાને જાગૃત કરી પ્રાણીઓ પ્રત્યે પ્રેમ દાખવી પ્રાણીઓની આપણા જીવનમાં ઉપયોગિતા અને આર્થિક ઉપયોગિતા અંગે પ્રાણીઓના યોગદાન અંગેની બાબત ધ્યાને લઈ પ્રાણીઓ આપણા જીવન સાથે સંકળાયેલ હોઈ તેને મહત્વ આપવા લોક સંદેશ જનતા સુધી પહોચાડવા આ પખવાડિયાની ઉજવણી દરમિયાન પશુપાલન ખાતા દ્વારા આ પ્રમાણેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

જેલની બેરેકમાંથી વધુ એક મોબાઈલ મળી આવતા રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

વડોદરા

વડોદરા મધ્યસ્થ જેલના યાર્ડ નં-૨માં દિવાલ પર ખીલીમાં ભરાવેલી થેલીમાંથી સીમકાર્ડ નાંખેલો મોબાઈલ ઝડપાતા જેલ પ્રશાસને રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જોકે આ મોબાઈલ કોનો છે, તે હજુ જેલ પ્રશાસન શોધી શકી નથી. ઉલ્લેખનિય છે કે, વડોદરા સેન્ટ્રલ જેલમાં ગોધરાકાંડનો આરોપી સલીમ યુસુફ જર્દા પાસેથી ૫ મોબાઈલ ઝડપાયાની તપાસ હજુ ચાલુ છે, ત્યારે જેલમાંથી વધુ એક મોબાઈલ મળી આવતા જેલ સિક્યુરીટી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

મધ્યસ્થ જેલના જેલર પર્વતસિંહ બારીયાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ૧૫ જાન્યુઆરીના રોજ ઝડતી સ્કોવડના કર્મચારીઓ દ્વારા સવારે ૯થી ૯:૨૦ દરમિયાન યાર્ડ નં-૨ની બેરેક નં-૪માં તલાસી લેવા પહોચ્યા હતા. દરમિયાન બેરેકના મુખ્ય દરવાજાની જમણી બાજુની દિવાલ પર પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના લખેલા તાલીમનો થેલો તપાસ કરતા તેમાંથી સીમકાર્ડ અને બેટરી સાથેનો મોબાઈલ મળી આવ્યો હતો.

ગોધરાકાંડના આરોપી સલીમ જર્દાને જેલની અંદર મોબાઈલ પહોંચાડનારા કેદી અશોક વસવાની હાલમાં જ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. જેલમાં સજા ભોગવતો કેદી જ રૂ. ૨ હજારમાં મોબાઈલ જેલની અંદર ઘુસાડતો હોવાની હકીકત સામે આવ્યા બાદ જેલના કેટલાક પોલીસકર્મીઓ જ કેદીઓ મારફતે મોબાઈલ જેલની અંદર ઘુસાડી રહ્યા હોવાની પણ શંકાના આધારે ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે.

ઉત્તરાયણ બાદ નેતૃત્વ પરિવર્તનનો ઈશારો મળતા બચાવમાં વિડિયો જહેર કર્યો હોવાનું અનુમાન

ભ્રષ્ટાચાર સામેની લડાઈ અંગેના સીએમના વિડિયોથી ચકચાર, શું રંધાઈ રહ્યું છે...?

કેશુભાઈની સ્ટાઈલમાં પોતાની સરકાર બચાવવાનો પ્રયાસ તો નથી ને...? ચર્ચાતો સવાલ

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉત્તરાયણ બાદ એકાએક સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ ફેસબુક પર લાઈ થઈને પોતાની સરકાર ભ્રષ્ટ અધિકારીઓ અને ભ્રષ્ટાચાર સામેની લડાઈ લડી રહ્યો હોવાનું જાહેર કરતાં તે વિડિયાને લઈને રાજકીય અને વહીવટીય ક્ષેત્રે ભારે ચર્ચાનો વિષય બન્યો છે. રૂપાણીએ આ વિડિયો દ્વારા પોતાને નબળા માનીને તેમને પદ પરથી દૂર કરવા માંગતા રાજકીય પરિબળોને જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે કે કેમ એવું પણ એક અનુમાન થઈ રહ્યું છે. આ વિડિયોને લઈને તરેહ તરેહની અટકળો પણ વ્યક્ત થઈ રહી છે.

સુખ્યમંત્રી રૂપાણીએ ફેસબુક પર લાઈવ થઈને ભ્રષ્ટાચાર અંગેની વાત જાહેર કરી હતી. આ વિડિયોમાં તેઓ કહી રહ્યાં છે કે ભ્રષ્ટાચારને રોકવા માં કોઇ પગલા ભર્યા નથી એમ કોઇ કહે છે. પરંતુ તેમની સરકારે જમીનના એનએ કરાવવામાં થતો ભ્રષ્ટાચાર, ખનિજની લીઝ લેવામાં થતો ભ્રષ્ટાચારને રોકવા તમામ વહીવટી પ્રક્રિયા ઓનલાઈન કરીને ભ્રષ્ટાચારને બંધ કરવાનું પગલુ ભર્યું હોવાનો ખુલાસો કર્યો હતો.

સૂત્રોએ કહ્યું કે સીએમ રૂપાણીએ મહિનામાં આ ત્રીજીવાર વિડિયો અપલોડ કરીને પોતાના વિરોધીઓને જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે. જો કે તેમણે તેમની



સરકારની કોણ ટીકા કરે છે તેનો કોઇ ઉલ્લેખ કર્યો નહોતો. એમ મનાય છે કે ૧૯૯૫માં ભાજપના તત્કાલિન સીએમ કેશુભાઇ પટેલને ખજૂરાહો કાંડ બાદ દૂર કરવાનો નિર્ણય લેવાયો ત્યારે તેમણે પોતાની સરકાર કામ કરી રહી છે અને તે વખતે પોલીસ અધિકારી કુલદિપ શર્મા દજિલ્હીથી માફિયા ડોન લતિફને પકડી લાવ્યા હતા. તેનો ઉલ્લેખ પણ કેશુભાઇએ કરીને અખબારોમાં પોતાની સરકાર અંગે એવો પ્રચાર કર્યો કે મારો વાંક શું...મારો ગુનો શું...? એટલે કે મારી સરકાર કામ કરી રહી છે છતાં તેમને પદ પરથી શા માટે દૂર કરવામાં આવી રહ્યાં છે એવા સવાલો કર્યા હતા.

સૂત્રોએ કહ્યું કે તે વખતે ફેસબુકનો જમાનો નહોતો. તેથી સીએમ રૂપાણીએ આજના સમયમાં મિડિયાને બોલાવીને આ જાહેરાત કે લાગણી વ્યક્ત કરવાને બદલે ફેસબુકનો સહારો લીધો છે. અત્રે એ પણ નોંધનીય છે કે તત્કાલિન સીએમ આનંદીબેન પટેલે પણ પોતાના રાજીનામાની સૌ પ્રથમ જાહેરાત ફેસબુક પર કરીને સૌને ચોંકાવ્યા હતા. રૂપાણીએ પણ ફેસબુકનો સહારો લઈને પોતે ભ્રષ્ટાચાર સામેની લડાઈ લડી રહ્યાં હોવાનું જણાવીને શું તેમને દૂર કરવા માંગતા વિરોધીઓને કેશુભાઈની જેમ કોઇ જવાબ આપવાનો પ્રયાસ તો કર્યો નથી ને...? એવો પણ એક સવાલ ચર્ચાઈ રહ્યો છે.

સૂત્રોએ કહ્યું કે ભાજપના અધ્યક્ષ અમિત શાહ તાજેતરમાં જ ગુજરાતમાં હતા. તે વખતે તેમણે સંભવ છે કે રૂપાણીને આવો કોઈ ઈશારો કર્યો હોય અને તેનાથી નારાજ થઈને રૂપાણીએ પોતે નબળા નથી અને મારી સરકારમાં ભ્રષ્ટાચાર સામે પગલા લેવાયા છે એવો કોઈ જવાબ આપવાનો પ્રયાસ કર્યો હોવાની છાપ ઉપસી રહી છે. તેમનો આ વિડિયો રાજકારણમાં ટોક ઓફ ધી ટાઉન બની ગયો છે.

સૂત્રોએ કહ્યું કે ઉત્તરાયણ બાદ કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં ફેરફારોનો અહેવાલ અગાઉ પ્રસિધ્ધ થયો હતો. તે વખતે એમ કહેવાયું હતું કે ગુજરાતમાં રૂપાણી અને નીતિન પટેલને દિલ્હી લઈ જઈને ગુજરાતની બાગડોર કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને સોંપાય તેવી શક્યતા છે એમ કહેવાયું હતું. ઉત્તરાયણ પૂરી થયા બાદ કદાચ ગુજરાત સરકારના નેતૃત્વમાં ફેરફારનો ઈશારો રૂપાણીને થયો હોય કે મળ્યો હોય અને તેથી તેમણે આ વિડિયો વાયરલ કરીને પદ બચાવવાનો પ્રયાસ કર્યો હોય એમ પણ મનાઈ રહ્યું છે.

સુપર લક્ઝુરિયસ તેજસ ટ્રેન આજથી અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડશે

અમદાવાદ

આજથી અમદાવાદ-મુંબઈ વચ્ચે ખાનગી કંપની સંચાલિત તેજસ ટ્રેન દોડશે. અમદાવાદમાં કેન્દ્રીય રેલમંત્રી પિયુષ ગોયલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેજસ ટ્રેનને લીલીઝંડી આપશે. ભાજપના સાંસદો, કોર્પોરેટરો અને મેયર સહિતના આગેવાનો હાજર રહેશે. સમગ્ર દેશમાં ખાનગી કંપની સંચાલિત આ બીજી કોર્પોરેટ ટ્રેન દોડશે. જો ટ્રેન મોડી પડશે તો મુસાફરોને રેલવે વળતર પણ આપશે. ખાનગી ટ્રેનના ભાડામાં કોઈ છૂટ નહીં મળે, પરંતુ એક કલાક વિલંબ થયો તો રૂપિયા પરત મળશે. અમદાવાદ મુંબઈ રૂટ પહેલા રેલવે મંત્રાલયે લખનઉ-દિલ્હી રૂટ પર તેજસ ટ્રેન દોડી રહી છે. આઈઆરસીટીસીને તેજસ એક્સપ્રેસ ચલાવવા માટે ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ ટ્રેન માટે બધી જ સર્વિસ આઉટસોર્સીંગ કરવામાં આવશે. તેજસ ટ્રેનના શુભારંભને લઈને અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્લેટફોર્મ નંબર-૧થી આ તેજસ ટ્રેન ઉપડવાની છે. રેલ મંત્રી પિયૂષ ગોયલ અને સીએમ રૂપાણી આવતીકાલે ટ્રેનને લીલીઝંડી આપશે. આમ, હવે મુસાફરોને અમદાવાદ-મુંબઈ વચ્ચે ચાલનારી કોર્પોરેટ ટ્રેનનો ફાયદો મળશે. ટ્રેનમાં મુસાફરોની સેવામાં ટ્રેન હોસ્ટેસ પણ રહેશે.

એમ.એસ.યુનિ.માં બોગસ ડિગ્રીનો પર્દાફાશ... ગયા વર્ષની ૨૦ માર્કશીટ નકલી નીકળી

વડોદરા

વારંવાર વિવાદમાં રહેનાર એમ. એસ. યુનિવર્સિટી બોગસ ડિગ્રી મામલે ફરી એકવાર વિવાદમાં આવી છે. યુનિવર્સિટીમાં ડિગ્રી વેરીફીકેશન બાદ ૨૦ ડિગ્રી બોગસ હોવાનું સામે આવતા હડકંપ મચી જવા પામ્યો છે. બોગસ ડિગ્રી મામલે યુનિવર્સિટીએ ફરિયાદ ન કરતા કોંગ્રેસ પ્રેરિત સેનેટ સભ્યો મેદાનમાં આવ્યા છે.

એમ.એસ.યુનિવર્સિટીમાં દર વર્ષની જેમ વર્ષ ૨૦૧૯માં ખાનગી એજન્સી મારફતે ૬૪૫ ડિગ્રી વેરીફીકેશન કરાવવામાં આવી હતી. જેમાંથી ૨૦ ડિગ્રી બોગસ હોવાનું સામે આવ્યું. જેના કારણે યુનિવર્સિટી તંત્રએ માત્ર બોગસ ડિગ્રી ધારક વિદ્યાર્થીઓને જાણ કરી સંતોષ માન્યો હતો. યુનિવર્સિટી તંત્રએ બોગસ ડિગ્રી મામલે પોલીસમાં ફરિયાદ ન કરતા કોંગ્રેસ પ્રેરિત સેનેટ સભ્યોએ વિરોધ નોંધાવ્યો છે. સેનેટ સભ્યોનો આરોપ છે કે, બોગસ ડિગ્રીમાં યુનિવર્સિટીનાં સત્તાધીશો અને ભાજપનાં હોદ્દેદારો સામેલ છે. જેના કારણે રાજકીય દબાણ હોવાથી યુનિવર્સિટી તંત્ર પોલીસ ફરિયાદ નોધાવી નથી રહી. યુનિવર્સિટીએ બોગસ ડિગ્રી મામલે કોઈ પણ રાજકીય દબાણને વશ થયા વગર પોલીસ ફરિયાદ નોંધાવીને જે પણ સંડોવાયેલા છે તેમના નામ બહાર પાડવા જોઈએ.

ટ્રાન્સફોર્મરમાંથી પતંગ કાઢતા એમજીવીસીએલના કર્મચારીનું કરંટ લાગતા મોત

વડોદરા

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં એમજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાં ફસાયેલી પતંગ કાઢવાની કામગીરી દરમિયાન વીજ કંપનીના કર્મચારીનું વીજ કરંટ લાગતા મોત નીપજ્યું છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં વિશ્રામ બાગ પાસે આવેલા ૩, અમર એપાર્ટમેન્ટમાં રહેતા અર્જુનભાઈ વસુદેવભાઈ બેલાની (૪૦) એમ.જી.વી.સી.એલ.માં નોકરી કરે છે. સવારે તેઓ માંજલપુર વિસ્તારમાં તુલસીધામ ચાર રસ્તા પાસે ટ્રાન્સફોર્મરમાં ફસાયેલી પતંગો કાઢવાની કામગીરીમાં ગયા હતા. ડી.પી.માં ફસાયેલી પતંગ કાઢી રહ્યા હતા. તે સમયે તેઓને વીજ કરંટ લાગતા પટકાયા હતા. તુરંત જ સાથી કર્મચારીઓ તેઓને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબોએ તેઓને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે માંજલપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સોનગઢ પ્રા.શાળાના શિક્ષક પ્રદીપ ચૌધરીને ચિત્રકૂટ એવોર્ડ એનાયત

ચિમકુવાના શિક્ષકનું પૂ. મોરારીબાપુના હસ્તે સન્માન

વ્યારા

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાંથી સામાજીક, શૈક્ષણિક,સાંસ્કૃતિક સેવાકીય યોગદાન આપનાર શ્રેષ્ઠ શિક્ષકને વિશ્વ વંદનિય પ્રખર રામાયણી પૂ.મોરારીબાપુ ના વરદ્ હસ્તે ,ચિત્રકૂટ ધામ, તલગાજરડા, તા. મહુવા, જિ. ભાવનગર (સૌરાષ્ટ્ર) મુકામે ' ચિત્રકૂટ' પારિતોષિક તથા રૂા.૨૫,૦૦૦/- રોકડ પુરસ્કાર અર્પણ કરી ભાવવંદના સાથે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ચિમકુવા પ્રાથમિક શાળાના યુવાન મુખ્ય શિક્ષક શ્રી પ્રદિપકુમાર રમણભાઈ ચૌધરી ને તેમના સામાજીક, શૈક્ષણિક અને કલા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં આપેલા યોગદાનને બિરદાવતા આદરણિય પરમ પૂજ્ય સંત શ્રી મોરારીબાપુ ના હસ્તે ચિત્રકૂટ એવોર્ડથી સન્માન કરાયું હતું.

પૂ.સંત શ્રી મોરારીબાપુએ સારસ્વતોનું સન્માન કરતા જણાવ્યું હતું કે ગુજરાતના પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રો અમૂલ્ય યોગદાન આપતા શિક્ષકો પ્રત્યેક બાળકમાં રામ અને કૃષ્ણનું દર્શન કરતા કરતા વશિષ્ઠ અને સાંદિપની બની જાય છે. સમાજના આ શ્રેષ્ઠ સારસ્વતોનું સન્માન કરવાનો અવસર એક વિરલ ઘટના કહી શકાય. તેઓ હંમેશા સમાજમાં પ્રેરક અને પથદર્શક બની રહેશે.

ચિમકુવા પ્રાથમિક શાફાના મુખ્યશિક્ષક શ્રી પ્રદિપકુમાર રમણભાઈ ચૌધરીએ ભાવવિભોર બની શિક્ષણરૂપી મહાયજ્ઞમાં નિષ્ઠાથી બાલદેવોની સેવારૂપી આહુતિ આપવા માટે સમર્પિત શિક્ષક તરીકે કટીબધ્ધ રહેવાની અભિલાષા વ્યક્ત કરી હતી. શિક્ષક એ પણ આજીવન વિદ્યાર્થી જ છે એમ માનીને આગળ વધે ત્યારે જ તે પોતાનું શ્રેષ્ઠ આપી શકે છે. આજે પૂજ્ય મોરારીબાપુ ના હસ્તે ચિત્રકૂટ પારિતોષિક મને મળતા હું ખૂબ જ ગૌરવની લાગણી અનુભવું છું. પ.પૂ.મોરારીબાપુ તથા ચિત્રકૂટ ધામનો સદૈવ ઋણી રહીશ.ગુરૂકુળમાં રહીને શિક્ષા મેળવી પારંગત થતા શિષ્યો ભારતીય સંસ્કૃતિમાં મહાન બન્યા છે. ત્યારે આજના સમયમાં ગ્રામ્ય અને પછાત વિસ્તારમાંથી આવતા બાળકોના ભવિષ્યની ચિંતા કરીને તેઓ ખૂબ તેજસ્વી બને તેવા મારા પ્રયાસ રહેશે. વંદનીય મોરારીબાપુના આશિર્વાદ સાથે સાષ્ટાંગ દંડવત પ્રણામ..

પ્રદિપભાઈ ને તાપી જિલ્લા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ,,રાજ્ય તેમજ તાપી જિલ્લા શિક્ષક સંઘ,શાળા પરિવાર, તથા ગ્રામજનોએ ખૂબ ખૂબ અભિનંદન આપી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

ઓનલાઈન ઓર્ડરમાં ઈંટો નીકળતાં માથાભારે યુવતીએ ડિલિવરી બોયને રૂમમાં પૂરી દીધો

અમદાવાદ

ઓનલાઈન શોપિંગ વેબસાઈટ પર અનેકવાર ઓર્ડર કરેલી વસ્તુના બદલે ઈંટો કે પથ્થરો મૂકી છેતરપીંડિ આચરવામાં આવતી હોય છે. અમદાવાદમાં પણ એક યુવતી સાથે આવું જ થયું. ફ્લિપકાર્ટમાં ઓનલાઈન ઓર્ડર કરેલ વસ્તુના બદલે પાર્સલમાં ઈંટો આવી. તે જોઈને આ યુવતી માથાભારે હતી, તેણે સીધો ડિલિવરી બોયને રૂમમાં પૂરી દીધો હતો. અને પોલીસને સોંપી દીધો હતો.

પુર્વી દાણીધારિયા અમદાવાદના નારોલ વિસ્તારમાં શ્રી હરિ રેસીડ્ન્સીમાં રહે છે. તેણે ઈ કોમર્સ કંપની ફ્લિપકાર્ટ પરથી ૮મી જાન્યુઆરીએ દેશી ઘીનો ડબ્બો મંગાવ્યો હતો. ઓનલાઈન ઓર્ડર બાદ ફ્લિપકાર્ટનો ડિલિવરી બોય પાર્સલ લઈને યુવતીના ઘરે આવ્યો હતો. પણ જ્યારે યુવતીએ પાર્સલ ખોલીને જોયું તો તેની આંખો પહોળી થઈ ગઈ.

યુવતીએ પાર્સલ ખોલતાં તેમાં ઘીનો ડબ્બો ન હતો. પણ પાર્સલની અંદર બે ત્રણ ઈંટો મૂકવામાં આવી હતી. ઈંટો જોઈને જ યુવતી ભડકી હતી. ઘરેથી ભાગવા જતાં ફ્લિપકાર્ટના ડિલિવરી બોયને પકડી પાડ્યો હતો. અને તેને રૂમમાં બંધ કરી દીધો હતો. અને આ મામલે પોલીસને જાણ કરી હતી. જે બાદ યુવતીએ ડિલિવરી બોયને નારોલ પોલીસને સોંપી દીધો હતો. અને યુવતીએ નારોલ પોલીસ સ્ટેશનમાં ફ્લિપકાર્ડ વિરુદ્ધ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી હતી.

તહેવારોની મજા પશુ-પંખીઓ માટે સજા... છેલ્લા બે દિવસમાં બે હજારથી વધુ ઘાયલ

અમદાવાદ

ઉતરાયણ અને વાસી ઉતરાયણનો તહેવાર આ વર્ષે પણ રક્તરંજિત રહ્યો હતો. જેમાં તહેવારના આ બે દિવસમાં ગુજરાતમાં ૨ હજાર કરતા વધુ ઘાયલ પશુ-પક્ષીઓ લોહી લુહાણ થયા હતા. જેમાંથી કેટલાક મોતને પણ ભેટયા હતા. રાજ્ય સરકારની એનિમલ હેલ્પલાઈન નંબર ૧૯૬૨ ઉપર ઉતરાયણના દિવસે ૧,૦૬૬ અને વાસી ઉતરાયણના દિવસે ૧,૧૪૦ કોલ પશુ-પક્ષીઓની ઈમરજન્સીની સારવાર માટેની મદદ માટેના આવ્યા હતા. જેમાં ૫૫ ટકાથી વધુ કેસોમાં પતંગની દોરીથી પશુ-પક્ષી ઘાયલ થયા હોવાનું ધ્યાને આવ્યું છે.

તા.૧૪ જાન્યુઆરીને ઉતરાયણના દિવસે ૧,૦૬૨ ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટેના કોલ હેલ્પલાઈન નંબર પર આવ્યા હતા. જેમાં સૌથી વધુ કોલ અમદાવાદમાંથી ૨૩૯ આવ્યા હતા. સુરતથી ૧૧૦, વડોદરાથી ૮૯ કોલ આવ્યા હતા. અમદાવાદમાં ગત વર્ષે ૧૮૪ કોલ હતા જેમાં આ વર્ષે ૨૯.૮૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે સમગ્ર રાજ્યમાં ગત વર્ષે ઉતરાયણના દિવસે ૬૮૭ કોલ આવ્યા હતા. જેની સામે ચાલુ વર્ષે ૧,૦૬૨ કોલ આવ્યા છે. જે ૫૪.૫૯ ટકાનો વધારો સુચવો છે.

ઉતરાયણના દિવસે ૪૦૪ પક્ષીઓ, ૩૦ બિલાડી, ૧૩૫ બળદ, ૫ ગાય, ૪૩૧ કૂતરા, ૩ સમડી સહિતના પશુપક્ષીઓની સારવાર કરાઈ હતી. લોકની તહેવારોની ઉજવણી મોજમસ્તી સતત બીજા દિવસે પણ નિર્દોષ પશુ-પક્ષીઓ માટે ઘાતક-જીવલેણ પુરવાર થઈ હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ તા.૧૫ જાન્યુઆરીને વાસી ઉતરાયણના દિવસે પણ સતત કોલ આવ્યા હતા. જેમાં મોડી સાંજ સુધીમાં ૧,૧૪૦ કોલ આવ્યા હતા. ગત વર્ષે ૭૬૬ કોલ હતા. આમ આ વર્ષે ૫૦.૯૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો. અમદાવાદમાંથી ૨૩૫ કોલ આવ્યા હતા. ઉતરાયણના બે દિવસ દરમિયાન ૧,૩૭૭ પ્રાણીઓ અને ૮૨૯ પક્ષીઓની ઈમરજન્સીમાં સારવાર કરવામા આવી હતી.

રાજ્યમાં ૬૦ ટકા અકસ્માતો આંખની કમજોરીને કારણે થાય છે

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજ્યભરમાં થતા અકસ્માતોમાં ૬૦ ટકા અકસ્માતો વાહન ચાલકની આંખની કમજોરીના કારણે થતા હોવાનું ચોંકાવનારુ તારણ સામે આવ્યું છે. રાજ્યમાં અકસ્માતોને નિવારવા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી થઈ રહી છે, ત્યારે તંત્ર દ્વારા અલગ અલગ યુનિવર્સિટીઓમાં યુવાઓને અકસ્માતો બાબતે માહિતગાર કરાઈ રહ્યાં છે.

રાજ્યમાં દર વર્ષે ૮ હજાર લોકોના માર્ગ અકસ્માતથી મોત થાય છે, જ્યારે અમદાવાદમાં દર વર્ષે ૪૦૦ લોકોના માર્ગ અકસ્માતથી મોત થાય છે. એટલે કે અમદાવાદમાં દરરોજ સરેરાશ એક વ્યક્તિ અકસ્માતથી મોતને ભેટે છે. બીજી તરફ રાજ્યભરમાં વધતા જતા માર્ગ અકસ્માતોને નિવારવા એક્સિડન્ટ બ્લેક સ્પોટ શોધી કાઢવાનો નિર્ણય કરાયો છે. જે માટે રાજ્યના આર એન્ડ બી વિભાગ, વાહન વ્યવહાર વિભાગ અને પોલીસ વિભાગને રાજ્ય સરકાર અને રોડ સેફ્ટી કાઉન્સીલ તરફથી આ સૂચના અપાઈ છે. એટલું જ નહીં રસ્તામાં નડતરરૂપ બાંધકામો અને ઝાડ દૂર કરવાનો નિર્ણય પણ કરાયો હોવાનું રાજ્યના રોડ એન્ડ સેફ્ટી ઓથોરિટી ગુજરાતના ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર એસ.એ. મોજણીદારે જણાવ્યું હતું.

બીજી તરફ રોડ સેફ્ટી વીકની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ડૉ. તેજલ દલાલે જણાવ્યું હતું કે, ૬૦ટકા જે વાહનચાલકો છે તેઓ ૨-૨ વર્ષ સુધી આઈ ચેક અપ કરાવતા નથી. ૬૦ ટકા અકસ્માત આંખની કમજોરીના કારણે થઈ રહ્યાં છે.

કોલ્ડવેવથી રાજ્ય ઠૂંઠવાયું... ૫ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડું શહેર

અમદાવાદ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટતાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા પવનથી ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ૧૦ શહેરમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયો છે. અમદાવાદમાં ૯ ડિગ્રી સાથે સિઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો છે. હજુ ૪ દિવસ કોલ્ડવેવની અસરોને કારણે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઠંડીનું જોર વધવાની શક્યતા છે. ખાસ કરીને રાજ્યનાં સૌરાષ્ટ્ર-કચ્છનાં ભાવનગર, અમરેલી, પોરબંદર, રાજકોટ તેમજ ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠા સહિત રાજ્યનાં તમામ વિસ્તારો કાતિલ ઠંડીની લપેટમાં આવી જવાની શક્યતા છે.

અમદાવાદ સહિત ૧૦ શહેરોમાં ઠંડીનો પારો ગગડીને ૧૦.૦ ડિગ્રીથી નીચે પહોંચ્યો હતો.સમગ્ર રાજ્યમાં ૫ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડું શહેર બન્યું હતું. જ્યારે ૭ ડિગ્રી સાથે ગાંધીનગર બીજા ક્રમનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું. ૨૪ કલાકમાં અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૪ ડિગ્રી ઘટીને ૯ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જ્યારે ઠંડા પવનોની અસરોથી રાજ્યનાં અન્ય તમામ શહેરોમાં ઠંડીનો પારો ગગડીને ૧૦થી ૧૪ ડિગ્રીની આસપાસ નોધાતા લોકો ઠંડીથી ઠુંઠવાઈ ગયા હતા.

હવામાન ખાતાએ આગામી ૪ દિવસ સુધી કોલ્ડવેવની આગાહી કરી છે. તેમાં પણ આગામી ૪૮ કલાક સુધી તાપમાનમાં કોઈ ફેરફાર થશે નહીં. ત્યારબાદ બે થી ત્રણ ડિગ્રી તાપમાન ઉંચકાઈ શકે છે. ખાસ કરીને સોસાયટીના સિક્યોરિટી ગાર્ડસ, પાનના ગલ્લાધારકો, રાતજગોની ટેવ ધરાવતા યુવાનો તાપણાં કરીને ઠંડી ઉડાડતા જોવા મળે છે.

વઘઈના શિક્ષક રજનીભાઈ કુંવરનું પૂ.મોરારી બાપુ દ્વારા બહુમાન

રૂા.૨૫ હજારનો ચિત્રકૂટ રોકડ પુરસ્કાર અર્પણ કરાયો

આહવા

વિશ્વવંદનિય આદરણિય પૂજ્ય સંતશ્રી મોરારીબાપુના વરદ્ હસ્તે જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકને ચિત્રકૂટ ધામ, તલગાજરડા તા.મહુવા જિ.ભાવનગર દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ચિત્રકૂટ એવોર્ડ તથા રૂા.૨૫,૦૦૦/- રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ચીંચીનાગાંવઠા પ્રાથમિક શાળામાં ઉપશિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી રજનીભાઈ કાશીરામભાઈ કુંવર જેઓ ચિંચોંડ ગામના વતની છે. શાળામાં બાળકો અને સમાજ માટે થયેલ નવતર પ્રયોગો અને તેના સારા પરિણામો તેમજ શૈક્ષણિક,મેડિકલ તથા અન્ય સેવાકિય પ્રવૃત્તિઓને બિરદાવી આજે તા.૧૫/૦૧/૨૦૨૦ ના રોજ ચિત્રકૂટ ધામ ખાતે પૂજ્ય મોરારીબાપુ તથા મહાનુભાવોના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ તેમજ શાલ ઓઢાડી,રોકડ પુરસ્કાર આપી સન્માન કરાયું હતું.

પૂજ્ય મોરારીબાપુએ જણાવ્યું હતું કે રાજ્યના તમામ શિક્ષકો શ્રેષ્ઠ છે. પરંતુ તેમાંથી શ્રેષ્ઠ પારિતોષિક મેળવનાર શિક્ષકો છે. ગુજરાતના પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રો અમૂલ્ય યોગદાન આપતા શિક્ષકો પ્રત્યેક બાળકમાં રામ અને કૃષ્ણના દર્શન કરતા કરતા વશિષ્ઠ અને સાંદિપની બની જાય છે. આ સારસ્વતોનું સન્માન એક અવિસ્મરણિય ઘટના બની રહેશે.

ઉપશિક્ષક શ્રી રજનીભાઈએ ઋણ સ્વિકાર કરતા જણાવ્યું હતું કે શિક્ષા પ્રાપ્તિ માટે આવતા દરેક બાળકોમાં રહેલી શક્તિને પારખીને તેના વ્યક્તિત્વ ને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવવાનું કાર્ય અમો કરીએ છીએ. ડાંગ જિલ્લાના બાળકો ઉત્તરોત્તર પ્રગતિ કરે અને બીજા જિલ્લાઓની હરોળમાં રહી શકે તે માટે અમો સતત માર્ગદર્શન આપીએ છીએ.

ભાવવંદના ના આ પ્રસંગે સીતારામબાપુ,ધારાસભ્ય શ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતીષભાઈ પટેલ, ખજાનચી ભાભલુભાઈ વરૂ ઉપસ્થિત રહ્યા હતા.

રજનીભાઈને ચિત્રકૂટ એવોર્ડ મેળવવા બદલ જિલ્લા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ, ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, પ્રમુખ શ્રી ધનજરાવભાઈ,મહામંત્રી રણજીતભાઈ પટેલ તેમજ તમામ તાલુકા સંઘ ના પ્રમુખ,મહામંત્રીશ્રીઓ,શાળા પરિવાર તથા ગ્રામજનોએ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

એક વર્ષથી સાસરિયા દ્વારા યુવતીને સતત ત્રાસ આપવામાં આવતો હતો: પરિવારનો આક્ષેપ

કેનેડામાં બોરસદની યુવતીની કચડાયેલી હાલતમાં લાશ મળી આવતા ખળભળાટ

આણંદ

બોરસદના પામોલની યુવતીની કેનેડામાં કચડાયેલી હાલતમાં લાશ મળી આવી છે. ઘટનાની જાણ થતા યુવતીના પરિવારજનોમાં શોકનો માહોલ ફેલાયો છે. સાસરિયાઓ જ યુવતીની હત્યા કરાવી છે તેવો યુવતીના પરિવારનો આક્ષેપ છે. પોલીસે હત્યા છેકે અકસ્માત તે તરફ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, હિરલ પટેલ બોરસદના પામોલની વતની હતી. તેના લગ્ન બોરસદના જ કિંખલોડ ગામના યુવક સાથે થયા હતા. હિરલ છેલ્લા ત્રણ વર્ષથી પતિ કેનેડામાં રહેતી હતી. લગ્નના શરૂઆતના દિવસો સારી રીતે વીતી રહ્યા હતા. જોકે છેલ્લા એક વર્ષથી સાસરિયા તરફથી યુવતીને સતત ત્રાસ મળી રહ્યો હતો. હિરલની હત્યા તેના સાસરિયાઓએ જ કરાવી છે તેવો આક્ષેપ હિરલના પરિવારજનોએ લગાવ્યો છે.

કેનેડામાંથી બોરસદની હિરલ પટેલની લાશ મળી આવી છે. ત્યારે ટોરોન્ટો પોલીસે ૧૨ જાન્યુઆરીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, હિરલ પટેલ ૧૧ જાન્યુઆરીએ રાત્રે ૧૧ વાગ્યાથી મિસિંગ હતી. છેલ્લે બ્લેક જેકેટ, ગ્રે પેન્ટ્સમાં હિરલ પટેલ જોવા મળી હતી. હાલમાં પોલીસ વધુ તપાસ કરી રહી છે.

શ્રમિક મહિલાએ ૩ બાળકોને જન્મ આપતા પરિવારમાં ખુશીનો માહોલ

મોડાસા

મેઘરજ તાલુકાના પીસાલ ગામની મહિલાને પ્રસુતાની પીડા ઉપડતા મોડાસાની ખાનગી ઈવા હોસ્પિટલમાં પ્રસુતિ માટે ખસેડાતા ડૉ.મૌલિક ગાંધીએ ગાયત્રીબેન શનાભાઈ મકવાણા નામની મહિલા અને ગર્ભમાં રહેલા ટ્રિપ્લેટ બાળકોની સ્થિતિને અનુલક્ષીને તાત્કાલિક ઓપરેશન કરી પ્રસુતિ કરાવતા બે બાળકી અને એક બાળકને જન્મ આપ્યો છે. ટ્રિપ્લેટ બાળકો જન્મ સમયે થોડા કમજોર હોવાથી ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડો. એમ. એ. ખાલકે લોટસ પી. આઈ. સી. યુ & એન.આઈ.સી.યુ હોસ્પિટલમાં બાળસખા યોજના અંતર્ગત સતત ૧૦ દિવસ સુધી સઘન સારવાર આપી ત્રણે બાળકોની તબિયત સારી થતા રજા આપવામાં આવી હતી. શ્રમિક પરિવારમાં આનંદ છવાયો હતો.

આ યોજના હેઠળના લાભાર્થી નવજાત શિશુઓને આ યોજનામાં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંતો દ્વારા તેઓની હોસ્પિટલમાં નવજાત શિશુઓને લગતી કોઈપણ બિમારી માટે નિ.શુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળરોગ નિષ્ણાંતો શિશુના સગાને વાહનવ્યવહાર પેટે રૂ. ૨૦૦ લેખે વાઉચર ઉપર સહી લઈને તુરંત જ ચૂકવી આપશે તથા સાથે આવનાર આશા કાર્યકરને પ્રોત્સાહન રકમ પેટે રૂ.૫૦/– વાઉચર પર સહી લઈને ચૂકવી આપશે.

ટોલનાકે કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા અને ટોલ કર્મચારીઓ વચ્ચે માથાકૂટ

ગોંડલ

રાજકોટ-સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા ભરૂડી ટોલનાકા પર કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા અને ટોલ કર્મચારીઓ વચ્ચે માથાકૂટ થઈ હતી.

ભરૂડી ટોલ પ્લાઝા પર કેબિનેટ મિનિસ્ટર જયેશ રાદડિયાએ ટોલ કર્મચારીઓને લાંબી લાઈન ક્લિયર કરાવવા માટે ટકોર કરી હતી. જેને કારણે માથાકુટ થઈ હતી. માથાકૂટ થતા લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. ટોલનાકાના જવાબદાર અધિકારીઓના ફોન સ્વિચ ઓફ આવી રહ્યા છે.

ગુજકોમાસોલની કમાન ફરી દિલીપ સંઘાણી સંભાળશે

અમરેલી

રાજ્યના કૃષિક્ષેત્રનું સૌથી મોટુ માળખુ ધરાવતા ગુજકોમાસોલનું સુકાન દિલીપ સંઘાણીને ફરી સોપાયું છે. દિલીપ સંઘાણી પૂર્વ સહકારી મંત્રી પણ રહી ચૂક્યા છે. દેશની સૌથી મોટી ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન એટલે ગુજકોમાસોલ. આ ગુજકોમાસોલમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ છે. જેમાં ભાજપના મહામંત્રી કે સી પટેલ અને પ્રવક્તા ભરત પંડ્યા મેન્ડેટ લઈને પહોંચ્યા હતા.

એક સમયે ગુજકોમાસોલ પર કોંગ્રેસનો કબજો હતો. વર્ષો સુધી ગુજકોમાસોલનું ચેરમને પદ નટુ પિતાંબરે શોભાવ્યું છે. હવે આ સંસ્થા પર ભાજપનો કબજો છે. સરકારે ધીમેધીમે નાફેડને આગળ કરી ગુજકોમાસોલનું કદ ઘટાડ્યું છે પણ આજે આ ખેડૂતો માટે અતિ અગત્યની સંસ્થા છે. રાજ્યમાં તાલુકા જિલ્લા સંઘો અને સહકારી મંડળીઓ સહિત કુલ ૫૪૦૦ સભાસદો છે.

૧ મે ૧૯૬૧ થી ગુજકોમસોલે ખાતરોનું વિતરણ શરૂ કર્યું. ૧૯૭૬માં જીએસએફસીની સ્થાપના સાથે તેના મુખ્ય વિતરકો તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ગુજકોમસોલ જીએસએફસી, જીએનએફસી, ઈફકો, ક્રિભકો, ભારતીય પોટાશ માટે પણ મુખ્ય ડિસ્ટ્રિબ્યુટર છે. ફેડરેશન દ્વારા માત્ર સહકારી મંડળ દ્વારા ખાતરોના વિતરણની નીતિ અપનાવવામાં આવી હતી અને ગુજરાત સરકારે આ નીતિ સ્વીકારી હતી.

૧૯૬૧માં ફેડરેશનની પૂલ ખાતરોના એકમાત્ર વિતરણ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. વિતરણ ચેનલ ફક્ત સહકારી મંડળીઓ દ્વારા છે. ફેડરેશન પાસે આમ તો પિરામિડ પ્રકારનો ગામલોક સ્તરે પ્રાથમિક સોસાયટીઓ છે જેનો વિશાળ આધાર રચાય છે જેમાં બહુહેતુક અને સેવા સહકારી મંડળીઓનો સમાવેશ થાય છે.

અનુ.જનજાતિના યુવક-યુવતીઓ માટે સાગરકાંઠા ભ્રમણ કાર્યક્રમ

ઉત્સુક યુવકોએ રમત-ગમત કચેરીનો સંપર્ક કરવો

નવસારી

અનુસુચિત જનજાતિના યુવક-યુવતીઓ માટે સાહસિક પગપાફા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જાડાવવા ઈચ્છુક યુવક-યુવતીઓ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદાવાળા વિદ્યાર્થી યુવક/યુવતીઓએ સાહસિક પગપાળા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જાડાવાની ઉમદા તક આપી પ્રોત્સાહિત કરવા રાજય સરકાર દ્વારા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણના ૧૦ દિવસ માટે કાર્યક્રમ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

રાજય સરકારના કમિશનર યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા રાજય સરકારના ખર્ચે ૧૦ દિવસનો સાગરકાંઠા વિસ્તર પરિભ્રમણ કાર્યક્રમ ફેબ્રુઆરી-૨૦૨૦ માં નવસારી ખાતે યોજવામાં આવનાર છે. જેમાં પસંદ થયેલા ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. અનુસુચિત જનજાતિના યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧/૧૨/૨૦૧૯ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ અરજીપત્રક, ઓળખનો પુરાવો, મેડીકલ સર્ટીફિકેટ, જાતિનો દાખલો, પાસપોર્ટ સાઈઝના બે ફોટાની વિગતો ભરીને આધાર પુરાવા સાથે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારીને તા.૨૭/૦૧/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

કાર્યક્રમમાં પસંદ થનાર યુવક-યુવતીઓને પત્ર/મોબાઈલ/ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી નવસારી દ્વારા જણાવાયું છે.

મહારાષ્ટ્રના ધુલીયામાં પરણેલી લીંબાયતની યુવતી પર અત્યાચાર

સાસરીયા વિરૂદ્ધ સુરત પોલીસમાં ગુનો નોંધાયો

સુરત

દહેજ માટે પરણીતા ઉપર અત્યાચાર ગુજરી એસીડ નાખી જાનથી મારી નાખવા તથા સમાજમા બદનામ કરવાની ધાક-ધમકી આપનાર મહારાષ્ટ્રના સાળૂકે પરિવાર વિરુદ્ધ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોધાઇ છે.

લીંબાયતની યુવતીએ મહારાષ્ટ્રના ધુલીયામાં આવેલા વાડીભોકર રોડની નયનાસોસાયટીમાં રહેતા સાસરિયામાં સંદિપ પંઢરીનાથ સાળૂંકે, જનાબાઇ પંઢરીનાથ સાળુંકે, પંઢરીનાથ દિનકર સાળૂંકે, મહેશ પંઢરીનાથ સાળુંકે રહેવાસી. અંચાળે ગામ વાયા મુકિત તા.,જીલ્લો ધુલીયા, મહારાષ્ટ્ર, છોટુ દિનકર સાળુંકે, કવિતા છોટુ સાળૂંકે વિરુદ્ધ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર તમામા આરોપીઓએ એકબીજાની મદદગારીમાં પરણીતાને મેણા ટોણા મારી ગાળ ગલોચ કરી ઢિકમુકીનો માર માર્યો હતો તેમજ અવાર નવાર મારઝુડ કરી એસીડ નાખી જાન થી મારી નાખવાની ધમકી આપી અને સમાજ મા બદનામ કરવાની ધાક ધમકી આપી હતી જેથી કંટાળી તેની પિયર આવી ગઈ હતી અને દહેજ લાલચુ સાસરીયા વિરુદ્ધ પોલીસનું શરણું લેતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

સુરત મહેસૂલી તંત્રના અધિકારીઓને વગર વાંકે દંડાવાની નોબત આવી

મિલ્કતની નોંધણી વખતે મિલ્કતના માલિકી પુરાવા લેવા સામે હાઈકોર્ટની રોક

સુરત

રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા નિતી-નીયમોમાં અનેક વખત સામાન્ય જનતાથી માંડીને મહેસુલી તંત્રના અધિકારીઓને વગર વાંકે દંડાવાની નોબત આવતી હોવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. પરંતુ મહેસુલ તંત્રમાં જ સંકલન અને યોગ્ય સુચનાઓના અભાવે કેટલાક સમયથી મહેસુલી તંત્ર અને પોલીસ તંત્ર આમને સામને આવી ગયા હોય તેમ કહીએ તો નવાઇ નહી.

સુરત શહેર સહિત જિલ્લાની કુલ ૧૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ વખતે રજૂ થતા દસ્તાવેજો, લેખોમાં કે સ્થાવર મિલ્કતના માલિકી હક્ક અંગે પુરાવા સબ રજીસ્ટ્રારે નહી લેવાનું હાઇકોર્ટે ચુકાદો જાહેર કર્યું છે. બીજી તરફ સબ રજીસ્ટ્રાર કચેરીએ જે મિલ્કતો નોંધાવા માટે રજૂ થતી હોય છે તેમાં માલિકી હક્કો અંગે મિલ્કત ધારક અને તેમના સંબંધીઓ, ભાગીદારો તેમજ ખરીદનાર વચ્ચે કોઇ વિવાદ થયો હોય તો તેવા કેસોમાં પોલીસ કેસ થાય છે, આખરે ભોગ બનવાનો વારો સબ રજિસ્ટ્રારનો આવે છે. સબ રજીસ્ટ્રાર માલિકી હક્કના પુરાવા લે તો હાઇકોર્ટના આદેશનો ભંગ થાય અને મિલ્કતોમાં ઉભા થતા વિવાદમાં પોલીસ ફરિયાદ થાય તો પુરાવા વગર મિલ્કતની નોંધણી કરવા બદલ પોલીસ સીધી સબ રજીસ્ટ્રાર સામે એફ. આઇ. આર. દાખલ કરે છે! આવા સંજોગોમાં મહેસુલ વિભાગે પોતે કેટલીક સ્પષ્ટતા પોલીસ તંત્રની કરવી જોઇએ તેવી માંગ ઉઠવા પામી છે.

વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર હાઇકોર્ટે ૧૨ જાન્યુઆરી ૨૦૧૬ના કોમન ઓરલ ઓર્ડર મુજબ દસ્તાવેજોની નોંધણીમાં માલિકી હક્ક પુરાવા નહી લેવા બાબતે ચુકાદાને પગલે નોંધણી સર નિરીક્ષક, ગાંધીનગર દ્વારા અગાઉનો માલિકી હક્ક પુરાવા લેવાનો મહેસુલ વિભાગનો પરિપત્ર તા.૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ રદ કર્યો હતો. એટલું જ નહી મહેસુલ વિભાગે તા.૯ નવેમ્બર ૨૦૧૫ના રોજ આવા વિવાદોમાં સંદર્ભે દરેક જિલ્લામાં નોંધણી અધિકારીઓની કમિટી બનાવવાની જાહેરાત પણ કરી હોવાનું જાણવા મળે છે. આવી કમિટી આક્ષેપિત અથવા તો વિવાદી દસ્તાવેજ નોંધણી સંદર્ભની ફરિયાદમાં તપાસ કરી પોતાનો રિપોર્ટ આપે એ પછી જ સબ રજિસ્ટ્રાર્સ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાનું સરકારે ઠરાવ્યું છે. આ સંદર્ભે વકીલોનું કહેવું છે કે પોલીસ અને ન્યાય તંત્ર પાસે હાઇકોર્ટના ચુકાદા તથા મહેસુલ વિભાગના પરિપત્રોની પુરતી જાણકારી ન હોવાથી તેઓ પોલીસ તંત્ર દ્વારા હેરાનગતિ થતી હોવાનું જાણવા મળે છે.

હાઇકોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવેલ છે તે બાબતે નોંધણી નિરીક્ષક ગાંધીનગરની કચેરી દ્વારા જુનો પરીપત્ર રદ્ કર્યો હોવાથી અત્રેની સબ રજીસ્ટ્રાર કચોરીઓમાં તેનું પાલન કરવામાં આવે છે. સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં જે પુરાવા વગર મિલ્કતની નોંધણી કરવા બદલ પોલીસ દ્વારા સબ રજીસ્ટ્રાર ઉપર જે ગુનો દાખલ કરવામાં આવે તેવા કિસ્સાઓમાં અત્રેની કચેરી દ્વારા તેની ચોકસાઇ પૂર્વક તપાસ પણ કરવામાં આવતી હોય છે.

ખાનગી શાળા છોડી વાલીઓ સરકારી શાળા તરફ વળ્યા, એડમિશન લેવા માટે વાલીઓની લાઈન લાગી

સુરત

મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ઉત્રાણની મહારાજા કૃષ્ણકુમારસિંહજી શાળા ક્રમાંક નં ૩૪૪ અને ૩૪૬ શરૂ થયાના માત્ર ત્રણ વર્ષમાં જ એડમિશન માટે વિદ્યાર્થીઓની પડાપડી થઇ રહી છે. આજથી વર્ષ ૨૦૨૦-૨૧ માટે એડમિશન પ્રક્રિયા શરૂ થતાની સાથે જ મહારાજા કૃષ્ણકુમારસિંહજી શાળામાં વાલીઓની લાઇનો લાગી ગઇ છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ઉત્રાણમાં ૨૦૧૭માં ૩૦૦ વિદ્યાર્થીની સંખ્યા સાથે મહારાજા કૃષ્ણકુમારસિંહજી શાળા ક્રમાંક નં ૩૪૪ શરૂ કરવામાં આવી હતી. જોકે, બે જ વર્ષમાં અન્ય એક સ્કૂલ શ્રી પ્રમુખસ્વામી મહારાજ પ્રાથમિક શાળા ક્રમાંક ૩૪૬ને મર્જ કરી વર્ગો વધારી દેવાની શિક્ષણ સમિતિને ફરજ પડી હતી. આ પાછળનું કારણ એ છે કે, સ્કુલમાં વર્ગની સંખ્યામાં વધારો કરી દેવામાં આવ્યો છે. વિદ્યાર્થીના સમાવેશ બાદ પણ હાલ નવા એડમીશન માટે વિદ્યાર્થીઓનો ઘસારો છે. નવા એડમિશન માટેની અરજીઓમાં ૯૮ ટકા જેટલી અરજીઓ તો ખાનગી શાળામાં ભણતા વિદ્યાર્થીઓની છે.

ઉત્રાણની સ્કૂલમાં શિક્ષણનું સ્તર સુધરવા પાછળનું કારણ આચાર્ય અને શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે કરેલી આત્મિયતા છે. શાળાના આચાર્યએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે આત્મીયતા હોય અને વિદ્યાર્થીઓ તેમની સમસ્યા સરળતાથી રજૂ કરી શકે તેવું વાતાવરણ સ્કૂલમાં બનાવવામા આવ્યું છે. સ્કૂલમાં સર અને ટીચરનું સંબોધન વિદ્યાર્થીઓ કરતાં જ નથી તેના બદલે ગુરૂજી અને દીદીનું સંબોધન કરે છે. આવા પ્રકારના સંબોધનના કારણે આત્મિયતા વધતાં ગુરૂ અને વિદ્યાર્થી વચ્ચેનો ગેપ ઘટી જતાં તેઓની સમસ્યા ઘણી સરળતાથી દૂર થઇ શકે અને તેના કારણે જ શિક્ષણનું સ્તર વધુને વધુ ઉંચુ લાવવાના પ્રયાસમાં સફળતા મળી રહી છે.

શિક્ષણ સમિતિની ઉત્રાણ સ્કૂલમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે વિદ્યાર્થી-શિક્ષક વચ્ચે આત્મિયતા ઉપરાંત આચાર્ય અને શિક્ષકોના બાળકો જ અભ્યાસ કરતે તે પણ છે. આ સ્કૂલના આચાર્ય અને કેટલાક શિક્ષકોએ અન્ય વાલીઓમાં વિશ્વાસ વધે અને શિક્ષણ પ્રત્યેની પોતાની ફરજ નિભાવવા માટે અનોખો પ્રયોગ કર્યો છે. શાળાનાં આચાર્યના બન્ને બાળકો પણ આ જ શાળામાં અભ્યાસ કરે છે. આ ઉપરાંત આ સ્કૂલના કેટલાક શિક્ષક અને સમિતિના કેટલાક શિક્ષકો જેઓ આ વિસ્તારમાં રહે છે તેના પણ કેટલાક બાળકો ઉત્રાણની સ્કૂલમાં અભ્યાસ કરે છે. જ્યારે આચાર્ય અને શિક્ષકોના બાળકો જ શાળામાં અભ્યાસ કરતાં હોય તેવી શાળામાં વાલીઓનો વિશ્વાસ પણ વધે છે.

ડોક્ટરો, શિક્ષકો, બિઝનેસમેન સહિતના વ્યવસાય સાથે જોડાયેલા વાલીઓ પોતાના બાળકોને ખાનગી શાળામાંથી ઉઠાડી આ શાળામાં મૂકવા તૈયાર થયા છે. પરિણામે આ શાળામાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓ ખાનગી શાળા છોડીને આ સરકારી શાળામાં અભ્યાસ કરી રહ્યાં છે.

જ્વેલર્સનાં માલિક પાસેથી ૧૫ લાખની મતા ભરેલો થેલો લઈ ગઠિયો ફરાર

આણંદ

બોરસદ શહેરના બળિયાદેવ મંદિર પાસે આવેલા પટેલ ચકલામાં શ્રી ગણેશ જવેલર્સના સોની સવારે ૧૧-૦૦ વાગ્યાના અરસામાં પોતાની બાઈક પર એક થેલા ૩૫૦ ગ્રામ સોનાના દાગીના તથા રોકડા એક લાખ રૂપિયા મળીને કુલ ૧૫ લાખ મતા લઈને દુકાને પહોંચ્યા હતા. ત્યારે તેઓ બાઈક પાર્ક કરી રહ્યાં હતા.તે સમયે એક બુકાનધારી ગઠિયો બાઈક નજીક જઈને તેઓનો ૧૫ લાખની મતા ભરેલો થેલો ઉઠાવીને ભાગ્યો હતો. નજીકમાં બાઈક લઈને ઉભેલા યુવકની બાઈક પર બેસીને બંને ગઠિયા રફુચકર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે આજુબાજુની દુકાનોમાં લગાવેલા સીસીટીવી કેમેરા ફૂટેજની ચકાસણી કરતાં એક મોઢાપર બુકાની બાંધેલા,શરીરે જેકેટ અને બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ શખ્સ ચીલઝડપ કરીને ભાગ્યો હોવાનું નજરે પડયું હતું. જેથી પોલીસે તાત્કાલિક નાકાબંધી કરાવીને તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ઓછી ફી લેતી શાળામાં પ્રવેશ મેળવવા વાલીએ કાતિલ ઠંડીમાં આખી રાત લાઈન લગાવી



અમદાવાદ

ગુજરાતમાં દિનપ્રતિદિન શિક્ષણ મોંઘુ થઈ રહ્યું છે, તેમજ વિદ્યાર્થીઓની સાથેસાથે વાલીઓ પર પણ ભણતરનો ભાર વધી રહ્યો છે. જેમાં ખાનગી સ્કૂલોની તોતિંગ ફીથી લઈ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓના નામેલેવામાંઆવતા ચાર્જના કારણે વાલીઓ સંતાનોને પેટે પાટા બાંધી ભણાવવા મજબૂર બને છે. ખાસ કરીને છેલ્લા બે વર્ષથી રાજ્યમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે તો તેની સામે ફી વધી રહી છે. જેના કારણે હવે વાલીઓએ સરકારી શાળાઓ અને ઓછી ફી લેતી સારી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે લાઈન લગાવી રહ્યા છે. તે જોતા આગામી દિવસોમાં કહેવાતી નામાંકિત અને ઉંચી ફી વસૂલતી શાળાઓને તાળા વાગે તેવી સ્થિતિ જણાઈ રહી છે. શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી ચાણક્ય સ્કૂલમાં ગુજરાતી મિડિયમમાં એડમિશન લેવા માટે વાલીઓએ બુધવાર બપોરેથી લાઈનો લગાવી હતી. બપોરે લગભગ ૫૦૦ જેટલા લોકો એડમિશન ફોર્મ લેવા માટે લાઈનમાં ઉભા રહ્યા હતા. માત્ર એટલું જ નહીં કડકડતી ઠંડીમાં ૩૦૦ જેટલા લોકોએ ગોદડા પાથરીને સ્કૂલ આગળ રાતવાસો કરીને ફોર્મ મેળવવા માટે ઉજાગરા કર્યા હતા. માત્ર એટલું જ નહીં આ લાઈનમાં ચાણક્ય સ્કૂલના જ વાઈસ પ્રિન્સિપાલ (પ્રાઈમરી) વિશાલ પ્રજાપતિ પોતાના દિકરાના એડમિશન માટે લાઈનમાં ૬૪માં નંબર પર ઉભા રહ્યા હતા. તેની સાથે સ્કૂલના ત્રણ શિક્ષકો પણ લાઈનમાં ઉભા રહ્યા હતા. આજે ફોર્મ વિતરણની કામગીરી ગુરૂવારે સવારે સાડા નવ વાગ્યે શરૂ થઈ હતી. જો કે લાંબી લાઈનની પાછળનું કારણ સ્કૂલે નિયત કરેલી છે. એફઆરસી મુજબ સ્કૂલ ફી રૂ.૧૫ હજાર છે જ્યારે ચાણક્ય સ્કૂલ દ્વારા રૂ.૭૨૦૦ ફી લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કઠોરમાં નવનિર્મિત ફિટનેશ સેન્ટરનું લોકાર્પણ કરતા મંત્રી ઈશ્વરસિંહ પટેલ

રૂા.૧.૫૦ કરોડના ખર્ચે કામરેજ તાલુકા કક્ષાના સ્પોર્ટ્સ સંકુલનું નિર્માણ કરાશે

સુરત

સહકાર અને રમત-ગમત રાજ્ય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે કામરેજ તાલુકાના કઠોર ખાતે શ્રી કઠોર કેળવણી મંડળ કેમ્પસ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે નવનિર્મિત શ્રી કઠોર કેફવણી મંડળ સંચાલિત પ્રકાશકુમાર કાંતિલાલ મૈસુરીયા જિલ્લાકક્ષા રમતગમત શાળા (સુરત ગ્રામ્ય)ના ફિટનેસ સેન્ટર અને રામચંદ્ર ઝવેરભાઈ પટેલ પ્રાથમિક વિભાગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

દાતા હસમુખલાલ ઉર્ફે દિનેશભાઈ રામચંદ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)ના સહયોગથી વિદ્યાર્થીઓ શાળાકીય અભ્યાસ ઉપરાંત માનસિક અને શારિરિક રીતે ફિટ રહે તેમજ રમત-ગમત ક્ષેત્રે આગળ વધે તે હેતુથી ફિટનેસ સેન્ટરનું નિર્માણ કરાયું છે. આ વેળાએ સંસ્થા દ્વારા આયોજિત વાર્ષિક મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તરે ગુજરાત પ્રત્યે લોકોની માનસિકતા છે કે ગુજરાતીઓ ક્યારેય રમત ગમત ક્ષેત્રે આગળ ન આવી શકે. વર્ષ ૨૦૧૦ માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ખેલ મહાકુંભની શરૂઆત થઈ, જેના પરિણામે હજારો વિદ્યાર્થીઓ-રમતવીરોએ આ મ્હેણાંને સ્પોર્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ભાંગ્યું છે. તેમણે કહ્યું કે, ખેલમહાકુંભ થકી વિદ્યાર્થીઓ ખેલકુદમાં રસ દાખવતા થયા, પરિણામે ૨૦૧૦થી અત્યાર સુધીમાં ખેલાડીઓની સંખ્યા લગભગ ૧૬.૫૦ લાખથી વધીને ૪૭ લાખની આસપાસ નોંધાઈ છે. ગુજરાતમાંથી ૬ ખેલાડીઓ એશિયન ગેમ્સમાં પસંદગી પામ્યા, જેમાં ૪ ખેલાડીઓ મેડલ જીતી ગુજરાતનું વિશ્વસ્તરે ગૌરવ વધાર્યું હોવાનું શ્રી પટેલે જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, રૂ.૧.૫૦ કરોડના ખર્ચે કામરેજ તાલુકા કક્ષાના સ્પોર્ટ્સ સંકુલનું નિર્માણ કરાશે. જેમાં વેઈટ લિફ્ટિંગ, વોલીબોલ, રેસલિંગ જેવી વિવિધ રમત રમી શકાશે. વિદ્યાર્થીઓ આ સ્પોર્ટસ સંકુલનો ભરપૂર લાભ લઈ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉજ્જવળ પ્રદર્શન કરી પોતાનું અને દેશનું નામ રોશન કરે એવી અપેક્ષા વ્યક્ત કરતાં ઉમેર્યું કે, ટૂંક સમયમાં ખેલ મહાકુંભની જેમ કલા મહાકુંભ યોજાશે, જેમાં કલા ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ અચૂક ભાગ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

સંસ્થાના માજી વિદ્યાર્થી પ્રમુખ ટ્રસ્ટી એડવોકેટશ્રી પ્રકાશ મૈસુરિયાએ અંગત રીતે મહત્તમ પ્રમુખ દાન આપતા આ સેન્ટર સાકાર થયું છે. ગુણવત્તાસભર શિક્ષણ પુર પાડવાની સાથે-સાથે રમત-ગમત સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ સહિત અન્ય ઈત્તર પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂક્યો હતો. ૧૦૦ વર્ષથી વધુ જૂની સુરત જિલ્લા અને તાપી જિલ્લાની ગ્રામ્ય કક્ષાની સૌથી પ્રથમ વ.દે. ગલિયારા હાઈસ્કુલને સુરત જિલ્લાની સર્વશ્રેષ્ઠ સંસ્થાઓ પૈકીની એક સંસ્થા તરીકેનું નામ ઉજ્જવળ કરતા તેમની સેવાની કદરરૂપે તેઓ ડી.એલ.એસ.એસ સ્થાપકનું નામ કાયમી ધોરણે નામાકરણ કરવાનો શ્રી કઠોર કેફવણી મંડળ શૈક્ષણિક ટ્રસ્ટે ઉમદા નિર્ણય લીધો હતો. જે બદલ તેઓએ ટ્રસ્ટનો આભાર માની તેની પોતાની માતૃ સંસ્થા હોવાથી તેનુ ફકત ત્રણ સહિત ધર્મ, ફરજ અને જવાબદારીનો ભાગ ગણાવ્યો હતો.

ડી.એલ.એસ.એસ.ની મંજુરી હુકમ આપવા બદલ મંડફના પ્રમુખ હોદેદારો સહિત ટ્રસ્ટી મંડફના સભ્યોએ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલનો આભાર માની સ્પોર્ટ્સ ક્ષેત્રમાં હોનહાર ખેલાડીઓ મળવાની સાથે આ કાર્ય બદલ તેઓના ઋણી હોવાનુ જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ, વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ, વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય વી ડી ઝાલાવાડિયા, આચાર્ય, ટ્રસ્ટીઓ, શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ગંદકી કરવા બદલ સુભાષ બ્રિજ પાસેના બે કોમ્પલેક્સની ૧૦૦ દુકાનો સીલ કરાઈ

અમદાવાદ

સ્વચ્છતા મામલે અમદાવાદ દેશભરમાં છઠ્ઠા નંબર રહ્યું હોવાથી સ્વચ્છતા સર્વેક્ષણમાં નંબર લાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનનું સોલિડ વેસ્ટ ડિપાર્ટમેન્ટ હરકતમાં આવી ગયું છે. ઉત્તરાયણના બીજા દિવસથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં સોલિડ વેસ્ટ ડિપાર્ટમેન્ટની અલગ-અલગ ટીમોએ તપાસ હાથ ધરી હતી. સુભાષબ્રિજ પાસે આવેલા નંદનવન કોમ્પ્લેક્સ અને કાવેરી કોમ્પ્લેક્સમાં પુષ્કળ ગંદકી કરવા બદલ તેમાં આવેલી ૧૦૦ જેટલી દુકાનોને સીલ કરવામાં આવી છે. તેની સાથે સાથે જાહેરમાં ગંદકી કરવા બદલ નૂતન નાગરિક બેંક(લો ગાર્ડન)થી લઈ થાઈ સેનશેસન સહિતના એકમોને રૂ. ૨૫ હજારથી લઈ રૂ.૧૫૦૦ સુધીના દંડ કર્યા છે.

આનંદનગર રોડ પર આવેલા થાઈ સેનશેસનને જાહેરમાં રિપેરિંગ કામ બાદનો કાટમાળ જાહેર રોડ પર નાંખવા બદલ રૂ.૨૫ હજારનો દંડ. સાબરમતીમાં આવેલા સાશ્વત સ્કાયને ગટરનું પાણી જાહેરમાં નાંખવા બદલ રૂ. ૫ હજારનો દંડ. લો ગાર્ડન સ્થિત નૂતન નાગરિક બેંકને રૂ.૨૫ હજારનો દંડ નારોલમાં આકાશ ફેશન પ્રિન્ટ્સ પ્રા.લિ.ને જાહેર રોડ પર કચરો ફેંકવા બદલ રૂ. ૨૫ હજાર દંડ.

ઠક્કરબાપા નગરમાં આવેલા સ્ટોન કટિંગ ગોડાઉનને જાહેરમાં કચરો ફેંકવા બદલ રૂ.૫ હજાર દંડ. ઈન્ડિયા કોલોનીમાં સુહાના ગેસ્ટહાઉસને રોડ પર પાણી ફેંકવા બદલ રૂ.૨૫૦૦ દંડ. ઈન્ડિયા કોલોનીમાં આવેલા રિયાઝ સ્ક્રેપ ટ્રેડર્સને જાહેરમાં ગંદકી કરવા બદલ રૂ.૧૫૦૦ દંડ. ખાડિયામાં સનરાઈઝ હોટલને જાહેર રોડ પર પાણી ફેંકવા બદલ રૂ.૫૦૦૦નો દંડ.

રોજ ૩૦૦ રૂપિયાની કમાણી કરતા મજૂરને આયકર વિભાગે ૧ કરોડની નોટિસ મોકલી

મુંબઈ

મુંબઈના ઉપનગર ઠાણેના ઝુગ્ગી વસ્તી અંબીવલીમાં રહેતા બાબુસાહેબ આહિર ૩૦૦ રૂપિયા રોજ પર મજૂરી કરે છે. આયકર વિભાગે તેને જે નોટિસ મોકલી છે, તે જોઈ આ મજૂર ભાઈ જ નહી કોઈ પણ ચોંકી ઉઠે. આયકર વિભાગે રોજ ૩૦૦ રૂપિયા મજૂરી કરી કમાણી કરનાર મજૂરને ૧.૦૫ કરોડ રૂપિયાની ટેક્સ નોટિસ મોકલી દીધી છે. બતાવવામાં આવી રહ્યું છે કે, આહિરના બેક્ક ખાતામાં નોટબંધી દરમિયાન ૫૮ લાખ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા.

આયકર નોટિસ મળ્યા બાદ બાબુસાહેબ આહિરે ઠાણે પોલીસને આ મુદ્દે ફરિયાદ કરી છે. આહિરનું કહેવું છે કે, તેને આ બેક્ક ખાતાની કોઈ જાણકારી નથી, જેમાં ૫૮ લાખ રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા. આહિર અનુસાર, એવું બની શકે છે કે, તેના નકલી દસ્તાવેજના આધારે કોઈએ તેના નામે બેક્ક ખાતુ ખોલાવ્યું હોય. બાબુસાહેબ પોતાના સસરાની ઝુંપડીમાં તેમની સાથે જ રહે છે. આહિરે કહ્યું કે, તેને પહેલી વખત સપ્ટેમ્બર, ૨૦૧૬માં એક નોટિસ દ્વારા કબર પડી કે, એક પ્રાઈવેટ બેક્કમાં તેના નામે ખાતુ ખોલાવેલા ખાતામાં નોટબંધી દરમિયાન ૫૮ લાખ રૂપિયા જમા કરવામાં આવ્યા છે.

પહેલી નોટિસ મળતા જ બાબુસાહેબ આહિરે આયકર વિભાગ અને બેક્કનો સંપર્ક કર્યો. ખબર પડી કે, તેના પાનકાર્ડનો ઉપયોગ કરી બેક્ક ખાતુ ખોલવામાં આવ્યું છે, પરંતુ તેમાં તેનો ફોટો અને સહી ખોટા છે. સ્પષ્ટ થઈ ગયું કે, બેક્ક એકાઉન્ટ ખોલાવવા માટે તેના ડુપ્લીકેટ પાનકાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વર્ષે ૭ જાન્યુઆરીએ આયકર વિભાગ તરફથી આહિરને ૧.૦૫ કરોડની નોટિસ મોકલવામાં આવી છે. આ પહેલી નોટિસ આવ્યા બાદ પોલીસ અને આયકર વિભાગને જાણકારી આપ્યા બાદ આહિરને મોકલવામાં આવેલી આ બીજી નોટિસ છે. હવે આહિરની ફરિયાદ અનુસાર, પોલીસે તપાસના આદેશ આપ્યા છે.

સેન્સેક્સ ૫૯ અંકનાં વધારા સાથે ૪૧,૯૩૨ નજીક, નિફ્ટીમાં ૧૨ અંકનો વધારો

મુંબઈ

વૈશ્વિક સ્તરે સારા સંકેત મળતા આજે ટ્રેડિંગ દિવસ દરમિયાન ભારતીય બજારોમાં પોઝિટિવ વલણ જોવા મળ્યા. બીએસઈ સેન્સેક્સ ૫૯ અંક અથવા ૦.૧૪ ટકાના વધારા સાથે ૪૧,૯૩૨ નજીક જ્યારે નિફ્ટી ૫૦ સૂચકાંક ૧૨ અંક અથવા ૦.૦૯ ટકાના નજીવા વધારા સાથે ૧૨,૩૫૫ નજીક બંધ આવ્યા છે.

બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ ગુરુવારે અંતિમ ટ્રેડિંગ સેશનમાં ૨૯ અંક વધીને ૩૧,૮૫૩ નજીક સેટલ થયો છે. આ સિવાય મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ આજે સકારાત્મક વલણ જોવા મળ્યા. બીએસઈ પર મિડકેપ ઈન્ડેક્સ ૦.૭૭ ટકા જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૭૮ના વધારા સાથે બંધ આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ લગભગ આજે કુલ ૧૪૬૪ શેરમાં તેજી અને ૧૦૫૧ શેરોમાં નરમાઈ જોવા મળી જ્યારે ૧૭૯ શેરમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.

અન્ય સેક્ટર્સની વાત કરીએ તો બીએસઈ પર ઓટો ઈન્ડેક્સ ૦.૨૪ ટકા, ઈન્ડેક્સ ૦.૧૪ ટકા, હેલ્થકેર ઈન્ડેક્સ ૦.૬૪ ટકા, એનર્જી સેક્ટર ઈન્ડેક્સ ૦.૩૬ ટકાના વધારા સાથે બંધ આવ્યા છે. કરન્સીની વાત કરીએ તો આજે રૂપિયો ડોલર સામે ગઈકાલના બંધ ૭૦.૮૨ સામે આજે ૭૦.૭૯ પર ખુલ્યો છે.



નવી દિલ્હીમાં સીએએ, એનઆરસી અને એનપીઆર સહિતના વિવિધ મુદ્દાઓ પર વકીલો ફોર ડેમોક્રેસીના વકીલોએ સુપ્રીમ કોર્ટની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

નિર્ભયા કેસઃ દોષિત મુકેશની દયા અરજી ગૃહ મંત્રાલય પાસે પહોંચી

ન્યુ દિલ્હી

નિર્ભયાના એક દોષિત મુકેશની દયા અરજી ગુરુવારે ગૃહ મંત્રાલય પાસે પહોંચી. ગૃહ મંત્રાલય આ અરજી પર જલદી નિર્ણય લઈને રાષ્ટ્રપતિ પાસે મોકલી દેશે. આ અગાઉ આજે નિર્ભયા કેસમાં પટિયાલા હાઉસ કોર્ટમાં દોષિત મુકેશ તરફથી હાજર રહેલા વકીલે ડેથ વોરન્ટ પર રોક લગાવવાની માગણી કરી હતી. વકીલે કહ્યું કે અમારી બે માગણી છે. પહેલી ડેથ વોરન્ટ પર રોક લગાવવી જોઈએ. અને બીજી ડેથ વોરન્ટ રદ કરવામાં આવે. કારણ કે દોષિતોની દયા અરજી પર નિર્ણય આવતા પહેલા આ ડેથ વોરન્ટ બહાર પાડવામાં આવ્યું છે.

મુકેશ તરફથી કહેવાયું કે ડેથ વોરન્ટ પર રોક લગાવવામાં આવે તે માટે થઈને અમે નીચલી અદાલતમાં આવ્યાં છીએ. મુકેશ તરફથી કહેવાયું કે ક્યુરેટિવ અરજી એટલા માટે દાખલ ન કરી શક્યા કારણ કે કેટલાક દસ્તાવેજો અમારી પાસે નહતાં. મુકેશ તરફથી વકીલ વૃંદા ગ્રોવરે કહ્યું કે જ્યા સુધી રાષ્ટ્રપતિ તરફથી દયા અરજી પર નિર્ણય ન આવે ત્યાં સુધી દોષિતને ફાંસી આપી શકાય નહીં.

જજે કહ્યું કે જેલ પ્રશાસને જોવાનું છે કે જો દયા અરજી પર નિર્ણય નથી આવ્યો તો ફાંસીની સજા ન થાય. તેના પર મુકેશના વકીલ વૃંદા ગ્રોવરે કહ્યું કે આપણે એ વાત જેલ પ્રશાસન પર છોડી શકીએ નહીં કારણ કે આ કોઈની જિંદગીનો સવાલ છે. કોર્ટે આ મામલે ચોખ્ખે ચોખ્ખો નિર્દેશ આપવો જોઈએ.

સરકારી વકીલે દલીલ આપી કે આ કોર્ટ પાસે ડેથ વોરન્ટ પર રોક લગાવવાનો અધિકાર નથી. તે જેલ સુપ્રિટેન્ડેન્ટનો અધિકાર છે. આ બાજુ નિર્ભયાના માતા પિતાના વકીલે તેનો વિરોધ કર્યો અને કહ્યું કે ફાંસી ૨૨ જાન્યુઆરીએ જ થવી જોઈએ. જજે કહ્યું કે જ્યારે જેલ સુપ્રિટેન્ડેન્ટે અમને લખ્યું કે દયા અરજી કરવામાં આવી છે તો તેનો શું અર્થ થયો? શું તેનો અર્થ એ નથી કે કાયદા મુજબ ફાંસીનો સમય આપવો જોઈએ.

એનપીઆરની મિટિંગ માટે કેન્દ્ર સરકારની બેઠકમાં હાજરી આપવા મમતા બેનર્જીનો ઈનકાર

કોલકાતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર અંગે ૧૭ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારની બેઠકમાં હાજરી નહીં આપે. તેમણે બુધવારે એક રેલીમાં કહ્યું હતું કે, હું અને મારી સરકારનો કોઈ પ્રતિનિધિ આ મિટિંગ માટે દિલ્હી નહીં જાય. મમતાએ રાજ્યપાલ જગદીપ ધનખડને પડકાર આપતા કહ્યું કે, તેઓ કેન્દ્રના આદેશ પર તૃણમૂલ સરકાર પાડીને બતાવે. ગત સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કોલકાતા મુલાકાત વખતે મમતાએ તેમને એનપીઆર, સીએએ અને એનઆરસી અંગે ફરી વિચારણા કરવાની માંગ કરી હતી.

મુખ્યમંત્રી મમતાએ કહ્યું 'કોલકાતામાં કેન્દ્ર સરકારના એક નામદાર (રાજ્યપાલ જગદીપ ધનખડ) છે. બેઠક ન જવા અંગે તેઓ બંગાળ સરકારને બરતરફ કરવાની વાત પણ કહી શકે છે. તેમણે જે કરવું હોય એ કરે, હું તેની પર ધ્યાન નહીં આપું. પરંતુ બંગાળમાં નાગરિકતા કાયદો, એનઆરસી અને એનપીઆર લાગું નહી થવા દઉ'

મમતાએ એનપીઆર અંગે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો પર અફવા ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું- બન્ને પક્ષ કહી રહ્યા છે કે બંગાળમાં તેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ વાત એકદમ ખોટી છે. અમે એનપીઆર અપડેશન પર ગત મહિને જ પ્રતિબંધ લગાવી દીધો હતો. હું શરૂઆતથી જ આના વિરોધમાં છું. લોકોને વિશ્વાસ અપાવું છું કે રાજ્યમાં આવા કાયદાને લાગું નહીં થવા દઉ, જેનાથી લોકોના અધિકાર પર અસર પડે.

પંદર વર્ષ પહેલાં બ્રિટનમાં પોલીસની હત્યા કરનારો પાકિસ્તાનમાંથી ઝડપાયો

ઈસ્લામાબાદ

બ્રિટનમાં આશરે ૧૫ વર્ષ પહેલા એક મહિલા પોલીસ અધિકારીની હત્યા કરીને ભાગેલા પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. બ્રિટિશ પોલીસ અધિકારી શેરોન બેશેનિવસ્કીની વર્ષ ૨૦૦૫ માં બ્રેડફોર્ડ શહેરમાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી, જ્યારે તે લૂટની સૂચના મળતા ઘટના સ્થળ પર પહોંચી હતી. આ મામલે કુલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ પાકિસ્તાની નાગરિક પિરાન ડિટ્ટા ખાન બ્રિટન છોડીને નાસી ગયો હતો.

પિરાનને ઈસ્લામાબાદની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે પાકિસ્તાન અને બ્રિટનના અધિકારીઓના સહયોગથી આ ધરપકડ શક્ય બની છે. આ મામલો બ્રિટિશ ટ્રાવેલ એજન્સીમાં લૂંટ સાથે જોડાયેલો હતો. લૂંટની સૂચના મળતા જ ઘટના સ્થળે પહોંચેલી શેરોનની લૂંટારુઓએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

આ લૂંટારુઓની ટીમનો જ એક સભ્ય પિરાન બ્રિટન છોડીને નાસી ગયો હતો. બ્રિટિશ પોલીસે તેના પર ૨૦ હજાર પાઉન્ડ (આશરે ૧૮ લાખ રુપિયા) નું ઈનામ રાખ્યું હતું. બ્રિટને પાકિસ્તાનને ઘણીવાર તેની ધરપકડ માટે આગ્રહ કર્યો હતો. વેસ્ટ યોર્કશાયર પોલીસે પાકિસ્તાનમાં પિરાન ડિટ્ટા ખાનની ધરપકડ કરી હોવાની વાતની પુષ્ટી કરી છે.

રશિયા અને સીરિયાના પ્લેન દ્વારા એરસ્ટ્રાઇક

સિરીયાની શાક માર્કેટમાં બોમ્બ બ્લાસ્ટ થતા ૨૧નાં મોત, ૮૨ ઘાયલ

ન્યુ દિલ્હી

સિરીયાની સરકાર દ્વારા સમર્થિત બોંમ્બીંગમાં ૨૧ લોકોના મોત થયા છે. સિરીયાના ઉત્તર પશ્ચિમ વિસ્તારના ઈદલિબમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. સિરીયન સિવિલ ડિફેન્સ જેમને વ્હાઇટ હેલ્મેટ તરીકે પણ ઓળખવામાં આવે છે તેમણે જણાવ્યું કે બુધવારે અરિહા વિસ્તારની એક શાકભાજી માર્કેટમાં એર સ્ટ્રાઇક થઈ હતી અને બેરલ બોમ્બ પડ્યા હતા. તે સિવાય સો મીટર દૂર ઔદ્યોગિક વિસ્તારમાં પણ બોમ્બ પડ્યા હતા.

આ હુમલામાં ૨૧ લોકોનું મોત થયું છે. સિવિલ ડિફેન્સના એક સ્વયંસેવક એહમદ શેખોએ એક ખાનગી ચેનલને આ માહિતી આપી હતી. કુલ ૮૨ લોકો ઘાયલ થયા છે અને મોતનો આંકડો વધે તેવી સંભાવના છે. એક ન્યૂઝ એજન્સીના રિપોર્ટ પ્રમાણે બ્લાસ્ટના લીધે ઘણા વાહનો સળગી ગયા હતા અને અમુક બાઇક સવારો વાહન સાથે જ ભડથું થઈ ગયા હતા. મુસ્તફા નામના એક દુકાનદારે ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે તે એક રિપેર શોપ ધરાવે છે. તે જ્યારે પરત ફર્યો તો તેના ચાર કર્મચારીઓ કાટમાળમાં દટાઈ ગયા હતા. દુકાન આખી તૂટી ગઈ હતી. તે ચારેય સુરક્ષિત છે કે નહીં તે હજુ જાણી શકાયું નથી.

મીડિયા રિપોર્ટ પ્રમાણે રશિયા, તુર્કી અને સીરિયા વચ્ચે એક સીઝફાયર એગ્રીમેન્ટ પર ૧૨ જાન્યુઆરીએ સહમતિ બની છે. જે મુજબ તેમની સેનાઓ ઈદલિબમાં એરસ્ટ્રાઇક નહીં કરે. રશિયાએ પણ અહીં એરસ્ટ્રાઇક પર રોક લગાવી હતી. જોકે તેમ છતાં આ હુમલો કરવામાં આવ્યો છે. સીરિયાની સરકારનું કહેવું છે કે તે ઈદલિબ પ્રાંત પાછુ કબ્જે કરવા માંગે છે જ્યાં અલકાયદા સાથે જોડાયેલા જેહાદીઓ અત્યારે પ્રવૃત છે.

ચીન સિવાય કોઈ દેશે પાક.ને ટેકો ન આપ્યો, ભારતને ૧૦ સમર્થ દેશોનો ટેકો મળ્યો

યુએનએસસીમાં કશ્મીર મુદ્દે પાકિસ્તાનને વધુ એક લપડાક, ચીન પણ ભોંઠુ પડ્યુ

ન્યુયોર્ક

જમ્મુ કશ્મીર મુદ્દે પાકિસ્તાનને વધુ એક લપડાક પડી હતી. યુનોની સિક્યોરિટી કાઉન્સિલમાં પાકિસ્તાનના દોસ્ત ચીને રજૂ કરેલા આ અંગેના પ્રસ્તાવને વિશ્વના દસ સમર્થ દેશોએ ફગાવી દીધો હતો.

ચીને યુનોની સિક્યોરિટી કાઉન્સિલની બેઠકમાં એની અધર બિઝનેસ વિભાગ હેઠળ જમ્મુ કશ્મીરનો મુદ્દો ઊઠાવ્યો હતો પરંતુ વિશ્વના દસ સમર્થ દેશોએ હવે આ મુદ્દે કોઈ ચર્ચાની જરૂર નથી એમ કહીને આ પ્રસ્તાવને ઊડાવી દીધો હતો.

સિક્યોરિટી કાઉન્સિલના અમેરિકા, ઈંગ્લેંડ, રશિયા, ફ્રાન્સ સહિતના દસ કાયમી સભ્ય દેશોએ આ પ્રસ્તાવને તરત નકારી કાઢ્યો હતો અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે હવે આ મુદ્દાની ચર્ચા કરવાની કોઈ જરૂર રહી નથી. આમ ચીનની મદદથી યુનોમાં કશ્મીર મુદ્દો ઊઠાવવાનો પાકિસ્તાનની મેલી મુરાદ બર આવી નહોતી.

યુનો ખાતેના ભારતીય પ્રતિનિધિ સૈયદ અકબરુદ્દીને કહ્યું હતું કે આવુંજ કંઈક થવાની આપણને આશા હતી. આનંદની વાત એ છે કે આપણા મિત્ર દેશોએ આપણને સાથ આપ્યો. આ મામલો દ્વિપક્ષી છે અને અહીં એની ચર્ચાની જરૂર નથી એવી સ્પષ્ટ વાત બેઠકમાં થઈ હતી. પાકિસ્તાન હજુય પોતાની ઊણપો સમજે તો સારું. આ ઘટના પરથી એ કોઈ બોધપાઠ લે તો ઘણું છે.

મકર સંક્રાંતિનો મેળો જોઈ પાછી ફરતી ૪ સગીરા સાથે સામુહિક દુષ્કર્મ

રાંચી

ખૂંટીના કાલામાટીમાં ચાર સગીર બાળા સાથે સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ ઘટના બુધવારે સાંજે બની હતી. ૬ સગીર છોકરી મકર સંક્રાંતિ નિમિતે આયોજીત રંગ રોડી મેળો જોઈને તેમના ગામ ફૂંદી ગામ પરત આવી રહી હતી. આરોપીઓએ છોકરીઓને એકલી જોઈ પકડી લીધી હતી. આ સંજોગોમાં ૨ છોકરી ત્યાંથી ભાગવામાં સફળ રહી હતી જ્યારે ૪ છોકરીને આરોપીઓએ પકડી લીધી હતી અને હાતૂદામી ગામ લઈ જવામાં આવી હતી. જ્યાં એક ઘરમાં આરોપીઓએ છોકરીઓ સાથે દુષ્કર્મ આચર્યું હતું.

આ ઘટના ખૂંટી જિલ્લાના હાદૂતામી ગામની છે. છોકરીઓની ઉંમર ૧૨ થી ૧૫ વર્ષ વચ્ચે છે અને તમામ છોકરીઓ ધોરણ પાંચ-છમાં અભ્યાસ કરે છે. પીડિતાઓએ જણાવ્યું હતું કે તેઓ મેળો જોઈને પરત આવી રહી હતી. માર્ગમાં ત્રણ બાઈક પર ૬ છોકરાઓ આવ્યા હતા અને છોકરીઓને લઈ ગયા હતા. આ પૈકી એક છોકરો તેમની સાથે શાળામાં અભ્યાસ કરે છે, જ્યારે અન્યોની ઓળખ થઈ શકી ન હતી. પોલીસે પીડિતાઓની પૂછપરછ કર્યા બાદ તેમને મેડિકલ માટે મોકલવામાં આવી છે. ઘટના સ્થળેથી ભાગવામાં સફળ રહેલી બે છોકરીઓએ પીડિતાના પરિવારને ઘટના અંગે જાણકારી આપી હતી. ત્યારબાદ પરિવાર ઘટના સ્થળ પર પહોંચી છોકરીઓને છોડાવી હતી. આ ઘટના અંગે પરિવારે સ્થાનિક અગ્રણીને જાણ કરતા તેમણે પોલીસને સૂચના આપી હતી.

અધીર રંજન ચૌધરીનું વિવાદાસ્પદ નિવેદન : "હાં...હું પાકિસ્તાની છું, જે કરવું હોય તે કરી લો"

બશીરહાટ

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ એક વધુ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. ચૌધરીએ એક જનસભામાં કહ્યું કે "હાં હું પાકિસ્તાની છું તમારે જે કરવું હોય તે કરી લો." પરગણાની બશીરહાટમાં કોંગ્રેસની એક જનસભામાં બોલતા ચૌધરીએ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનકડના અર્જૂનના તીરને પરમાણુ શસ્ત્ર કહવા પર વ્યંગ કર્યો. તેમણે કહ્યું કે ભારતના જે રાજ્યે સૌથી વધુ નોબલ પુરસ્કાર વિજેતા આપ્યા છે તે રાજ્યના રાજ્યપાલ જો આવા નિવેદન આપશે તો ક્યાં જઈશું. અત્રે જણાવવાનું કે અધીર રંજન ચૌધરી છાશવારે વિવાદાસ્પદ નિવેદનો આપતા રહે છે. મંગળવારે ૧૪ જાન્યુઆરીના રોજ તેમણે જમ્મુ અને કાશ્મીરના કુલગામમાં આતંકીઓને મદદ કરવાના આરોપમાં પકડાયેલા ડીએસપી દેવિન્દર સિંહની ધરપકડને લઈને એક એવું નિવેદન આપ્યું હતું જેના પર હોબાળો મચી ગયો હતો. લોકસભામાં કોંગ્રેસના નેતાએ ટ્વીટ કરીને કહ્યું હતું કે જો દેવિન્દર સિંહની જગ્યાએ આ ડીએસપીનું નામ દેવિન્દર ખાન હોત તો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ટ્રોલર્સની પ્રતિક્રિયા સ્પષ્ટ અને મુખર હોત. કોંગ્રેસના નેતાએ કહ્યું કે દેશના દુશ્મનોને આપણે કોઈ પણ રંગ, પંથ અને ધર્મમાં વિભાજીત કરી શકીએ નહીં. આ અગાઉ તેમણે ૧૨ જાન્યુઆરીના રોજ નવા સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે પર તેમના પીઓકેને લઈને આપેલા નિવેદન પર નિશાન સાધ્યું હતું.

આતંકવાદને પ્રોત્સાહન પહેલા પાનાથી ચાલુ

નાશ કરી નાંખ્યો હતો. પોતાને મળેલા નવા પદ- સીડીએસ અને નવી જવાબદારી અંગે રાવતે કહ્યું હતું કે, સીડીએસએ એક એવું પદ છે, જે ત્રણે સેના પ્રમુખોની સમકક્ષ બરાબર તો છે, પરંતુ તેમની જવાબદારીઓ સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે નિર્ધારીત છે.

નોંધનીય છે કે રાયસીના ડાયલોગ મંચને પ્રથમ વખત ૨૦૧૫માં ઓબઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન થિંક ટેંકે ભારતીય વિદેશ મંત્રાલયના સહયોગથી શરૂ કર્યો હતો. દર વર્ષે તેમાં અલગ-અલગ દેશોના પ્રમુખ અને વિદેશ મંત્રી આવે છે. આ વર્ષે ૧૭ દેશોના મંત્રી અને વિદેશ નીતિના જાણકારો કાર્યક્રમમાં પહોંચ્યા છે. તેમાં ઈરાનના વિદેશ મંત્રી જવાદ જરીફ, શ્રીલંકના વડાપ્રધાન મહિન્દ્રા રાજપક્ષે, રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ અને અન્ય નેતાઓ ભાગ લઈ રહ્યાં છે..

પીએમ મોદી પહેલા પાનાથી ચાલુ

જ ભારતીય શૈલી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતીય વિચાર ગતિશીલ અને વિવિધતા વાળા છે. દયા , સેવા અને ન્યાય એ ભારતીય મૂલ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, ૨૦મી સદીમાં મહાત્મા ગાંધીએ આ જ આદર્શોનું પાલન કર્યું અને દેશની આઝાદીમાં અમૂલ્ય ફાળો આપ્યો.

ઇન્દિરા ગાંધી પહેલા પાનાથી ચાલુ

દેખાય છે. રાઉતે પૂણેમાં પુરસ્કાર સમારંભ દરમ્યાન એક મીડિયા ગ્રૂપને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે કયારેક અંડરવર્લ્ડના લોકો નક્કી કરતા હતા કે પોલીસ કમિશ્નર કોણ બનશે અને મંત્રાલયમાં કોણ બેસશે.

રાઉતે આ દરમ્યાન કહ્યું કે પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધી પાયધુની (દક્ષિણ મુંબઈનો વિસ્તાર)માં કરીમ લાલાને મળવા આવતા હતા. રાઉતે એ પણ દાવો કર્યો કે હાજી મસ્તાનના મંત્રાલયમાં આવવા પર આખું મંત્રાલય તેમને જોવા માટે નીચે આવી જતું હતું. આપને જણાવી દઈએ કે શિવસેનાએ ગયા વર્ષે મહારાષ્ટ્રમાં એનસીપી અને કોંગ્રેસની સાથે ગઠબંધન સરકાર બનાવી છે. ૧૯૬૦ના દાયકા સુધી મુંબઈમાં દારૂની તસ્કરી, જુગાર અને જબરદસ્તી વસૂલી રેકેટ ચલાવનાર ડોન કરીમ લાલાનું ૨૦૦૨મા મોત થયું હતું.

છેવાડાના માનવીનું હિત સરકારના હૈયે વસેલુ છે : મુખ્યમંત્રી વિજય રૂપાણી

દક્ષિણ ગુજરાતના દસ હજારથી વધુ લાભાર્થીઓને રૂા.૧૪૦ કરોડની સહાયના વિવિધ લાભોનું વિતરણ

સુરત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે સરદાર વલ્લભભાઇ પટેલની તિહાસિક ભુમી ખાતે પ્રથમ વખત ઘરઆંગણે દશ હજારથી વધુ લાભાર્થીઓને રૂા.૧૪૦ કરોડની સહાયના વિવિધ લાભોના વિતરણના વિકાસપર્વ ઉત્સવના અવસરને શોભાગ્યપુર્ણ ગણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે સુરત જિલ્લાના મહુવા તાલુકાના ઉકા-તરસાડીયા શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયેલા વિશાળ સમારોહમાં દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, વલસાડ, નવસારી જિલ્લાના હળપતિ અને આદિવાસી સમાજના લાભાર્થીઓને સહાય વિતરણ કરી હતી.

ઉકા-તરસાડીયા શૈક્ષણિક સંકુલમાં આવાસ માટે રૂા.૩૦૨૩ લાખ, ગંગા સ્વરૂપા આર્થિક સહાયતા રૂા.૬૮૨ લાખ, માળખાકીય સવલતો માટે રૂા.૧૮૬૧ લાખ, આજીવિકા માટે રૂા.૫૧૧ લાખ સહિત અન્ય વિવિધ યોજનાઓ મળી રૂા.૧૪૦ કરોડની સહાય વિવિધ સ્વરૂપે એનાયત કરવામાં આવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની નયા ભારત નિમાર્ણની કલ્પનામાં ગુજરાત લીડ લઇને આગળ વધી રહયું છે, એવી પ્રતિબદ્વતા સાથે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીઓ વિકાસમાં જોડાઇ, સુખી-સમુદ્ધ બને, વનબંધુ કે સાગર ખેડુ કે યુવાન હોય, સાર્વત્રિક વિકાસ (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ) સાથે આગળ વધી રહયું છે.

છેવાડાના માનવીનું હિત સરકારના હૈયે વસેલું છે, એવી ભાવનાને ઉજાગર કરી રહી છે, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર પારદર્શિતા, સંવેદનશીલતા, ભષ્ટ્રાચાર મુકત શાસનના પાયાના સિધ્ધાંતોને વરેલી છે. ભષ્ટ્રાચાર મુકત શાસન સરકારે આપ્યું છે, જેના થકી કરોડોના વિકાસના કામો ઇમાનદારીનું પર્વ આજે લોકો અનુભવી રહયા છે. નિર્ણાયક સરકાર છે. ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક દુનિયાની સાથે બરાબરી કરવી છે. રાજયોમાં ગુજરાત નંબર વન છે. અન્ય દેશોની સરખામણી કરવા કટિબદ્વ છે. નિર્ણાયકતા વિકાસની પરિપુર્તિ કરે છે. લોકોના સુખાકારી માટે ઝડપથી નિર્ણયો કરતી સરકાર છે.

આ ઋજુ લોકોની સરકાર છે. પ્રો-એકટીવ પીપલ લોકોની વેદનાઓ સમજી વ્યથા નહી વ્યવસ્થાની પુતિ કરે, એવા અનેકવિધ નિર્ણયો કરીને સરકાર આગળ વધી રહી છે. સૌનો સાથે સૌનો વિકાસના મંત્રને સાકાર કરવા સરકાર કાર્યરત હોવાનું મુખ્યમંત્રીશ્રીએ કટિબધ્ધતા સાથે જણાવ્યું હત.

હળપતિ સમાજના સમોચિત વિકાસ માટે બધી વ્યવસ્થા પ્રાપ્ત થાય એ માટે ઘરનું હોય, બધાને સહાયતા મળે એ માટે સરકાર વિવિધ યોજનાઓ લઇને આવી છે. માળખાકીય સવલતો સાથે આવાસની અનેક યોજનાઓ લોકો સુધી પહોંચી છે. પોતાના જીવન ધોરણ ઊચું આવી એવા ઘર મળે તે માટે ૨૦૨૨ અંત સુધીમાં સૌને ઘર મળે એ દિશા નિચ્ચિ કરી છે.ગંગા સ્વરૂપા સહાયતા યોજના અંતર્ગત જયાં સુધી જીવન ગુજારે ત્યાં પેન્શન મળે તેવી વ્યવસ્થા સરકારે કરી છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય નોધારાનો આધાર ન બને તે માટે રાજય સરકાર કટિબદ્વ છે.

બે દાયકામાં સર્વાંગી વિકાસના કામો આદિવાસી ક્ષેત્રમાં થયા છે. સાગરખેડૂઓને પોતાના વ્યવસાયમાં ઉન્નતિ લાવે, ખેડૂતો માટે યોજના જગતનો તાત પોતે સુખી અને બીજાને સુખી કરે, હર હાથકો કામ હર ખેત કો કામ, કોઇ બેરોજગાર ન હોય એવી વ્યવસ્થાનો વિચાર સરકારે કર્યો છે. મહિલાઓ સ્વાવલંબી એની ચિંતા સરકારે કરી છે.

આદિજાતિ વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ કેન્દ્ર-રાજય સરકારે અનેકવિધ વિકાસના કાર્યોની સિદ્વિઓ વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વનબંધુઓને ૧૩ લાખ એકર કરતાં વધુ જમીન વન અધિકાર હેઠળ આપી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આદિવાસી ક્ષેત્રમાં સિંચાઇ માટે ત્રણ વર્ષમાં પાંચ હજાર કરોડના કામો કાર્યરત છે. સરદાર વલ્લભભાઇ પટેલની ભુમિ પર આદિવાસી સમાજ માટે વિકાસના ધ્વાર ખોલ્યા છે. હળપતિ સમાજના સમોચિત વિકાસ આજે કરોડો રૂપિયની સહાય અપાય છે. રાજય સરકારે સમસ્ત જનસમાજના વિકાસ માટે કાર્યો કરે છે.

કેન્દ્ર-રાજય સરકારની યોજનાકીય વિગતો આપતાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઉજજલા યોજના હેઠળ આઠ કરોડ ગેસ કનેકશન, પ્રધાનમંત્રી આવાસ યોજના પાંચ લાખ મકાનો, ગરીબોના આરોગ્ય માટે આયુષ્માન ભારત જેવી યોજના લોકો માટે આશીર્વાદરૂપ બની છે. છેવાડાના માનવી સુધી સરકાર પહોંચી છે. ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા ૨૬ હજાર કરોડના સાધન-સહાય આપવમાં આવી છે. એક કરોડ થી વધુ લોકોએ સેવાસેતુ કાર્યક્રમના ભાગીદાર બન્યા છે. સામાજિક અધિકારિતા મંત્રી ઇશ્વરભાઇ પરમારે જણાવ્યું હતું કે, રાજય સરકારે સમાજના અદના એવા હળપતિ સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્વ છે. સમોચિત વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. લાભાર્થીઓને લાભ મેળવીને વિકાસના નવા સોપાન સર કરશે. સામાજિક અને આર્થિક ક્ષેત્રે પ્રગતિ કરી જીવન સક્ષમ બનાવે તેવી શુભકામના મંત્રીશ્રીએ પાઠવી હતી.




નર્સિંગ એસો.અને સહસ્ત્ર ફણા પાશ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દોરી થી ઈજા પામનાર બાળક ને સિવિલ હોસ્પિટલ ખાતે લાવનાર પોલીસ કર્મચારી કિરીટભાઈ નું બહુમાન શ્રી હર્ષ ભાઈ સંઘવીઅને અનિલભાઈ ગોપલાની ચેરમેન સ્ટેન્ડિગ આર એમ ઓ ડો કેતનભાઈ નાયક નર્સિંગ કાઉન્સિલ ના ઈકબાલ કડિવલા દિનેશ અગ્રવાલ ઉપસ્થિત રહ્યાં હતા ઉપરાંત નાક કાન વિભાગ ના વડા ડો જૈમિન કોન્ટ્રાક્ટરે નું પણ બહુમાન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ઈન્દ્રવતી રાવ સેક્રેટરી કિરણભાઈ દોમડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. મોટી સંખ્યામાં નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા.

કે-૯ વજ્ર હોવિત્ઝર ટેન્કમાં મજબૂત અને આત્મનિર્ભર ભારત નજર આવ્યું: રાજનાથ સિંહ

સુરત

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ એલ એન્ડ ટી હજીરા ખાતે પહોંચ્યા હતા અને ૫૧મી કે-૯ વજ્ર હોવિત્ઝર ગન(ટેક) રાષ્ટ્રને અર્પણ કરી હતી. દરમિયાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, પ્રાઇવેટ સેક્ટરમાં આર્મ્ડ સિસ્ટમસ કોમ્પલેક્ષ નવા ભારતના નવા વિચારનું એક સશક્ત ઉદાહરણ છે. મેક ઈન ઈન્ડિયાએ હવે એક વાસ્તવિક આકાર લેવાનું શરૂ કરી દીધું છે. ભારત રક્ષા ક્ષેત્રમાં આત્મ નિર્ભરતા પર આગળ વધી રહ્યું છે. આઝાદ ભારતમાં ઘણા વર્ષો બાદ ડિફેન્સ મેન્યુફેક્ચરીંગમાં પ્રાઇવેટ સેક્ટર અંતર્ગત એક પરિણામ હાંસલ કર્યું છે. પહેલાં પ્રાઈવેટ સેક્ટર પર કોઈએ વિચાર્યું ન હતું, વિચાર્યું હોય તો તેને અનુમતિ અને પ્રોત્સાહન મળ્યું ન હતું. જેથી ઈન્ડિયન ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ભૂતકાળમાં પોતાના કામ પ્રમાણે પ્રોસેસ ન કરી શકી અને દેશ ઈમ્પોર્ટેડ આર્મડ પર સતત આગળ વધતી ગઈ. હવે સરકારે આ અંગે મેક ઈન ઈન્ડિયા અંતર્ગત કામ કર્યું છે. ભારતને હવે ડિફેન્સ સેક્ટર તરીકે વિકસાવીશું.



વધુમાં રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, નેશનલ સેક્યુરિટીમાં પ્રાઈવેટ સેક્ટરની પણ અગત્યની ભૂમિકા રહી છે. કે-૯ વજ્રમાં મજબૂત અને આત્મનિર્ભર ભારત નજર આવ્યું છે. ભારત પોતાના પગ પર ઉભું થઈ રહ્યું છે. હજીરા એલ એન્ડ ટી ખાતે પ્રાઈવેટ સેક્ટર આર્મડ સિસ્ટમસ કોમ્પલેક્ષે વિશ્વના ટોપ-૫માં આર્મડ મેન્યુફેક્ચરીંગમાં આવી ગયું છે. ગર્વની વાત એ છે કે, આ ભારતની કંપની બનાવી રહી છે. ૫૧ ટેક્ને સમયથી પહેલા સેનાને સમર્પિત કરી દેવામાં આવ્યા છે. કે-૯ વજ્રમાં ૮૦ ટકા ભારતમાં નિર્મિત પાર્ટ્સ છે. ૧૨ હજાર લોકોને પ્રત્યક્ષ રીતે રોજગાર આપે છે. ડિફેન્સમાં ભારતને દુનિયામાં હબ બનાવવા માટે મહેનતની જરૂરિયાત છે. જે પણ સમસ્યા અને વાતો છે તે લઈ તમામ રોડ બ્લોકને દૂર કરીશું. આશા છે દેશ નવો મુકામ હાંસલ કરશે. એક તરફ તાપી નદી અને બીજી તરફ સમૂદ્રનો આશીર્વાદ તમને મળતો રહે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, સ્વતંત્ર ભારત બાદ પ્રાઈવેટ સેકટર સાથે મળી સૌથી સારું પ્રોજેકટ કરવામાં આવ્યું છે. જે અંગે ક્યારે વિચારયું નહીં અને જે લોકોએ વિચાર્યું તેઓને અનુમતિ નહીં મળી. અમે વિશ્વનું સૌથી મોટુ આર્મડ સેક્ટર બને તે માટે વિચાર્યું છે. આર્મ્સ એરો સ્પેસમાં વર્ષ ૨૦૨૫ સુધી ૨૬ બિલિયાન ડોલરનું લક્ષ્ય અને ૨ લાખને રોજગાર આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં પ્રાઈવેટ સેકટર અને ગવર્મેન્ટ સેક્ટર મળી કામ કરે છે. ડિફેન્સ લાઈસન્સને સરળ કરવામાં આવ્યાં હતાં. ડિફેન્સ ક્ષેત્રને એફડીઆઈમાં સ્થાન આપ્યું છે.

વધુમાં જણાવ્યું હતું કે, બે ડિફેન્સ કોરિડોર સ્થાપિત કરવામાં આવ્યાં છે. ૨૦૧૯-૨૪ વર્ષમાં ૫ હજાર કોમ્પોન્ટ ભારતમાં સ્થાપિત કરવાનો લક્ષ્ય છે. મંત્રાલય દ્વારા ડિફેન્સ ઇન્વેસ્ટર્સ સેલની સ્થાપના કરી છે. નેશનલ સિક્યુરિટીમાં પ્રાઇવેટ મદદ મળી શકે તે સાબિત કર્યું છે.

મેક ઈન ઈન્ડિયા અંતર્ગત હજીરા સ્થિત એલ એન્ડ ટીએ ઓગષ્ટ-૧૮માં નિર્માણ કરાયેલી કે-૯ વજ્ર હોવિત્ઝર ટોપ જેવી વધુ ૯૦ ગન આવનારા વર્ષોમાં તૈયાર કરીને રાષ્ટ્રને અર્પણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. જેના ભાગરૂપે તા.૧૯મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ હજીરા એલ એન્ડ ટી ખાતે પ્રથમ વખત કોઇ પ્રાઇવેટ સેક્ટરમાં આર્મડ સિસ્ટમસ કોમ્પલેક્ષનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરાવવામાં આવ્યું હતું. આજે કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ એલ એન્ડ ટી હજીરા ખાતે પહોંચ્યા હતા અને ૫૧મી કે-૯ વજ્ર હોવિત્ઝર ગન(ટેક)ને રાષ્ટ્રને અર્પણ કરી હતી.

કે-૯ વજ્ર હોવિત્ઝર ગન દ્વારા ૪૭ કિલોના ગોળાને ૪૩ કિમી દૂર સુધી ફાયર કરી શકાશે. ગોળાને લક્ષ્યથી ૧૦ મીટર સુધી વાળી શકાશે. ૫૦ ટન વજનની એક ગન ૭૦ કિમીની સ્પીડે ગતિ કરી શકે છે.

મનપાના નિવૃત્ત કર્મચારી મો. હાફીઝ શેખનું નિધન

સુરત

સુરત મહાનગર પાલિકાના યુનિયન અગ્રણી અને સેવાદળના જિલ્લા ધિનાયક મોહંમદ ઈકબાલ શેખના મોટાભાઈ મોહંમદ હફીઝ શેખ અબ્દુલ્લાનું ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. મરહુમ સુરત મહાનગર પાલિકામાંથી વાયરમેન તરીકે નિવૃત્ત થયા હતા. મરહુમ સ્વભાવે ખૂબ જ નિખાલસ, માયાળુ અને મિલનસાર હતા. તેઓ તેમની પાછળ ધર્મપત્ની અને ત્રણ પુત્રોને છોડી ગયા છે. મરહુમના નાના પુત્ર ફિઝીયોથેરાપીસ્ટ છે અને હાલમાં કેનેડામાં છે. મરહુમના જનાઝા અને દફનવિધિમાં મોટી સંખ્યામાં સંબંધીઓ, મિત્રો અને મહોલ્લાવાસીઓ જોડાયા હતા.

'દુનિયામાંથી વિદાય લઉં છું' નો મેસેજ ભાઈને કરી નદીમાં યુવકની છલાંગ

સવજી કોરાટ બ્રીજ પરથી ભૂસ્કો મારનાર યુવકનો મૃતદેહ શોધી કઢાયો

સુરત

આ દુનિયામાંથી વિદાય લઉ છુંનો ભાઈને મેસેજ કરી યુવકે નદીમાં છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો. ભાઈએ કરેલો મેસેજ જોઈ શોધખોળ કરવા નિકળેલા પરિવારજનોને સવજી કોરાટ બ્રિજ પરથી બાઈક મળી આવી હતી. ત્યારબાદ ફાયરને જાણ કરતા યુવકનો મૃતદેહ નદીમાંથી બહાર કાઢ્યો હતો.

યોગીચોક વિસ્તારમાં આવેલી મધુરસ રેસીડેન્સીમાં મૂળ અમરેલી જિલ્લાનો અજય રમેશભાઈ અંટાળા (ઉ.વ.૨૦) પિતરાઈભાઈ પ્રકાશ સાથે રહેતો હતો. આઠ મહિના પહેલા જ અજય રાજગારીની શોધમાં પિતરાઈભાઈ પાસે સુરત આવ્યો હતો. ત્યારબાદ રત્નકલાકાર તરીકે હીરાના કારખાનામાં કામે લાગ્યો હતો. દરમિયાન ગત રોજ રાત્રે નાઈટમાં કામ હોવાનું કહી ઘરે આવ્યો ન હતો. આજે સવારે પ્રકાશભાઈએ અજયે કરેલો મેસેજ મળ્યો હતો. જેમાં લખ્યું હતું કે, ભાઈ આ દુનિયામાંથી વિદાય લઉ છું. મેસેજ જોઈ પરિવારજનો અજયની શોધમાં નીકળ્યા હતા. દરમિયાન અજયની બાઈક સવજી કોરાટ બ્રિજ પરથી મળી આવી હતી.

બાઈક બ્રિજ પરથી મળતા અજયે તાપી નદીમાં કૂદ્યો હોવાની જાણ થતા ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયરના જવાનોએ શોધખોળ કરતા અજયને નદીમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ ૧૦૮ મારફતે સ્મીમેર હોલ્મિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે અજયને મૃત જાહેર કર્યો હતો. અજયના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. નાના દીકરાએ આપઘાત કરતા પરિવાર અમરેલીથી સુરત આવવા રવાના થઈ ગયું છે. હાલ યુવકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું છે.

સમયા મર્યાદા પૂર્વે એલ એન્ડ ટીએ ક્ષમતા પુરવાર કરી : એ.એમ. નાયક

સુરત

આદરણીય રક્ષામંત્રી રાજનાથ સિંહે એલએન્ડટીના આર્મ્ડ સિસ્ટમ કોમ્પ્લેક્ષ (એએસસી) માંથી ૫૧મી વજ્ર-ટી ગનને લીલી ઝંડી આપી હતી. કે૯ વજ્ર ટી-પ્રોગામમાં પ્રથમ ૫૦ ગનની નિયત સમયમર્યાદા અગાઉ ડિલિવીર કરવાના ટ્રેક રેકોર્ડને જાળવી રાખીને ૫૧મી ગનને કરારબદ્ધ ડિલિવરી તારીખના મહિના અગાઉ રવાના કરવામાં આવી હતી. જે એલએન્ડટી ડિફેન્સની ટેક્નિકલ ક્ષમતા, કોમ્પ્લેક્ષ સિસ્ટમ ઈન્ટિગ્રેશન સ્કિલ્સ, આયોજનની ક્ષમતા અને અમલીકરણમાં કુશળતાનો પુરાવો છે.

આ સીમાચિન્હરૂપ સફળતાના પ્રસંગે એલએન્ડટીનાં ગ્રુપ ચેરમેન એ.એમ.નાયકે કહ્યું હતું કે, અમારી ડિફેન્સ ટીમે ગુણવત્તાનાં સચોટ સ્તર ધરાવતી અદ્યતન વેપન સિસ્ટમનું નિર્માણ કરવામાં અને સમયસર ડિલિવરી કરવામાં એક વાર ફરી એલએન્ડટીની એન્જિનિયરિંગ અને અમલીકરણ ક્ષમતાને પ્રદર્શિત કરી છે. હઝીરા ઉત્પાદન સંકુલ વિવિધ આંતરરાષ્ટ્રીય ટેક્નોલોજી અને ઉત્પાદનમાં માપદંડો ધરાવે છે તથા કે૯ વજ્ર એમાંથી એક છે.

અહીં ઉપસ્થિત એલએન્ડટીનાં સીનિયર ઈવીપી અને બોર્ડના મેમ્બર જે.ડી. પાટીલે કહ્યું હતું કે, ''કે૯ વજ્ર જેવા પ્લેટફોર્મ પ્રોગ્રામનું નિર્માણ કરવાથી મોટી બહુસ્તરીય અસર સાથે અર્થતંત્રમાં પ્રદાન થયું છે અને દેશમાં સંરક્ષણ ઉદ્યોગનો આધાર ઉભો કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. અનુભવ, ટ્રેક રેકોર્ડ, ક્ષમતા અને માળખાગત સુવિધાઓ સાથે અમે આર્મ્ડ સિસ્ટમ્સ કોમ્પ્લેક્સ ઊભું કર્યું છે. અમે વિકાસ કરવા સજ્જ છીએ અને ભારતના ભવિષ્યના આર્મ્ડ પ્લેટફોર્મ ઊભું કરવા આતુર છીએ. સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ મોડલને આધાર બનાવીને અમે વિવિધ અને અદ્યતન વેપન બનાવવા માટે પ્લેટફોર્મ્સ ઊભું કરવા માટે આતુર છીએ. જેથી સંરક્ષણ ઉદ્યોગની ઈકોસિસ્ટમ મજબુત થશે અને રાષ્ટ્રીય સુરક્ષામાં સ્વનિર્ભરતામાં વધારો થશે. ૫૧મી વજ્ર હોવિત્ઝરની આજે ડિલિવીર કરવાની સાથે અમે સમયથી અગાઉ ફર્સ્ટ ક્લાસ આર્મ્ડ સિસ્ટમ્સ ડિલિવરી કરવા ઉદ્યોગમાં નવો માપદંડ સ્થાપિત કર્યો છે અને અમે તમામ ૧૦૦ હોવિત્ઝર્સ સમયથી અગાઉ આપવાના માર્ગે અગ્રેસર છીએ.

વેપારી પાસેથી રૂા.૩૦.૭૫ લાખનો માલ ખરીદી દુકાનદારનું ઉઠમણું

શ્રીગણેશ ફેબ્રિક્સના દુકાનદાર સહિત ત્રણ લોકો ફરાર

સુરત

રીંગરોડ એલબી અપાર્ટમેન્ટના વેપારી પાસેથી અલગ-અલગ બિલ ચલણ દ્વારા ૩૦.૭૫ લાખ નું ફેબ્રિક કાપડ મળ્યા બાદ છેતરપિંડી કરનાર શ્રી ગણેશ ફેબ્રિક્સના પ્રોપરાઈટર સહિત ત્રણ જણા વિરુદ્ધ સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે આ તમામ આરોપી પોતાની દુકાને તાળા મારી ભૂગર્ભમાં ઉતરી ગયા છે

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નવાપુરા કરવા રોડ ઉપર આવેલા જૈન મંદિર પાસે રહેતા વિપુલકુમાર લાલશાહ રીંગરોડ એલજી એપાર્ટમેન્ટમાં ફેબ્રિક કાપડનો વ્યવસાય કરે છે. સલાબતપુરા મોમનવડ ખાતે આવેલા ગણેશ ફેબ્રિકના પ્રોપરાઇટર મહેશભાઇ જમતમલ સારંગે સોસ્યો સર્કલ પાસે આર ટી હાઉસમાં દુકાન ધરાવતા કૈલાશ સિલ્ક મિલ્સના પ્રોપરાઇટર પીન્કેશ પટેલ તેમજ ભુપેન્દ્ર જોશી સાથે મળી અગાઉ વેપારી વિપુલ કુમાર શાહ પાસેથી અલગ-અલગ બિલ ચલણ મારફતે ૩૦,૭૫,૨૨૨ ની કિંમતનો ફેબ્રિક્સ કાપડનો માલ મેળવ્યો હતો. બાદમાં પેમેન્ટ ચુકવવાનો વારો આવતા ચેક આપવામાં આવ્યા હતા જે ચેક પણ બાઉન્સ થયા હતા બાદમાં ઊઘરાણી કરવામાં આવતા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી છેતરપિંડીના ગુનાઓ અંગે મહેશભાઇએ સલાબતપુરા પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.



દક્ષિણ ગુજરાતમાં શિયાળાની ઋતુ જામી છે ત્યારે સુરતના ચોકબજાર વિસ્તારમાં આવેલા ગરમ વસ્ત્રોના તિબેટીયન બજાર સાવ ખાલી ખમ જણાઈ રહ્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના માટે

સબસિડીની સમસ્યા દૂર કરવા સાંસદ સી.આર. પાટીલ સાથે 'સંવાદ' યોજાયો

પેન્ડિંગ સબસિડીની રકમ અંગેની સમસ્યા ઉકેલાશે

અંકલેશ્વર

દેશના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતાં અને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા માંગતા નાગરિકો માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના શરુ કરવામાં આવી. જો કે, આ યોજના અંતગર્ત મળતી સબસિડી માટે લાભાર્થીઓના નામમાં વિસંગતતા સહિતની કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની સુચનાથી નોટીફિકેશન જારી કરવામાં આવ્યું છે. જેની જાણકારી આપવા અને અન્ય સમસ્યાના ઉકેલ માટે વિશેષ સંવાદ કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેશનલ હોલમાં આગામી ૧૬મી જાન્યુઆરીના રોજ ગુરુવારે બપોરે ૩.૦૦ વાગ્યે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સબસિડી મેળવવા અરજી કરનારા લાભાર્થીઓને આવશ્યક દસ્તાવેજોની પૂર્તતા બાદ પણ સબસિડી મળી નથી તેઓએ હાજર રહી પોતાની મુશ્કેલીની વિગતવાર માહિતી આપવાની રહેશે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સહાય મેળવવા માંગતા લાભાર્થીઓએ મકાનનો દસ્તાવેજ બનાવ્યો તે સમયે લગ્ન ન થયા હોય, લગ્ન થયા હોય અને પત્નીનું નામ દસ્તાવેજમાં ઉમેરવાનું રહી ગયું હોય કે લાભાર્થિ વિધુર હોય તેવા કિસ્સાઓમાં સબસિડીનાં નાણાં જમાં થયા નથી, પરંતુ તેના ઉકેલ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સુચનાથી નોટીફિકેશન જારી કરવામાં આવ્યું છે. જેની સમજ આપવા તેમજ અન્ય કારણોસર સબસિડી મળી શકી ન હોય, તેવા દરેક લાભાર્થીના ખાતામાં વહેલી તકે સબસિડીના નાણાં જમાં થઈ શકે તે વિષે જાણકારી આપવા અગત્યની મિટીંગનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેશનલ હોલમાં આગામી ૧૬મી જાન્યુઆરીના રોજ ગુરુવારે બપોરે ૩.૦૦ વાગ્યે કરવામાં આવ્યું હતું.

'હું હવે પાછી નહીં આવું મારે સમાધિ લેવી છે' કહીને રણુજામાં યુવતીએ જળસમાધિ લીધી

ભરૂચ

નેત્રંગ તાલુકાના ભાંગોરી ગામે રહેતા છોટુભાઈ વસાવાના પરિવારમાં બે દીકરીઓ સગુણા અને સરલા જ્યારે દીકરો સહદેવ સાથે રહેતા હતા. આ પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોય ઘરના તમામ સભ્યો રણુજાના રામપીરના ભક્ત હોવાથી પ્રતિ વર્ષ રણુજા ખાતે દર્શનાર્થે જતા હતા. પરિવારની મોટી દીકરી સગુણાએ ધોરણ ૮ સુધીનો અભ્યાસ કર્યા બાદ ઘરકામ કરી પરિવારને મદદરૂપ થતી હતી. સગુણા રમાપીરની ભક્તિમાં લીન થઈ હતી. થોડા દિવસો પહેલાં જ ભાંગોરી-નેત્રંગ ગામના ૨૨ થી વધુ ભક્તો રાજસ્થાનના રણુજા ખાસે સંઘ લઈને રામાપીરના દર્શનાર્થે ગયા હતા. સગુણા પણ હોંશેહોંશે સામેલ થઈ હતી. જ્યાં ભક્તિમાં લીન થઈને રામાપીરના પરચા વાવડીમાં સવારના સમયે એકાએક જળસમાધી લઈ લેતાં સાથે ગયેલા અન્ય દર્શનાર્થીઓ દોડી ગયા હતા.

બાદમાં સ્થાનિક પોલીસનો સંપર્ક કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરીને યુવતીના મૃતદેહને નેત્રંગના ભાંગોરી ગામે લાવવામાં આવ્યો હતો. ઢોલ-નગારા, વાજીંત્રો અને અબીલ-ગુલાલ સાથે ગામમાં અંતિમયાત્રા નીકળી હતી. ગામના સરપંચ અને તેમના કાકા નવજીભાઈ વસાવાના ખેતરમાં યુવતીની દફન વિધી કરવામાં આવી હતી. આ સ્થળે મંદિરના નિર્માણ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે તેવું કુટુંબીજનોએ જણાવ્યું હતું. મૃતક સગુણાના પરિવારના સભ્ય પ્રતાપભાઈ વસાવાએ ટેલિફોનિક વાતચિતમાં જણાવ્યું હતું કે, સગુણાબેને ભગવાન રામાપીરની ભક્તિમાં લીન હતા. અહીંથી જ્યારે સંઘ રવાના થયો ત્યારે હું હવે પાછી નહીં આવું મારે ત્યાંજ સમાધિ લેવી છે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તે ભગવાનના દ્વારે ગઈ છે. જેની યાદમાં આવનાર સમયમાં ભજન-કિર્તન અને ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવશે.



ખટોદરા જળ વિતરણ મથક પાસે પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. ખટોદરા પોલીસ મથક પણ પાણી પાણી થઈ ગયું હતું.

બદલાતા હવામાનના કારણે આંબા પાકમાં કાળજી લેવા સૂચના

વધુ જાણકારી માટે ખેડૂતોએ કૃષિ યુનિ.નો સંપર્ક કરવો

નવસારી

બદલાતા હવામાન અને વાદફછાયા વાતાવરણમાં આંકા પાકની કાળજી લેવા આંબાની ખેતી કરતાં ખેડૂતોએ આંબાના મોરની ડુંખ નીકળે ત્યારે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં મળતું નોવેલ ૧ લી./૧૦૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. ત્યારબાદ ૧૫ દિવસે આ છંટકાવ ત્રણ વાર કરવો. આ ઉપરાંત વાદફછાયા વાતાવરણમાં રોગો સામે રક્ષણ માટે જા ડુંખમાંથી મોર ખીલી ગયા હોય તો કાર્બેન્ડાઝીમ ૫ ગ્રામ ૧૦ લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવો. તથા ચુસીયા પ્રકારની જીવાતો માટે પ્રોફેનોફોસ ૧૦ મિ.લી./૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. આ અંગે વિશેષ જાણકારી માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી રશ્મિકાંત ગુર્જર તથા નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનો સંપર્ક કરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વાડ ડાલ. સી. કે. ટીંબડીયાએ યાદીમાં જણાવાયું છે.

અડાજણમાંથી ૧૨.૨૬ લાખનો સામાન ચોરાયો

સુરત

અડાજણમાં રહેતા અને હાર્ડવેરના વેપારીના પિતાજી રાજસ્થાનમાં ચૂંટણી લડવાના હોવાથી તેઓ મોટા ભાગનો સામાન ત્રણ બોરામાં બાંધીને પોતાના ઘરે મૂક્યા બાદ વડોદરામાં કાકાના ઘરે જમવા માટે ગયા હતા ત્યારે અજાણ્યા ત્રણેય બોરા મળીને કુલ રૂપિયા ૧૨.૨૬ લાખનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પાલ પાસે જે.કે મોટર્સ ની બાજુમાં વૈશાલી રો હાઉસમાં રહેતા તાજા રામ ઓમ પ્રકાશ શર્મા અડાજણ પાલ માં નિશાલ આર્કેડમાં શ્રી સાલાસર ઈલ્ટિરિયર ગેલેરી નામની હાર્ડવેરની દુકાન ધરાવે છે અને તેની સાથે દુકાનમાંકાકાનો છોકરો ગજાનંદ પણ બેસે છે રાજા રામના પિતા ચૂંટણીમાં ઊભા રહ્યા હોય તેના પ્રચાર માટે તેઓ તેમજ ગજાનંદ થોડો સામાન પેક કરી એમ જ દુકાનમાં હાજર સામાનનો સ્ટોક જોઈને હિસાબ કર્યો હતો અને તેના ફોટા પાડી લીધા હતા જે પાર્સલ ને મકાનમાં જ મૂકી રાખવામાં આવ્યો હતો મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે વડોદરામાં રહેતા કાકાને ત્યાં જમવા જવાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો રાજા રામે ઘરના દરવાજાને લોક મારીને કાકાને ત્યાં અન્ય ત્રણ સંબંધી સાથે જમવા માટે ગયા હતા ત્રણ-ચાર કલાક બાદ તેઓ ઘરે આવ્યા ત્યારે ઘરનો મુખ્ય દરવાજો તૂટેલી હાલતમાં અને અંદર સામાન પણ વેર વિખેર હતો ત્યારે તપાસ કરતાં ત્રણ અલગ-અલગ બોરામાં મુકવામાં આવેલ હાર્ડવેરના રૂપિયા ૧૨.૨૬ લાખની કિંમતના સામાનની ચોરી થઈ હતી ચોરીના બનાવ અંગે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી

સચીન ખાતે માનસિક વિકૃત યુવક સામે પોલીસ ફરિયાદ

વિકૃત યુવક મહિલાઓના આંતરવસ્ત્રો ચોરી જતો હતો

સુરત

સચીન વિસ્તારમાં રહેતી મહિલાઓના આંતરવસ્ત્રો લઈ માનસિક વિકૃત મજા લઈને સોસાયટીની મહિલાઓની છેડતી કરી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સચીન પોલીસ મથકમાં નોંધાતા પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સચીન રેલવે પ્લેટફોર્મ પર મહેશ નાગપુરકર રહે છે. તેઓ સચીન વિસ્તારમાં આવેલી એક સોસાયટીની દિવાલનું કંપાઉન્ડ કૂદીને મહિલાઓના આંતરિક વસ્ત્રો લઈ જઈ માનસિક વિકૃત મજા માણતો હતો. આ સાથે મહેશ સોસાયટીની મહિલાઓની છેડતી પણ કરતો હતો. સચીન પોલીસ મથકના આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આજે અ.મ્યુ.કો.નું ડ્રાફ્ટ બજેટ રજૂ થશે

અમદાવાદ

મેગાસિટી અમદાવાદનું ડ્રાફ્ટ બજેટ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા આજે રજૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૦-૨૧ ના નાણાકીય વર્ષ માટેના ડ્રાફ્ટ બજેટનું કદ ૩.૮૫૦૦ કરોડની આસપાસ રહેવાની સંભાવના છે. નોંધયની છેકે ગત વર્ષે કમિશ્નરે રજૂ કરેલા ડ્રાફ્ટ બજેટનું કદર ૭૫૦૯ કરોડ રૂપિયાનું હતુ. જેમાં કમિશ્નરે સ્માર્ટસિટી ઉપર ખાસ ભાર મૂક્યો હતો. આ સાથે જ શહેરની ટ્રાફીકસની સમસ્યાને નિવારવા વિવિધ ફ્લાયઓવરની પણ જાહેરાત થઈ હતી.

આજે મેગાસિટી અમદાવાદનું ડ્રાફ્ટ બજેટ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા રજૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષ માટેના ડ્રાફ્ટ બજેટનું કદ રૂપિયા ૮૫૦૦ કરોડ આસપાસ રહેવાની સંભાવના સેવવામાં આવી છે.

અંકલેશ્વરમાં મકરસંક્રાંતિથી ભૂખ્યાને ભોજનની સેવાનો આરંભ

વધુમાં વધુ ગરીબ લોકો લાભ લે એવી આયોજકોની અપીલ

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી ચાલતી ભૂખ્યાને ભોજન સેવાની શરૂઆત હવે અંકલેશ્વર શહેરી વિસ્તારમાં પણ નીરવ મેમોરિયલ ટ્રસ્ટના સૌજન્યથી મકરસંક્રાંતિના દિવસથી શરૂ થઈ હતી.

અંકલેશ્વર જીઆઈડીસી ચોકડી વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી ભૂખ્યાને ભોજનની સેવા આપવામાં આવી રહી છે. માંગીલાલ રાવલ, આર. એન. શુક્લા જેવા સેવાભાવી નાગરિકો દ્વારા શરૂ કરાયેલી આ સેવાથી પ્રેરિત થઈને હવે અંકલેશ્વર શહેરી વિસ્તારમાં પણ ચૌટા નાકા વિસ્તારમાં મકરસંક્રાંતિના પર્વની ભૂખ્યાને ભોજન સેવાનો પ્રારંભ થઈ ગયો છે. અંકલેશ્વર ખાતે કાર્યરત નીરવ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ભૂખ્યાને ભોજન માટે સહયોગ આપવામાં આવી રહ્યો છે. મકરસક્રાંતિના દિવસથી શરૂ થયેલા આ સેવામાં પ્રથમ દિવસે જ ૧૭૫ થી વધુ ગરીબ અને ભૂખ્યાજનોને ઊંધિયું, ચીકી, પુરી અને કઢી-ભાતનું જમણ પીરસવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે શરૂ થઈ રહ્યા સેવામાં અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ દક્ષાબેન શાહ, પૂર્વ પ્રમુખ સંદીપ પટેલ, પૂર્વ પ્રમુખ મીનાબેન પટેલ, નીરવ મેમોરિયલ ટ્રસ્ટના બાબુભાઈ પટેલ, જાણીતા બિલ્ડર એચ. આર. ત્રિપાઠી સહિતના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર જીઆઈડીસીમાં ભૂખ્યાને ભોજન સેવાના મુખ્ય કર્તાહર્તા એવા મણિગોવિંદજી ટ્રસ્ટના માંગીલાલ રાવલે જણાવ્યું હતું કે હવે અંકલેશ્વર શહેરમાં પણ આ સેવા શરૂ થઈ છે ત્યારે વધુમાં વધુ સહયોગ સૌનો પ્રાપ્ત થઈ રહ્યો છે તે આનંદની વાત છે.

આ અંગે નિરવ મેમોરિયલ ટ્રસ્ટના સંદીપ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી જે રીતે ભૂખ્યાને ભોજન સેવા ચાલી રહી છે એનાથી પ્રેરાઈને મકરસંક્રાંતિ પર્વની સાંજથી ચૌટા નાકા વિસ્તારમાં અંકલેશ્વર શહેરના ગરીબ અને ભૂખ્યાજનોને રોજ વિનામૂલ્યે ભોજનની સુવિધા આપવામાં આવશે. જેનો લાભ શહેરના વધુમાં વધુ ગરીબ અને ભૂખ્યા જનો લે એવી અપીલ અમે કરીએ છીએ.

મણિગોવિંદજી ટ્રસ્ટ અને નિરવ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ભૂખ્યાને ભોજન સેવાની શરૂઆત કરવામાં આવી છે જે અંકલેશ્વર શહેરી વિસ્તારના ભૂખ્યાં અને ગરીબ બાફકો તેમજ વૃદ્ધો માટે આશીર્વાદરૂપ પુરવાર થશે એમાં શંકાને સ્થાન નથી. આ કાર્યમાં અંકલેશ્વરના અન્ય સેવાભાવી નાગરિકો પણ જોડાય તો એ સોનામાં સુગંધ ભળી હોય એમ ગણાશે.

ગાંધી ધામમાં ટેબલ ટેનિસના પ્રિનેશનલ કેમ્પનો શુભારંભ

કેમ્પમાં ૨૪'મી સુધી હાજર રહેવું ફરજિયાત છે

અંકલેશ્વર

ગુજરાતની મેન્સ અને વિમેન્સ ટેબલ ટેનિસ ટીમના પ્રિ નેશનલ કોચિંગ કેમ્પનો ગુરુવારથી કે.ડી.ટી.ટી.એ કોમ્પલેક્સ, આદીપુર (ગાંધીધામ) ખાતે પ્રારંભ થશે. બરોડાનો માનુષ શાહ મેન્સ ટીમ અને સુરતની ફેનાઝ છિપીયા વિમેન્સ ટીમની આગેવાની લેશે.

પ્રતિષ્ઠિત ૮૧મી સિનિયર નેશનલ અને ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૭મી જાન્યુઆરીથી હૈદરાબાદ ખાતે યોજાનારી છે.

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન દ્વારા આયોજિત અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (એસએજી) દ્વારા સ્પોન્સર આ કેમ્પ ચિંતન ઓઝા (મેન્સ ટીમના કોચ) અને લવિના ભાર્ગવા (વિમેન્સ ટીમના કોચ)ની દેખરેખમાં યોજાશે. પસંદ થયેલા તમામ ખેલાડીએ ૧૬થી ૨૪મી જાન્યુઆરી સુધી ચાલનારા આ કેમ્પમાં હાજર રહેવું ફરજિયાત છે.

જીએસટીટીએ એ સ્ટેન્ડ બાય ખેલાડીઓને પણ આ કેમ્પમાં હાજર રહેવા તથા પસંદગી પામેલા ખેલાડીઓને મદદ કરવા જણાવ્યું છે જેથી કેમ્પમાં સ્પર્ધાત્મક વાતાવરણ રહે.

મેન્સ ટીમ : માનુષ શાહ (બરોડા), ઈશાન હિંગોરાણી (કચ્છ), ચિત્રાક્ષ ભટ્ટ (અમદાવાદ), જિજ્ઞેશ જયસ્વાલ (ભાવનગર), ધૈર્ય પરમાર (અમદાવાદ).

વિમેન્સ ટીમ : ફેનાઝ છિપીયા (સુરત), નામના જયસ્વાલ (ભાવનગર), પ્રાર્થના પરમાર, દિવ્યા ગોહીલ (ભાવનગર), કૌશા ભૈરપૂરે (અમદાવાદ).

સરકારના માહિતી વિભાગના સોશિયલ મીડિયા ટુલ્સનો ઉપયોગ કરવા અનુરોધ

આઈટીઆઈના વિદ્યાર્થીઓ માટે ટૂલ્સ ઉપયોગી નિવડશે

વ્યારા

ડિજિટલ યુગમાં જ્યારે યંગ ઈન્ડિયાની નવી જનરેશન સ્માર્ટ ફોનના ઉપયોગ થકી સમગ્ર વિશ્વ સાથે સંપર્ક સેતુ સ્થાપી રહી છે ત્યારે, જ્ઞાનના આદાનપ્રદાનની તેમની જિજ્ઞાસા સંતોષી શકાય, અને તેમને અધિકૃત તથા માહિતીપ્રદ જાણકારી ફક્ત એક ક્લિકથી જ ઉપલબ્ધ કરાવી શકાય, તેવા પ્રયાસના ભાગરૂપે રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગે વિશેષ કરીને સોશિયલ મીડિયાના વિવિધ ટુલ્સનો યુવાનોને બખૂબી ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ખૂબ જ ઉપયોગી એવી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી સાથે સરકારની કામગીરી, પ્રજાલક્ષી નિર્ણયો, ફ્લેગશીપ પ્રોગ્રામ, રાજ્યની ભાતીગળ સંસ્કૃતિ સાથે જિલ્લાઓની ઐતિહાસિક જાણકારી, પ્રેરણાદાયી સ્ટોરી જેવી અલભ્ય માહિતી, જીજ્ઞાસુઓને એક જ ક્લિકના માધ્યમથી ઉપલબ્ધ કરાવી શકાય તે માટે માહિતી વિભાગે તેની વેબસાઈટ સહિત ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર અને યુ ટ્યુબ ચેનલો પણ કાર્યાન્વિત કરીને, છેવાડાના વ્યક્તિઓ સુધી જાણકારી પહોંચાડવાનો યજ્ઞ આદર્યો છે.

આ કાર્યક્રમના અનુસંધાને તાજેતરમાં તાપી જિલ્લાની જિલ્લા માહિતી કચેરી, તથા જિલ્લા રોજગાર કચેરી દ્વારા, કેરિયર કોર્નર તથા કેરિયર કાઉન્સેલિંગ માટે આવતા, જિલ્લાના યુવાનોસહિત રોજગાર કચેરી દ્વારા આયોજિત ભરતી મેળા જેવા કાર્યક્રમના સ્થળોએ સોશિયલ મીડિયાના ઉપયોગની જાણકારી આપી, આ અંગેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે તાજેતરમાં નિઝર સ્થિત ઔધ્યોગિક તાલીમ સંસ્થાના વિદ્યાર્થીઓને પણ સોશિયલ મીડિયાના વિવિધ ટૂલ્સના ઉપયોગ અંગેની જાણકારી આપવા સાથે, જરૂરી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યમાં જિલ્લા રોજગાર અધિકારી શ્રી એન.ડી.ભીલ તથાસહાયક માહિતી નિયામક શ્રી આર.આર.તડવીના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના કર્મયોગીઓ સર્વશ્રી મનોજ ખેંગાર,અર્પિત ગામિત, વિરલ ગામિત, વિપુલ ગામિત, પાર્થ ચૌધરી,વિનોદ મરાઠે, વિરલ ચૌધરી, સાવિત્રી ગામીત વિગેરે સહયોગી બની રહ્યા છે.

ઉમરાળા કન્યાશાળા આયોજિત વાર્ષિકોત્સવ ૨૦૨૦ની શાનદાર ઉજવણી



ઉમરાળા ઉતારા ચોક સ્થિત ઉમરાળા કેન્દ્રવર્તી શાળા નં ૨ (કન્યાશાળા)ના વાર્ષિકોત્સવ- ૬૬મું શાનદાર આયોજન મામલતદાર કચેરી ઉમરાળા ખાતે સુપેરે સંપન્ન કરવામાં આવ્યું હતું.

આ દિન વિશેષ કાર્યક્રમમાં શાળાની દિકરીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કૃતિઓ પેશ કરી હતી. ધોરણ ૩ થી ૮ની પ્રથમ ત્રણ ક્રમાંક દીકરીઓ, જિલ્લા કક્ષાના લોકગીત,લગ્ન ગીતના વિજેતાઓ વગેરેને સ્મૃતિ ચિહ્નો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રી રણવીરસિંહ ગોહિલે શાબ્દિક સ્વાગત પ્રવચન દ્વારા મહેમાનોને આવકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સતત છઠ્ઠી વખત શાળાના ભાષા શિક્ષક દિવ્યાંગભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ બાળ પ્રવક્તા પરમાર બંસીબેન રમેશભાઈ તથા રાઠોડ ક્રિષ્નાબેન વિજયભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

આમંત્રિત મહેમાનોમાં પરમ પૂજ્ય ફુલચંદ શાસ્ત્રી મહારાજ, શ્રી આર. એ. પટેલ સાહેબ (મામલતદાર ઉમરાળા), શ્રી અર્ચનાબેન ધામેલીયા ટીપીઈઓ ઉમરાળા, શ્રી રણધીરસિંહ ગોહિલ, શ્રી મનુભાઈ ખોખર,શ્રી રસિકભાઈ ભુતા, શ્રી જિતુભા વાળા, શ્રી જબ્બરભાઈ કુરેશી, શ્રી હાજીભાઈ મેહતર, શ્રી ધર્મેન્દ્રભાઈ હેજમ , શ્રી પી.ડી.ગોહિલ, શ્રી અસલમભાઈ સલોત, શ્રી મુન્નાભાઈ ફોટોગ્રાફર વગેરેએ બાળ કલાકારોની કલાને બિરદાવી પ્રોત્સાહક ઇનામી રકમ એનાયત કરી હતી.

શાળાની દિકરીઓને ગણવેશ માટે રૂપિયા ૧૦,૦૦૦ના સ્કુલ યુનિફોર્મ તૈયાર કરી આપવા બદલ શેખુલ ઈસ્લામ ટ્રસ્ટ, ઉમરાળાના પ્રમુખશ્રી મનુભાઈ ખોખરનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકગણમાં રઘુવીરસિંહ ચુડાસમા, રાજેશકુમાર ગોહેલ, વિજયસિંહ ચૌહાણ, દિવ્યાંગભાઈ પરમાર, ચંદુબાપુ તથા શાળાની શિક્ષિકા બહેનોએ ભારે જહેમત ઊઠાવી હતી.

નવાગામ હાઈવે પર વિદેશી દારૂ ભરેલી વાન પોલીસે પકડી

રૂા.૪૮ હજારનો દારૂ મળી આવતા ડ્રાઈવરની ધરપકડ

સુરત

નવાગામથી હાઈવે તરફ જવાના રસ્તા પરથી પસાર થઈ રહેલી એક વાનમાંથી વગર પાસ પરમીટની ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની ૮૮ નંગ બોટલો કિંમત રૂા.૪૮૪૦૦ની કબજે કરી ચાલકની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહેસાણા જિલ્લાના જેતપુર ગામના વતની અને હાલમાં સુરત પાલનપુર જકાતનાકા તુકારામ હાઉસિંગ સોસાયટીમાં રહેતાં દેવરાજ દેસાઈ પોતાની સફેદ વોક્સ વેગન કંપનીની ઝેટા ગાડી નં.જીજે-૦૨-એપી-૯૦૮૦માં વગર પાસ પરમીટની પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની ૪૮ નંગ બોટલો કિંમત રૂા.૪૮૪૦૦ની લઈને જતા હતા. ત્યારે નવાગામ હાઈવે પાસે તેમની વાનને રોકી તપાસ કરી દારૂની બોટલો, દોઢ લાખની વેગનઆર વાન, મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કરી સુરતના બુટલેગર ચાલકની ધરપકડ કરી હતી.

તા.૨૨'મીથી સુરતમાં કેરીયર ગાઈડન્સ મહોત્સવ યોજાશે

સેમિનારમાં નિષ્ણાંતો માર્ગદર્શન આપશે

સુરત

ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી "કેરીયર ગાઈડન્સ મહોત્સવ" યોજાશે. રોટરી ક્લબ ઓફ સુરત અને જીવનભારતી મંડળ, સુરતનું સંયુક્ત આયોજન.

ધો. ૧૦ અને ધો. ૧૨ બાદ વિદ્યાર્થીઓને કયા ક્ષેત્રમાં કારકિર્દી ઘડવી ? અને ક્યા ક્ષેત્રમાં ભણતર આગળ ધપાવવું ? તેવી મૂંઝવણ સતાવતી હોવાથી તેઓની સમસ્યાના સમાધાન કરવાના હેતુથી રોટરી ક્લબ ઓફ સુરત આયોજિત અને જીવનભારતી મંડળ સુરત પ્રેરિત 'કેરીયર ગાઈડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત તા. ૨૨ જાન્યુઆરીથી તા. ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન ૮ દિવસ જુદા–જુદા વિષયો ઉપર સેમિનાર યોજાશે અને જુદા–જુદા ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ આ સેમિનારનો વિનામૂલ્યે લાભ લઈ શકશે. જો કે, સેમિનારમાં હાજરી આપવા માટે ફોન નં. ૯૮૨૫૪૭૨૯૦૮ પર SMS અથવા WhatsApp કરવાનું રહેશે અને આપ ક્યા કયા દિવસોએ આવવાના છો? તેની જાણ પણ કરવાની રહેશે.

માંગરોળમાં ફરજ બજાવતા પોલીસ પર હુમલો કરનાર બેની ધરપકડ

ચાર હુમલાખોરો પૈકી બે ઝડપાયા અને બે ફરાર

સુરત

માંગરોળ ખાતે ફરજ બજાવી રહેલા એક પોલીસ કોન્સ્ટેબલની સરકારી ફરજમાં અડચણરૂપ બની, માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ચાર આરોપીઓ સામે પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે ચાર પૈકી બે તહોમતદારોની ધરપકડ કરી હતી. જ્યારે બે આરોપીઓને પોલીસે ચોપડા પર વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ પોલીસ મથકમાં હિતેશભાઈ ચૌધરી ફરજ બજાવે છે. તેઓ માંગરોળ ખાતે પોલીસ બંદોબસ્ત માટે ગયા હતા. ત્યારે આરોપી જયેશ વસાવા, કિશન વસાવા, મુકેશ વસાવા, બળવંત વસાવાએ પોલીસ જવાન સાથે નજીવી બાબતમાં ઝઘડો કરી ઢીક મુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરજમાં અડચણરૂપ બની ફરાર થઈ ગયા હતા. પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી જયેશ અને કિશન વસાવાની ધરપકડ કરી હતી. જ્યારે મુકેશ અને બળવંત વસાવાને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

અંકલેશ્વરના વિદ્યાર્થીએ ઝેરી દવા પીધી : સુરતની હોસ્પિટલમાં મોત

આઈટીઆઈની બહારથી જ વિદ્યાર્થી ઝેરી દવા પી ઘેલી હાલતમાં મળ્યો હતો

સુરત

અંકલેશ્વરની આઇ. ટી. આઇ.ના વિદ્યાર્થીએ ગત ૧૩મીના રોજ ઝેરી દવા પી લીધી હતી. ત્યારબાદ તેને અંકલેશ્વરની સાર્વજનિક હોલ્ખિટલ બાદ ખાનગી અને ત્યારબાદ સુરતની ખાનગી હોલ્ખિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જેનું મોડી રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પરિવારજનોએ જણાવ્યું હતું કે, યહ્યા અસલમ ખાન પઠાણ (૭.વ.૧૮) અંકલેશ્વરના મદરેશા ફળીયામાં પરિવાર સાથે રહેતો હતો અને અંકલેશ્વર આઇ. ટી. આઇ. માં અભ્યાય કરતો હતો. દરમિયાન ૧૩ જાન્યુઆરીના રોજ આઇટીઆઇ બહારથી ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. જેથી તેને અંકલેશ્વરની સાર્વજનિક હોલ્ખિટલ બાદ ખાનગી અને ત્યારબાદ સુરતની ખાનગી હોલ્ખિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જેનું મોડી રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. પરિવારે વધુમાં જણાવ્યું હતું કે, કાર ડ્રાઈવર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરન ચલાવતા પિતા પાસે યહ્યાએ આપઘાત કર્યાના બે દિવસ પહેલા મોબાઈલ ફોનની માંગ કરી હતી. જોકે, પિતાએ આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી અપાવીશ એમ કહેતા માઠું લાગી આવ્યું હોય અને આપઘાત કર્યો હોવાની શક્યતા છે.

મારા ભાઈ સાથે ફરવાનું છોડી દે કહી યુવાન પર ચપ્પુથી હુમલો

યુવકને પેટ અને પીઠમાં ચપ્પુના ઘા મરાયા

સુરત

લિંબાયતના નીલગીરી રંગીલાનગરના યુવકને તું મારા ભાઈ સાથે ફરવાનું છોડી દે તેમ કહી ઝઘડો કર્યા બાદ ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે એક હુમલાખોર સામે ગુનો દાખલ કરાયો છે

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લિંબાયતમાં નિલગીરી પાસે રંગીલા નગરમાં રહેતા રવિન્દ્ર દિલીપ પાટીલ મૂળ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં આવેલા અમલનેરનો વતની છે. રવિન્દ્ર ગઈ તારીખ ૧૪ મીના રોજ રાત્રે ૧૦:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન લિંબાયતના આસપાસ નગર વિભાગ ૧ ગલી નંબર ૩ પ્લોટ નંબર ૧૬૨ની સામે ઉભો હતો ત્યારે તેની પાસે આરોપી દીપક ભીમરાવ માળી આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે તું મારા ભાઈ સાથે ફરવાનું છોડી દે બાદમાં બંને વચ્ચે ઝઘડો થયો હતો જેમાં ઉશ્કેરાયેલા દિપકે તેની પાસે રહેલા છરા વડે રવિન્દ્રના પેટની ડાબી બાજુ તથા પીઠના ભાગે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયો હતો. હુમલાના બનાવ અંગે ઈજાગ્રસ્ત રવિન્દ્ર એ લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી

વાય જંકશન પાસેથી એસઆઈ પાંડવ અને ડ્રાઈવર સાથે મારામારી

પોલીસ પર હુમલો કરનાર ત્રણ વિરૂદ્ધ ગુનો દાખલ

સુરત

ઉધના મગદલ્લા રોડ વાય જંકશન પાસે પેટ્રોલિંગ કરી રહેલા ઉમરા પોલીસ મથકના પીએસઆઈ પાંડવનો કોલર પકડી ઝપાઝપી કરી ત્રણ ઈસમો ફરાર થઈ જતા પોલીસે આઈપીસી ૩૩૨, ૫૦૪, ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉમરા પોલીસ મથકનો પીએસઆઈ આર.એચ. પાંડવ નોકરી કરે છે. તેઓ મગદલ્લા વાય જંકશન પર રાત્રિના સુમારે ફરજ બજાવતા હતા. ત્યારે પોઝસરા સત્યનગર ખાતે રહેતા રોકી દુબે દેવાંગ યાદવ તથા મુકેશ નાહટાએ તેમનો કોલર પકડી તથા ડ્રાઈવર જયંતીભાઈના છાતીના ભાગે નખોરીયા મારી ઝપાઝપી કરી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરીમાં ગયેલ મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડી બે ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રાજપારડી પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં મિલ્કત સબંધી અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે જણાવેલ જે સુચના આધારે ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી,અંક્લેશ્વર વિભાગ, અંક્લેશ્વર નાઓના જરૂરી સુચના તેમજ માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. જે.બી.જાદવ તેમજ પોલીસ સ્ટાફ રાજપારડી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે એક ઈસમ ખેત વપરાશનો ડ્રીપ ઈરીગેશનને લગતો સામાન લઈને ભંગારીયાને ત્યાં વેચવા માટે જવાનો છે જે બાતમી હકીકતથી અમો વાકેફ થઈ આજરોજ રાજપારડી પો.સ્ટે. વિસ્તારમાં બાતમી અન્વયે વોચમાં હતા દરમ્યાન એક શંકાસ્પદ ઈસમ રાજપારડી આદિવાસી સ્મશાનના પાછળના ભાગેથી પોતાના હાથમાં મિણીયો થેલો લઈને લપાતો છુપાતો જતો હોય તેની ઉપર શંકા જતા તેને રોકી લઈ તેની પુછપરછ કરતા તેને પોતાનું નામ સંજયભાઈ બાબુભાઈ વસાવા રહે. કાલીયાપુરા,રાજપારડી તા.ઝઘડીયાનો હોવાનું જણાવેલ જેના હાથમાના મિણીયા થેલામા જોતા ડ્રીપ ઈરીગેશનને લગતો સામાન વેન્યુરી પાઈપ-૦૧, એર વાલ્વ-૦૧, બોલ વાલ્વ-૦૧, ૪-ની ટી-૦૧, ૨-ની પાઈપ એર વાલ્વ સાથે-૦૧ જેટલો સામાન આશરે કિ.રૂ.૬૮૦૦/- નો મળી આવેલ જે પકડાયેલા ઈસમને તેની પાસેના ડ્રીપ ઈરીગેશનને લગતા સામાન બાબતે પુછપરછ કરતા જણાવેલ કે હું તથા મારા સાથીદાર સંજયભાઈ શનાભાઈ વસાવા રહે.પીપદરા તથા વિજયભાઈ જયંતીભાઈ વસાવા રહે. પીપદરા નાઓએ ડ્રીપ ઈરીગેશનને લગતો સામાન અગાઉ કૃષ્ણપરી ગામની સીમમાંથી ચોરી કરેલ હતો અને અમો ત્રણેય જણાએ ચોરેલ સામાનનો સરખો ભાગ પાડી દીધેલ હતો. જેથી સદર પકડાયેલા ઈસમને પોલીસ સ્ટેશન લાવી સઘન પુછપરછ કરતા તે ભાંગી પડેલો અને અગાઉ રઝલવાડા ગામેથી મોબાઈલ ટાવર ઉભા કરવા માટેના પાઈપો ચોરી કરેલાનું કબુલાત કરતો હોય જે પાઈપો પૈકી બે પાઈપો બતાવેલ જગ્યાએથી રીકવર કરવામાં આવેલ છે જેની આશરે કિ.રૂ.૪૯,૪૭૮/-જેટલી ગણવામાં આવેલ છે. આમ ચોરીએ ગયેલ મુદામાલ પૈકી રીકવર કરેલ મુદામાલની કુલ કિ.રૂ. ૨૬,૨૭૮/- ગણવામાં આવેલ છે.

મંદિરની ગ્રીલ તોડીને દાન પેટીમાંથી ૧૦થી ૧૫ હજાર રૂપિયાની ચોરી

ભરૂચ

ભરૂચના અયોધ્યા નગરમાં આવેલા સંતોષી માતાના મંદિરમાં ચોરીની ઘટના બની છે. મંદિરના પાછલા ભાગમાં આવેલી ગ્રીલનું તાળું તોડી સ્ટીલની દાન પેટી લઈ તસ્કરો ફરાર થઈ ગયા હતા. ચોરીના પગલે મંદિર સંચાલકોએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. એક અઠવાડિયા પહેલાં જ સંચાલકોએ મંદિરના કામ અર્થે રૂપિયાની જરૂર પડતા દાન પેટી ખાલી કરી હતી. ૧૦ થી ૧૫ હજારની ચોરી થઈ હોવાની મંદિર સંચાલકોને આશંકા છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્સિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

રાજપીપળાને અડીને આવેલા ભચરવાડા રોડ ખખડધજ હોવાથી વારંવાર અકસ્માત



● ભચરવાડા સર્વિસ રોડ પરથી હાઈવે પર જતો માર્ગ ચોમાસામાં બેસી જતા છાસવારે અકસ્માત થાય છે

● ચોમાસા દરમિયાન ૩ અકસ્માતમાં ૨ના મોત થવા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં હોય હજુ કેટલાનો ભોગ લેવાશે?

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

રાજપીપળાથી અંકલેશ્વર જતા હાઈવે માર્ગ ઉપર અનેક જગ્યાઓએ મસમોટા ભુવા હોય લાંબા સમય થી આ માર્ગ નું ગોકળગાય ની ગતિએ કામ ચાલતું હોય વાહન ચાલકો હેરાન થાય છે.

આજ રીતે રાજપીપળાને અડીને આવેલા ભચરવાડા તરફ જતા રોડ ની પણ તત્કાલ મરામત જરૂરી હોય વારંવાર ખરાબ રોડના કારણે આ માર્ગ પર અકસમતો થાય છે ચોમાસા દરમિયાન આ માર્ગ પર ત્રણ અકસ્માત થયા જેમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છતાં તંત્ર જાણે હજુ બીજાના ભોગ લેવાય તેવી રાહ જોઈ રહી હોય તેમ આ માર્ગની મરામત બાબતે કોઈ કામગીરી થતી ન હોય ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.માટે રાજપીપળા થી અંકલેશ્વર તરફનો હાઈવે અને અન્ય ગામોમાં જતા સર્વિસ માર્ગો વહેલિતકે બને તેવી માંગ ઉઠી છે.

સરકાર વિકાસના નામે ફક્ત વોટબેંક જ ઉભી કરતી હોય એમ લાગે છે : ગ્રામજનો

સરકાર લાઈટો, રસ્તા સહિતની પાયાની સુવિધાની મોટી વાતો કરે છે પરંતુ જ્યાં નવા માર્ગો બનાવ્યા છે એ બહુ ટકતા નથી જેનું કારણ ગુણવત્તા બાબતેની કોઈ ચકાસણી થતી નથી જેના કારણે થોડાજ સમયમાં માર્ગ બિસમાર થઈ જતા હોય છે જ્યારે અમુક વિસ્તારોમાં હજુ પગદંડી કાચા માર્ગો જ યથાવત જોવા મળતા હોય ખરેખર જ્યાં વિકાસની જરૂર છે ત્યાં સરકાર ખાલી આશ્વસનોજ આપે છે.માટે ભચરવાડા સર્વિસ રોડ થી હાઈવે પર જતો માર્ગ ચોમાસામાં બેસી ગયો હોય છાસવારે અકસ્માત થતા હોય વહેલીતકે મરામત જરૂરી છે.

કેવડિયા નજીકના વાગડીયા ગામના પુલ નીચે બોટમાં કલર કામ કરનાર વ્યક્તિનું પડી જતા મોત



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડિયા પાસે આવેલા વાગડીયા ગામના પુલ નીચે બોટમાં કલર કામ કરી રહેલા વિજયકુમાર રામધની બીંદ(૩૦) રહે.બીટી તા.જી.અલ્હાબાદ (યુ.પી) કલર કામ કરતા બોટ માંથી પડી જતા માથામાં ગંભીર ઈજા થઇ હોય સારવાર અર્થે રાજપીપળા સિવિલમાં લેવાયો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થતા કેવડિયા પોલિસે અ. મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

૯ વર્ષીય બાળકી સાથે અડપલાં કરનાર ૬૦ વર્ષીય વૃદ્ધને ૩ વર્ષની સજા



સુરત

વલસાડ સેશન્સ કોર્ટે ગત રોજ પોસ્કોના કેસમાં ૬૦ વર્ષીય વૃધ્ધને ૩ વર્ષની સજા ફટકારતો હુકમ કર્યો હતો. વાપીની એક ૯ વર્ષીય બાળાને તેના પડોશમાં દરરોજ રમવા જતી બાળાને એપાર્ટમેન્ટ પાછળ લઇ જઈને અશ્લિલ ફોટા બતાવી અડપલાં કરનાર વૃધ્ધ વિરૂધ્ધ નોંધાયેલા કેસની અંતિમ સુનાવણીમાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી એડિશનલ સેશન્સ જજ એમ.આર.શાહે આરોપીને દોષિત ઠેરવી વિવિધ આઈપીસી હેઠળની કલમમાં ત્રણ વર્ષની સજા એક સાથે ભોગવવા હુકમ કર્યો છે.

બાળા સ્કૂલેથી આવી જમી પરવારીને જ્યારે પણ રમવા માટે બહાર નીકળતી ત્યારે ફલેટ સામે રહેતા આરોપી ઈશ્વર છગનલાલ પાંચાલ બાળાને અશ્લિલ ફોટા બતાવી તેની સાથે એકાંતમાં અડપલાં કરતો હતો. માનસિક વિકૃત્તી ધરાવતા આરોપીએ એપાર્ટમેન્ટ પાછળ લઇ જઈને તેને દરરોજ અભદ્ર વર્તુણંક કરી જો કોઈને કહેશે તો તારા મમ્મી પપ્પાને મારીશ અને મમ્મીને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપીને બાળાને ડરાવતો હતો.૧૪ માર્ચે ૨૦૧૯ના રોજ પણ તેણે આવું કર્યું હતું ત્યારે માતાએ બાળકીને સમજાવી પૂછતા બાળકીએ વૃધ્ધની કરતૂત કહેતા માતાએ વૃધ્ધ સામે ફરિયાદ નોંધાવી હતી.

વૃક્ષ સાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી

અંકલેશ્વર

અંકલેશ્વર નજીક આવેલા સાગબારા ફાટક પાસેથી લીમડાના વૃક્ષ સાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળ્યો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ પર દોડી ગઇ છે. અને આ મમલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક ગિરીશ ઉકડ વસાવા નામના યુવાનનો હોવાનું જાણવા મળ્યું છે અને પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો છે. અંકલેશ્વર તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચીને હત્યા છે કે, આત્મહત્યા તે જાણવા તજવીજ હાથ ધરી છે.

ધોરણપારડીમાં ટેમ્પામાંથી ૧૮ પશુઓને મુક્ત કરાયા

પશુઓને કતલ માટે લઈ જનાર ટેમ્પા ચાલકની ધરપકડ

સુરત

કામરેજ-ધોરણ પારડી ગામમાંથી પસાર થતા એક ટેમ્પામાંથી પોલીસે ૧૮ પશુઓને મુક્ત કરાવી ટેમ્પા ચાલકની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ધોરણ પારડી વિજય પેટ્રોલ પંપ પાસેથી ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના નવાગામ કરારવેલ ખાતે રહેતા પોપટભાઈ અલગોતર પોતાના આઈસર ટેમ્પામાં (જીજે-૧૩-એડ્બ્લ્યુ-૩૪૭૦) ૧૦ ગાયો અને ૦૮ વાછરડાઓ મળી કુલ ૧૮ પશુઓને પાણી કે ઘાસચારાની સુવિધા વિના એક સ્થળેથી બીજા સ્થળે લઈ જતા હતા. ત્યારે કામરેજ પોલીસ મથકના રાહુલભાઈ જગદીશભાઈએ તેમનો આઈસર ટેમ્પો રોકી ૧૮ પશુઓને મુક્ત કરાવી ચાલકની ધરપકડ કરી હતી. સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર વિના પશુઓને લઈ જનાર ચાલક સામે પશુ ક્રૂરતા અધિનિયમ મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ૧૮ પશુઓની કિંમત રૂા.૧.૪૦ લાખ થાય છે.

નર્મદા જિલ્લામા ઉત્તરાયણમાં દોરાથી ઘવાયેલા ૧૧ જેવા પક્ષીઓને સારવાર અપાઈ

ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બે દિવસો દરમિયાન પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થયેલા ૧૧ જેટલા કબુતર અને બગલાને પશુ ચિકિત્સા સ્ટાફ દ્વારા સારવાર અપાઈ

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા



નર્મદા જિલ્લો ખાસ કરીને જંગલોથી ઘેરાયેલો છે અહી પશુ પક્ષીઓની સંખ્યા પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે ત્યારે ઉત્તરાયણના તહેવારોને અનુલક્ષીને સરકાર દ્વારા તા.૧૦ જાન્યુઆરી થી તા. ૨૦ જાન્યુઆરી સુધીના દિવસોમાં કરૂણા અભિયાન અંતર્ગત જનજાગૃતિના કાર્યેક્મો હાથ ધરવામાં આવ્યા હોય ઉતરાયણના તહેવારોમા પતંગની ધાતકી દોરીથી અનેક પક્ષીઓ ભોગ બની જીવ ગુમાવતા હોવાના બનાવો બની રહ્યા છે ત્યારે આ પક્ષીઓ ઉત્તરાયણના દરમિયાન પતંગ દોરીનો ભોગ ન બને તે માટે પક્ષીઓની વાહરે અનેક જીવદયા પ્રેમી સંસ્થાઓ પણ બચાવ કાર્ય માં આગળ આવી છે સરકાર દ્વારા કરુણા અભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવેલા જનજાગૃતિ કાર્યેક્મ હેઠળ જિલ્લામા તંત્ર દ્વારા ઠેર ઠેર રેલીઓ કાઢીને ઉતરાયણના તહેવારને અનુલક્ષીને તંત્ર દ્વારા પતંગની દોરીથી ઘાયલ પક્ષીઓ માટે પોઈન્ટ ઉભા કરવામા આવ્યા હતા અને તંત્રએ ખડેપગે સેવા બજાવી હતી.

નર્મદા જિલ્લામા ઉતરાયણના બે દિવસો દરમિયાન અનેક પક્ષીઓ પતંગની દોરીનો ભોગ બનવાના બનાવો બનવા પામ્યા હતા ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણનાબે દિવસો દરમિયાન ૧૧ જેટલા પક્ષીઓમાં કબુતર અને બગલા પતંગની દોરીનો ભોગ બનતા તેઓ ગંભીર રીતે ઘવાતા તેમને સારવાર અર્થે રાજપીપળા પશુ દવાખાને લાવવામાં આવ્યા હતા જ્યાં પશુ ચિકિત્સક ની ટિમ દ્વારા સારવાર અપાઈ હતી.રાજપીપળા પશુ દવાખાના ખાતે દોરાથી ઘવાયેલા ઈજાગ્રસ્ત ૧૧ જેવા કબુતર અને બગલાના કેસ નોધાયા હતા.

કેવડિયામાં બની રહેલ એશિયાના સર્વપ્રથમ ગ્રીન રેલ્વે સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કરવા પિયુષ ગોયેલ મુલાકાતે આવશે

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા



કેવડિયામાં બની રહેલ એશિયાના સર્વપ્રથમ ગ્રીન રેલ્વે સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કરવા પિયુષ ગોયેલ મુલાકાતે આવશે

કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયેલ સવારે ૭.૩૦ વાગે કેવડીયા આવી પોહચશે. ત્યારબાદ કેવડિયામાં બનનાર એશિયાના સર્વપ્રથમ ગ્રીન રેલ્વે સ્ટેશન અને વડોદરા કેવડિયા રેલવેનું નિરીક્ષણ કરશે જે કાર્યક્રમ આવતા રેલવે વિભાગમાં દોડધામ મચી ગઈ છે અને તાત્કાલિક તૈયારીઓ માં લાગી ગયા છે .

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હાલમાં નવા રેલવે સ્ટેશનનું કામ ચાલી રહ્યું છે.જેમાં કેન્દ્રીય મંત્રી પિયુસ ગોયેલ સવારે હેલિકોપટર માર્ગે આવવાના છે. જેઓ તમામ કામગીરીનું નિરીક્ષણ કરશે.

અત્રે ઉલ્લખનીય છે કે જમીન સંપાદન થી લઈને અન્ય કામો બાકી હતા ત્યારે કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી અંગાડી થોડા દિવસો પહેલાં અહીં આવીને ગયા હતા ત્યારે સાંસદ ગીતાબેન રાઠવા,ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાને પણ હાજર રાખી જરૂરી સમસ્યા વહેલી તકે હલ કરવાની સૂચના આપી ગુસ્સે થઈને ગયા હતા.હવે આજે શુક્રવારે કેન્દ્રના રેલવે મંત્રી પિયુષ ગોયલ ખાસ આવશે જે વહેલી સવારે ૭:૨૦ સૌ પ્રથમ વખત કેવડીયાકોલોની આવશે અને સૌ પ્રથમ તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે અને ત્યારબાદ તેઓ સીધા જ કેવડીયા નવા રેલવે સ્ટેશન નું કામ ચાલુ છે ત્યાં જશે અને તેની મુલાકાત લેશે ત્યારબાદ પોણા નવ વાગે પરત થઈ જશે તેમની ટૂંકી વિઝીટને લઈને રેલવે વિભાગમાં ફફળાટ સાથે દોડધામ મચી ગયો છે.

સમગ્ર ગુજરાતમાં નવસારી સૌથી ઠંડુ : ૫.૩ ડીગ્રી તાપમાન

દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશાથી પવન ફુંકાતા શીત લહેર : સુરતમાં ૧૨.૭ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું

સુરત

સમગ્ર ઉત્તર ભારતમાં હિમવર્ષાના લીધે રાજ્યમાં શીત લહેર ફરી વળી છે. છેલ્લા બે દિવસથી શહેરમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના ૧૦ શહેરોમાં ન્યુનતમ તાપમાનનો પારો ૧૦ ડીગ્રીથી નીચે નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી નવસારીમાં ૫.૩ ડીગ્રી રેકોર્ડ થઈ છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૨.૭ ડીગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીમાં આજે ૧ ડીગ્રી તાપમાન ઓછું નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૭ મિલીબાર નોંધાયું છે. ઉત્તર દિશાથી કલાકના ૫ કિલોમીટરની સરેરાશથી ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૫.૩ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ નવસારીનું ન્યુનતમ તાપમાન ૯.૨ ડીગ્રી નોંધાયું હતું. એક જ દિવસમાં સડસડાટ ૪ ડીગ્રી તાપમાનનો પારો ગગડી પડતા નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરમાં સમગ્ર ગુજરાત સપડાયુ છે. ગત રાત્રિ દરમિયાન રાજ્યના ૧૦ શહેરોમાં ન્યુનતમ તાપમાનનો પારો ૧૦ ડીગ્રીથી નીચે સીંગલ ડિજીટમાં નોંધાયું છે. નવસારીમાં ૫.૩ ડીગ્રી બાદ નલીયામાં ન્યુનતમ તાપમાન ૫.૮ ડીગ્રી નોંધાયું છે.

ઉત્તર ભારતમાં રેકોર્ડબ્રેક હિમવર્ષાના લીધે આગામી બે ત્રણ દિવસ રાજ્યમાં શીત લહેર યથાવત રહેશે. આગામી બે ત્રણ દિવસ શહેરીજનોને ફુલગુલાબી ઠંડીનો અનુભવ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં આજે લઘુતમ તાપમાન ૫.૩ ડીગ્રી નોંધાયું છે અને ભૂતકાળના રેકોર્ડ મુજબ નવસારીમાં તા.૨૭-૧૨-૨૦૧૮ના રોજ સૌથી ઓછુ ૪.૫ ડીગ્રી તાપમાન નોંધાયું હતું અને તા.૧૮-૧-૧૯૯૮માં ૬.૫ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે તા.૯-૨-૨૦૧૨માં ૬.૨ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હોવાનું નવસારી કૃષિ યુનિ.ની વેધશાળા દ્વારા જણાવાયું હતું.

સમગ્ર નર્મદા જિલ્લામાં હાડ થીજાવતી ઠંડીના કારણે લોકો ઠુઠવાયા,લોકોએ તાપણાનો સહારો લીધો



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

સમગ્ર ગુજરાતમાં ગુરુવારે આકરી ઠંડીની ચાદર પથરાઈ હતી જેમાં નર્મદા જિલ્લાનો ચાલુ શિયાળા નો સૌથી કોલ્ડ ડે રહ્યો હતો.

સમગ્ર રાજ્યમાં ઠંડા પવનો ફૂંકાતા નર્મદામાં આકરી ઠંડીનો અનુભવ થયો હતો.અને હજુ સમગ્ર ગુજરાતમાં આગામી પાંચ દિવસ કોલ્ડ વેવની હવામાન ખાતાની આગાહી છે.ત્યારે હજુ બાકીના દિવસો કેવી ઠંડી પડશે એ વિચારી લોકો ફફડી રહ્યા છે.આકરી ઠંડીના કારણે ગરમ વસ્ત્રોનું વેચાણ અચાનક વધી ગયું છે.ત્યારે આમ અચાનક વાતાવરણ ઠંડુ થતા લોકોએ ઠેર ઠેર તાપણાનો સહારો લઈ ઠંડી સામે થોડીક રાહત મેળવી હતી.સાથે કામ વગર બહાર નિકળવવાનું પણ ટાળ્યું હતું.અચાનક વાતાવરણ માં ઠંડક પ્રસરતા ઘરકામ કરતી ગૃહિણીઓ તેમજ વહેલી સવારે પેપર કે દૂધ આપવા જતા લોકોની હાલત કફોડી બની હતી.

પર્સનલ લોન આપવાના બહાને હીરા દલાલ સાથે ૬૯ હજારની ઠગાઈ

હીરા દલાલે ઓટીપી નંબર જણાવી દેતા બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન ખરીદી

સુરત

ઉત્રાણ લેક ગાર્ડન ગોવિંદ પાર્ક સોસાયટીમાં રહેતા એક હીરા દલાલના મોબાઈલ ફોન પર પર્સનલ લોન મળશે તેવુ જણાવી ઓટીપી નંબર મેળવી લઈ ક્રેડીટ કાર્ડ દ્વારા ૬૯,૪૫૮ની ખરીદી કરી વિશ્વાસઘાત કરી આરોપી ફરાર થઈ ગયો હતો. અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉત્રાણ લેક ગાર્ડન ગોવિંદ પાર્ક સોસાયટીમાં અમરીશ જોષી રહે છે. તેઓ હીરા દલાલ છે. ગત તા.૨૫મી જાન્યુઆરીના રોજ તેમના મોબાઈલ ફોન પર અજાણ્યા વ્યક્તિએ ૭૦ હજારની પર્સનલ લોન મળશે તેવુ જણાવી તેમના મોબાઈલ ફોન પર ઓટીપી નંબર મોકલ્યો હતો. ત્યારબાદ તેમની પાસેથી ઓટીપી નંબર મેળવી આઈપીએફસી ફર્સ્ટ બેંકના ક્રેડીટ કાર્ડ દ્વારા ૬૯,૪૫૮ રૂપિયાની ઓનલાઈન ખરીદી કરી વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.